કુમાર

સળંગ ૬૩૯મો અંક

આવતી
કાલનાં
નાગરિકો
માટેનું
માસિક


સંસ્થાપક
રવિશંકર
રાવળ

વર્ષ ૫૪મું
અંક ૩જો
માહે માર્ચ
ઇસ્વીસન
૧૯૭૭

તંત્રી
બચુભાઈ
રાવત



સૂર્યદીપ · રતિલાલ નાયક (જુઓ આ અંકની 'કલાવાર્તા') સર્જિત ૨૬ કિલોગ્રામ વજનના પિત્તળના એક કલા-કલ્પના-ખચિત દીપનું રેખાંકન



ભગવાન મહાવીરનું ધર્મપ્રવચન (કલાકાર: વાસુદેવ સ્માર્ત) અમદાવાદના શેઠ ચી. ન. વિદ્યાવિહાર માટે કરેલા આ ભીંતચિત્રમાં પોતાની લાક્ષણિક ભારતીય ચિત્રશૈલી દ્વારા કલાકારે ધર્મપ્રવચનના પ્રભાવને સુંદર રીતે પ્રકટ કર્યો છે. વાદળછાયા આકાશ અને વિધવિધ વૃક્ષોથી શોભતી પ્રકૃતિની વચ્ચે માનવીએ રચેલા પ્રાસાદ ને હોજ વગેરે દ્વારા એમણે પ્રાકૃતિક અને માનવીય સૃષ્ટિનો, સાધુ-સાધ્વી ને શ્રાવક રાજવી કે શ્રેષ્ઠી દ્વારા સામાજિક સ્તરનો, ને પોતાની હિંસક વૃત્તિ ભૂલીને અહિંસક પ્રાણીઓ સાથે ભળી ગએલાં પંખીપ્રાણીઓ વગેરેનો સમન્વય બતાવી કલાકારે ધર્મપ્રવચનના પ્રભાવનો વ્યાપ સૂચવ્યો છે, તો બીજી બાજુ રંગ અને આકારઆકૃતિઓના સુંદર સમન્વય વડે એમણે પોતાની ચિત્રશક્તિનો પણ પરિચય આપ્યો છે.

કુમાર

માર્ચ ૧૯૭૭ · અંક ૬૩૯

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ શિ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

કનકેશ્વર મહાદેવના અવશેષો

કરકથળ (સં. 'કર્કસ્થલ')ના પ્રાચીન કનકેશ્વર મહાદેવના મંદિરના આ બે અવશેષો છે. ગામના લોકો તેને એક હજાર વર્ષ જૂનું માને છે. હમણાં તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો ત્યારે નંદી, ગણપતિ આદિ પ્રતિમાઓની મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા કરી તથા મંદિર પરના ઘુમ્મટો



ચિત્ર ૧: પદ્મનાભ પ્રકારનું વિતાન

(વિતાન) નવા બનાવ્યા. પુરાણા મંદિરના વિતાન આજે પણ તેની પ્રાચીનતાની સાક્ષીરૂપ દૃષ્ટિગોચર થાય છે. આબુના દેલવાડાનાં દહેરાંનાં વિતાન આરસમાંથી કંડારેલાં છે, પણ આ વિતાન ખરતા પથ્થરમાંથી બહારની બાજુ કંડારેલાં છે તે તેની વિશિષ્ટતા છે. (ચિત્ર ૧) એ પદ્મનાભ જાતિનું વિતાન કહેવાય છે. આખા



ચિત્ર ૨: ક્ષિપ્તાનુક્ષિપ્ત વિતાન

પથ્થરમાંથી કંડારેલું દ્વિતીય વિતાન (સંભવતઃ) ક્ષિપ્તાનુક્ષિપ્ત પ્રકારનું વિતાન છે (ચિત્ર ૨). આ પ્રકારના ખરતા પથ્થરમાંથી બનાવેલાં વિતાનયુક્ત મંદિરો ગુજરાતમાંથી નહિવત્ મળે છે. આ બે વિતાન વિશાળ મંદિરની યાદી આપે છે. મંદિરના બહારના મંડપના સ્તંભ પરની નર્તકીનો પણ એક અવશેષ મળ્યો છે. કરકથળ વીરમગામ નજીક આવેલું છે. આ મંદિરના હજુ પણ બીજા અવશેષો આજુબાજુથી મળવાની શક્યતા છે. કરકથળ ('કર્કસ્થલ') કર્કરાજના નામ પરથી પડવાની શક્યતા છે.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

વિનોદ ભટ્ટનાં ચરિત્રણો અને...

શ્રી વિનોદ ભટ્ટના કટાક્ષયુક્ત ઉત્તમ પરિચય-લેખો વાંચી આનંદ થાય છે. તેમાંયે શેખઆદમ આબુવાલાનું ચરિત્રણ સુંદર હતું. એ માટે ભાઈ વિનોદને અભિનંદન. શ્રી વિનોદ ભટ્ટની માર્મિકતા વાંચી અમને શામળ ભટ્ટ યાદ આવે છે. શામળ ભટ્ટની જેમ વિનોદ ભટ્ટ પણ ઉત્તમ હાસ્યલેખક ને ઉત્તમ કટાક્ષકાર છે. જાણે શામળ ભટ્ટનો આધુનિક અવતાર!

શ્રી ઈશ્વર પેટલીકરના ચરિત્રણમાં શ્રી પેટલીકર મંદિરમાં જતા નથી તે બાબતમાં એમના જીવનમાં ક્રાન્તિકારી સ્વ. નરસિંહભાઈ પટેલની ઘણી અસર છે. નરસિંહભાઈએ 'ઈશ્વરનો ઈનકાર' નામનું ક્રાન્તિકારી પુસ્તક લખ્યું છે. તેની અસર શ્રી પેટલીકર પર પડી હોવી જોઈએ.

શ્રી નરસિંહભાઈ પટેલ 'પાટીદાર' માસિક ચલાવતા હતા. તેમની પછી પેટલીકરે 'પાટીદાર'નું તંત્રીપદ શોભાવ્યું, ને તે માસિકનું પછી 'સંસાર' માસિકમાં રૂપાંતર કર્યું. સ્વ. શ્રી નરસિંહભાઈનો સામાજિક સુધારણાનો પાશ શ્રી પેટલીકરને સારી રીતે લાગ્યો છે.

ડૉ. મધુસૂદન પારેખનું સુંદર શબ્દચિત્ર વાંચ્યું. શ્રી મધુસૂદનભાઈના પિતાશ્રી સ્વ. સાક્ષર શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ સુંદર વ્યક્તિત્વવાળા, ગોરા વાનના ને સદા હસતા મુખવાળા ટીખળી ને મજાકી હતા. ખાવાપીવા ને વાતચીતના બડા શોખીન હતા. એમનો વારસો શ્રી મધુસૂદનના સ્વભાવ ને લખાણમાં ઊતર્યો છે. સાક્ષર શ્રી હીરાલાલ પારેખ પ્રેમાભાઈ હૉલવાળી ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (હાલ ગુજરાત વિદ્યાસભા)ના સહાયક મંત્રી હતા અને તેના માસિક 'બુદ્ધિપ્રકાશ'ના પણ તંત્રી ઉપરાંત અમારી વણિક જ્ઞાતિના માસિક-પત્ર 'લાડ પત્રિકા'ના પણ તંત્રી અને પ્રકાશક હતા. હું એમના પરિચયમાં ઘણી વખત આવ્યો હતો.

મારા હાસ્ય-કટાક્ષના બે લેખો 'જરા વિચાર કરીએ' અને 'દર્શન–મનન' વાંચી મને કહેલું 'શામળ ભટ્ટનું હાસ્ય તમો ઉપજાવી શકશો?' મેં કહ્યું હતું: 'એ મારું ગજું નહિ. હમણાં તો શ્રી જ્યોતીન્દ્ર દવે ને મસ્ત ફકીર છે. ભવિષ્યમાં ગુજરાતી સાહિત્યમાં બીજા અનેક હાસ્યલેખકો પાકશે જ.'

અને એના પરિપાક રૂપે અત્યારે આપણી પાસે ડૉ. મધુસૂદન પારેખ અને શ્રી વિનોદ ભટ્ટ હાજર છે. ગુજરાતી સાહિત્યને કેવી અણમોલ ભેટ મળી રહે છે!

(સાબરમતી) —ઈન્દ્રવદન દેસાઈ

'વિનોદની નજરે'

ગુજરાતના જાણીતા હાસ્યલેખક અને તાજેતરમાં શ્રી જ્યોતીન્દ્ર દવે–પારિતોષિક-વિજેતા બનેલા શ્રી વિનોદ ભટ્ટની કલમે શરૂ થએલી ઉપર્યુક્ત લેખમાળા અમારી શાળાના સાહિત્યવર્તુળને ખૂબ પસંદ પડી. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારોનો પરિચય હળવી શૈલીમાં શ્રી વિનોદ ભટ્ટે સચોટરીતે રજૂ કર્યો છે. આ શ્રેણી મિત્ર-વર્તુળમાં એટલી તો આકર્ષક બની છે કે પહેલાં રાજકારણમાં 'નેહરુ પછી કોણ?' એ પ્રશ્ન જેટલો ચર્ચાસ્પદ બનેલો તેટલો 'હવે પછીના અંકમાં કોણ?' અથવા વિનોદની કલમનો ગોદો કોને વાગશે (કે પછી કુંકુમતિલક થશે!) તેના તર્ક-વિતર્કમાં અમે પડી જઈએ છીએ. પાનું ખોલતાં જ શિવનું ઠઠ્ઠાચિત્ર એક અટ્ટહાસ્ય પ્રસરાવી જાય છે જે ઉલ્લેખનીય અને પ્રશંસનીય છે. એક સૂચન કરીએ? ઠઠ્ઠાચિત્ર સાથે સાથે સાહિત્યકારનો મૂળ ફોટોગ્રાફ અને હસ્તાક્ષર મૂકવામાં આવે તો કટાર વધુ જીવંત બનવા સંભવ છે.

(પાટણ) –કૃષ્ણલાલ મોદી અને મિત્રો

'વિનોદની નજરે'

'કુમારે 'વિનોદની નજરે' વિભાગ શરૂ કરી એક નવું છોગું ધારણ કર્યું છે. અભિનંદન. ભાઈ શેખાદમ પણ મિત્ર છે. ભાઈ વિનોદે જે કાંઈ રજૂઆત કરી છે તેમાં નરવા સત્યનો રણકો છે. ગુલાબદાસ બ્રોકરનું રેખાચિત્ર ને કૅરિકેચર પણ ખૂબ ગમ્યું હતું. ભાઈ વિનોદ ભટ્ટની 'સંદેશ' માટે ચાલતી કલમ 'કુમાર'માં કેવી પ્રૌઢી ધારણ કરે છે! લેખકને મારાં અભિનંદન.

(સિદ્ધપુર) —રામપ્રસાદ ર. જાની

કૅરિકેચર

'વિનોદની નજરે' લેખશ્રેણીમાં 'કૅરિકેચર' લખવામાં આવે છે તે 'કૅરિકચર' લખવું જોઈએ. ગુજરાતી 'ઠઠ્ઠાચિત્ર' લખાય તો વધુ સારું.

રમેશ શાહને તેની 'રોજ રોજ' વાર્તા (ઑગસ્ટ) બદલ અભિનંદન. 'કુમાર'માં જૂના લોકસાહિત્યની એકાદ કૉલમ આવે તો કેવું સારું! 'કુમાર' વાંચવું ખૂબ ગમે છે.

(વેરાવળ) — જે. એમ. જોશી

ગાંધીજીને પત્ર

'કુમાર'ના દીપોત્સવી અંકમાં કેટલાક પ્રશ્નોમાં સ્વ. ચન્દ્રશંકર ભટ્ટના જીવનપ્રસંગ અંગે શ્રી. રમણલાલ એન્જિનિયરના પત્રનો ખુલાસો આ પ્રમાણે છે: સરભાણના પોલીસ થાણાની લૂટમાં એક પોલીસનું આકસ્મિક અવસાન થયું તે હિંસા કહેવાય કે નહિ તે સંબંધે સ્વ. ચંદ્રશંકરભાઈએ ગાંધીજીને પત્ર લખીને તેમની

સલાહ માગેલી. ગાંધીજી તે વખતે પંચગની જ હતા. સુ. ચંદ્રશંકરભાઈએ મને આ પ્રમાણે અગાઉ માહિતી આપી હતી, અને ગઈ કાલ ફરી તેમને પૂછતાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગાંધીજીને તેમણે ને છોટુભાઈ પુરાણીએ મળીને પંચગની પત્ર લખેલો અને ત્યાંથી જ ગાંધીજીનો જવાબ આવેલો. એટલે આ બાબતમાં ગેરસમજને કોઈ જ અવકાશ નથી.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

શવાસનથી ફાયદો થયો

ઘણા સમયથી હું અ-નિદ્રાથી પીડાતો હતો, તેમાં 'કુમાર'ના ૬૩૨મા અંકમાં માધુકરી વિભાગમાં 'શવાસન' વિષે વાંચ્યું. પહેલાં તો વિશ્વાસ ન બેઠો, પણ એક અખતરા ખાતર રાત્રે શવાસનનો પ્રયોગ કરી જોયો. મારા આશ્ચર્ય વચ્ચે મને ઘસઘસાટ ઊંઘ આવી. એક ઊંઘે જ સવાર પડી ગયું ને ઊંઘ સારી આવે એટલે બીજો દિવસ સારો જાય એ તો સ્વાભાવિક છે. હવે તો રાત્રે સૂતી વખતે દરરોજ હું પ્રયોગ કરું છું. 'કુમાર'માં આપશ્રી સૂર્યનમસ્કાર, પ્રાણાયમ અને બીજાં યોગાસનો વિષે આપશો તો હિતકારક રીતે ઉપયોગી થઈ પડશે.

(વીરમગામ) —ચદ્રકાંત મોતીલાલ શુક્લ

[*બીજાં યોગાસનો તથા પ્રાણાયામ વિષે 'કુમાર'માં લેખમાળાઓ આવેલી ને તે 'યોગાસન' પુસ્તક રૂપે બહાર પડીને તેની પાંચ આવૃત્તિઓ થઈ ગઈ છે. નવા ઉમેરા સાથેની છઠ્ઠી આવૃત્તિ છપાય છે. જે એકાદ મહિનામાં પ્રકટ થશે.]

પ્રાચીન સિક્કા

આપના 'કુમાર'માં 'પ્રાચીન સિક્કા' પરના લેખોમાંથી ઘણી સ્પષ્ટ અને ઉપયોગી માહિતી મળે છે. ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસના અભ્યાસીઓ, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ માટે આ માહિતી ખૂબ જ ઉપયોગી છે. ગુજરાતીમાં 'ભારતીય સિક્કા' કે 'પ્રાચીન સિક્કા' જેવું કોઈ પુસ્તક ઉપલબ્ધ નથી. તૈયાર થાય તો ગુજરાતી પ્રજાની મોટી સેવા થએલી ગણાય. ગુજરાતની ભાવિ પ્રજા એનો લાભ ઉઠાવી શકે તે માટે કંઈ કરશો એવી આશા સાથે વિરમું છું.

(ભરૂચ) —જયેશકુમાર શાહ

કરોળિયાની દવા

૬૩૬મા અંકમાં 'ડૉક્ટરની સલાહ' વિભાગમાં કરોળિયાની દવા બતાવેલી છે. તેમાં લખ્યું છે કે 'કોઈ એક મલમ અસરકારક નથી'. પણ કરોળિયાની અસરકારક દવા આયુર્વેદમાં છે કે જે દવા મારા ચાર દર્દીઓ ઉપર મેં અજમાવેલી અને પરિણામ ઘણું સારુ મળેલું. આ દવા નીચે મુજબ છે: (૧) ચંડમારુત—માખણમાં મેળવી ઘૂંટી મલમ બનાવી લગાવવો. (૨) મહામંજિષ્ઠાદિ ક્વાથ—યોગ્ય માત્રામાં પીવો. (૩) સાબુ ન લગાવવો ને ચણાના લોટથી અંગ સાફ કરવાં.

(અમદાવાદ) —જગદીશ વહેરા

ઊંચામાં ઊંચું

અંક ૬૩૨માં 'સારણી-સંદોહ'માં 'ઊંચામાં ઊંચું મકાન: એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, ૧૨૫૦ ફૂટ ઊંચું (ટી.વી. ટાવર સાથે ૧,૪૭૨ ફૂટ) ન્યૂ યૉર્ક' એમ છપાયું છે. પરંતુ Manorama Year Book 1975માં આમ છે:

Tallest Building: Sears Tower, Chicago—1454 feet in height with 110 floors. Total esimated cost 159 million (Rs. 112. 60 crores)–Higher than the Empire State Building (1250 feet) and World Trade Center (1350 feet) both of which are in New York.

આમ ઊંચામાં ઊંચું મકાન શિકાગોમાં છે. ટાવરની ઊંચાઈ મકાન સાથે ન ગણી શકાય એમ હું માનું છું.

(ઘાટકોપર) —સંદીપ જયંતીલાલ દવે

બૉલ-પેનના ડાઘ

'કુમાર'માં ગૃહઉપયોગી માહિતી આવે છે. તેના અનુસંધાનમાં જણાવવાનું કે ગરમ કપડાંમાં બૉલ-પેનની શાહીના ડાઘા પડી ગયા હોય તો તે કેમ દૂર કરી શકાય તે વિષેની માહિતી આપ જણાવશો તો આભારી થઈશ.

(રાજકોટ) —જયેન્દ્રા જોશી

જૂના અંકો જોઈએ છે

મારે 'કુમાર'ના ૧૯૭૫ની સાલથી માંડી પાછળનાં ૧૦ વર્ષનાં 'કુમાર' જોઈએ છે. કોઈ બે-પાંચ વર્ષના અંકો આપવા તૈયાર હશે તો પણ લઈ લઈશ. કિંમત નીચેને સરનામે જણાવશો: વલ્લભદાસ ગોકળદાસ, મહાદેવિયા રોડ, ગંજીવાડા પ્લૉટ, માણાવદર—૩૬૨૬૩૦.

જૂના અંક વેચવા છે—૧

મારી પાસે 'કુમાર'ની ૧૯૬૪ થી ૧૯૬૫ સુધીની વાર્ષિક ફાઇલો પાકા બાઇન્ડિંગથી બાંધેલી છે. કોઇને જરૂર હોય તો નીચેના સરનામે જણાવે: બુકસેલર બિચરદાસ બી. પરમાર, મ્યુ. હૉસ્પિટલ સામે, સિદ્ધપુર.

૨

મારી પાસે 'કુમાર'ના સળંગ અંક ૪૨૫થી ૫૬૪ સુધીના વેચવાના છે. તેમાં વચ્ચેના ૫ અંકો બાદ કરતાં બધા જ અંકો સારી હાલતમાં છે. કોઈ ગ્રાહકને તે યોગ્ય કિંમતે ખરીદવામાં રસ હોય તો નીચેના સરનામે પત્રવ્યવહાર કરે: પ્રવીણ બાગમલ મોદી, ૮/૧-બી, જતીન્દ્રમોહન ઍવન્યુ, કલકત્તા—૬ (સરનામું અંગ્રેજીમાં કરવું.)

રહી ગયાં / દેવજી રા. મોઢા

• શિખરિણી •

તમે જાતાંજાતાં વળી રહી ગયાં, આંહીં શિશુના
નસીબે રોકાયાં; થઈ જઈ ફરી સ્વસ્થ, ઘરમાં
પડોશે શેરીમાં પણ ફરી રહ્યાં; સૌ પરિચિતો
પરે ઘેરી છાયા ફરી વળત જે શોક તણી તે
નિવારાઈ; ચાલો, સ્વજન પરનો બોજ હળવો
થયો સારી પેઠે; મુખ પર વિલાઈ ગયું'તું તે
સ્મિતે પાછું કોળ્યું, ઘર પણ ફરીથી થયું ઘર!

તમે માંડી વાળ્યું અહીં થકી જવું તો મન મહીં
હશે ઊગ્યું આવું: પ્રિયજન સહે વાતચીતની
મળી યે ના વેળા, શિશુ ઘર તણાં ગોદ લઈને
રમાડયાનો યે ના અવસર મળ્યો, પુત્ર સન્ધરો
વસ્યો દૂરે તેનાં વધૂ–સુત–સુતાને પણ હજી
મળી લેવું બાકી; મધુર અધૂરા કોડ પૂરીને
પછી જાજો; ભાગ્યે સહગમન જેવું લખ્યું હશે,
જશું સાથે, થાશું ભસમ પણ સાથે જ બળીને!

વક્ર ગમતો-૨* / દેવજી રા. મોઢા

• શિખરિણી સૉનેટ •

મને, ના જાણ્યું શેં, પણ પ્રતિ વસે વક્ર ગમતો.
ગમે ફેરીભારે લચી હીંચકતી આમ્રતરુની
મને વાંકી ડાળો; પરણની ઘટામાંથી છૂપીને
રચે જે સૂરોનાં વલય પિકના કંઠ મધુ તે
ગમી જાતાં; સીમે ખખડધજ કોઈ વડ તણી
જટા શી ઝૂલન્તી ધરણી લગ પૂગી ઊગી જતી
ગમે વડ્વાયું યે; કહીંક શિવજીમંદિર તણાં
જતાં સંકોચાતાં શિખર ઉપરે ગેરુઈ ધજા
હવામાં લ્હેરાતી પણ ગમી જતી; સિંધુજલની
સપાટી પે નૌકા સઢ-ફફડતી જાતી સરતી
ગમે તે યે; મચ્છુ-સરિત-તટની કોર ઉપરે
વસ્યું વાંકાનેરે ગમી જતું; છતાં સૌથી વધુ તો
પ્રતીચીને ભાલે ગમત બીજનો ચંદ્ર નમતો.
–મને, ના જાણું શેં, પણ પ્રતિ વસે વક્ર ગમતો.

*અંક ૬૩૭માં પ્રકટ થએલા સૉનેટને અનુસંધાને

દહાણુથી મુંબાઈ અને પરત

ઉશનસ્

• શિખરિણી સૉનેટયુગ્મ •

૧

પહાડી ઊંટોની જુગજૂની ખૂંધોમાં શિખરિણી
વહે હેલારે દખ્ખણ ભરીભરી ઉત્તર ભણી;
તીણી થાનોફેરી ટીશ થરકતી (વલ્કલ નથી)
કટી નીચે પ્હેર્યો મહીન વનનો અંચલ અતિ.

ધરાશ્રીએ તાલિતરુલયતણી મેખલ સજી,
ઝરાઓમાં નાચે ભીલડી વનની પાયલ ભજી;
પ્રતીચીને ખાડીતટ તરીતણી સ્તંભકલમ–
વડે આલેખાયો ગગન પ્રભુની સ્વાક્ષરીસમ.

દ્રવે ધોળાધોળા રવિરસ મીઠાના અગરમાં,
અમે પેઠા એવે દ્યુતિધવલ આભાનગરમાં;
અને હાવાં રાત્રિ ઊતરતી, અમે યે નીકળતા,
ફરી અંધારાંનાં ભરતીજળ ચોમેર વળતાં.
સુણું અંધારાંની ફીણ-ઊજળી લ્હેરો સુસ્ખલતી
કંઈ ખારી દૂહેળી કલણકલિલા સોડમવતી.

૨

હવે ધીમે પૃથ્વી પર ઊતરતી રાત સુદની,
હશે પડ્વાની વા બીજની ત્રીજની કોઈ હદની;
પહાડી પ્રાચી-ના ઉપર અહીં ઢાળે, અગર તો
ખીણોમાં સંધ્યાના ઝૂંપડીજૂથથી કૈં તતડતો
ચઢ્યો છે ધુમાડો ઉપર ધૂંધળો છાપરી પરે,
ઠર્યો છે નિર્વાતે—ગતિ નહિ નીચે, તેમ ઉપરે.

અને આ પશ્ચિમે તિમિરજળના લોઢ ઊછળે
ત્યહીં પડ્વાની કે બીજત્રીજ તણી હોડી નીકળે:
કિનારે આવેલા જનપદ થકી માછીગણના
સઢેથી શોભંતી પવનથી ફૂલેલા વરણના;
અને આઘે આઘે બીજત્રીજ તરીથી તટ પરે
કિનારાની ધારે પ્રતીચીક્ષિતિજે માછણ ઘરે
–દીસે વાળુવેળા ટમટમ થતું કોડિયું બળે
પ્રતીક્ષે માછીડા કબ અહીં તટે લંગર કરે.

માણું / મહેન્દ્ર સમીર

• ગઝલ •

યાદનો એમ ઘડી બે ઘડી ઉત્સવ માણું,
આંખમાં જાણે છલોછલ કોઈ અર્ણવ માણું.

ચોતરફ લાગે નિરાકાર બધા આકારો,
એમ છલનાનો અજબ ધૂંધળો આસવ માણું.

કાલ માણી'તી ભર્યાભાદર્યા ઘરની રોનક,
આજ એકાંતમાં ઝબકી જઈ પગરવ માણું.

જેમ માણે છે કોઈ બિન્દુ ગહન સિન્ધુને,
શબ્દમાં એમ કૈં વિસ્તારનું લાઘવ માણું.

પાંખ ફેલાઉં કફસ માંહે ચમન જોઈ 'સમીર',
કેદમાં એમ કૈં ગુલઝારનો પાલવ માણું.

જીવનરથનાં બે ચક્રો:

આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા

બહાદુરશાહ પંડિત

આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ મનુષ્યજીવનનાં બે ચાલક બળ છે. માનવરથનાં એ બે પૈડાં છે. God helps those who help themselves. એ અંગ્રેજી કહેવતમાં આ બંને શ્રદ્ધાનો સુભગ સમન્વય કરવામાં આવ્યો છે. આત્મશ્રદ્ધા રાખનારને ઈશ્વર હમેશાં સહાય કરે છે, અને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખનારમાં આપોઆપ જ આત્મશ્રદ્ધા જાગે છે. મહાન સંતો માટે આ બંને શ્રદ્ધાઓમાં અદ્વૈત હોય છે, કારણ કે એમના આત્મા-પરમાત્મા ભિન્ન હોતા નથી.

સર જગદીશચંદ્ર બોઝની આત્મશ્રદ્ધાનું એક ઉદાહરણ અત્યંત પ્રેરક અને ઉદ્‌બોધક છે. એક વાર એમના કેટલાક ટીકાકારોએ એમને પડકાર ફેંક્યો. 'વનસ્પતિમાં જીવ હોવાની તમારી વાત સાચી હોય તો ઝેર આપવાથી વનસ્પતિ મરી જાય ખરી ને?'

'હા, ચોક્કસ.' સર જગદીશચંદ્રે કહ્યું: 'હું પ્રયોગથી એ સાબિત કરી શકું એમ છું.'

ગમે તેમ કરી બોઝને ખોટા પાડવાનો પ્રયાસ કરતા આ ટીકાખોરો બીજા દિવસે બજારમાંથી ઝેર લઇને આવ્યા. જગદીશચંદ્રે એ ઝેરમાંથી થોડું લઈ વનસ્પતિ ઉગાડેલા કૂંડાની માટીમાં નાખ્યું, પણ ઘણો સમય રાહ જોવા છતાં કંઈ અસર ના થઈ.

ટીકાખોરો ખડખડાટ હસી પડચા. સર જગદીશચંદ્રે અદ્‌ભુત આત્મવિશ્વાસથી કહ્યું: 'હસો નહિ, મારો પ્રયોગ કદી ખોટો પડે નહિ.'

'તો વનસ્પતિ કેમ મરી ના ગઈ?' એક ટીકાખોરે કટાક્ષથી પૂછ્યું.

'કારણ કે તમે બજારમાંથી લાવ્યા છો એ ઝેર સાચું નથી.' એમણે સટાક દઇને જવાબ આપ્યો.

'વાહ, તમે ખોટા પડચા એટલે ઝેરને ખોટું ઠરાવો છો?' બીજા ટીકાખોરે કહ્યું: 'ઝેર ખોટું હોય તો તમે ખાઈ બતાવો.'

અને સર જગદીશચંદ્રે એ પડકાર તરત જ ઝીલી લીધો. જરા ય ગભરાયા વિના તેઓ પ્રયોગ કરતાં વધેલું ઝેર ખાઈ ગયા. આમ એમની આત્મશ્રદ્ધાથી ટીકાખોરોનું કાવતરું પણ પકડાઈ ગયું. જીવનના જંગમાં વિજય પ્રાપ્ત કરનારા વીર નરો પાસે સૌથી અમોઘ શસ્ત્ર હોય છે આ આત્મશ્રદ્ધાનું.

બાળકવિતામાં આવતા પેલા ઈડરના વાણિયા ધૂળાએ પણ ચાર ચોરને એકલા હાથે

ભગાડવામાં આ આત્મશ્રદ્ધાનો જ ઉપયોગ કર્યો હતો ને?

'નથી અસ્યા, હું એકલો, સાથી મારે બાર'.

એમ કહેતા ધૂળાના દસ સાથીઓમાં બે હાથ, બે પગ, બે આંખો અને કોથળાનાં ચાર કાટલાં હતાં; પણ સાચા સાથી તો 'હિંમત અને વિશ્વાસ' એ બે હતા.

'જે વિના બીજા બધા થાય નકામા ખાસ.'

આત્મશ્રદ્ધાનો છોડ પ્રભુશ્રદ્ધાની ભૂમિમાં ઊગતો હોય છે. ઈશ્વર પરની અખૂટ શ્રદ્ધાના કૂપમાંથી શ્રદ્ધાનું જળ આત્માના હવાડામાં આવતું હોય છે.

ઈસ્લામના સ્થાપક હજરત મોહંમદ પયગંબરને યસરબના લોકોએ પોતાના શહેરમાં આવવા આમંત્રણ આપ્યું ત્યારે મક્કાના લોકો એમને રોકી રાખવા અને બને તો પૂરા કરવા એમની પાછળ પડચા. પયગંબર સાહેબને આ વાતની ખબર પડતાં તેઓ એક સાથી અબુ બક્ર સાથે એક ગુફામાં છુપાઈ ગયા. દુશ્મનો છેક ગુફાના દ્વાર પાસે આવી ગયા ત્યારે એમનો કોલાહલ સાંભળી બક્રએ ગભરાઇને કહ્યું: 'દુશ્મનો કેટલા બધા છે! અને આપણે તો માત્ર બે જ જણ છીએ.' પયગંબર સાહેબે અદ્‌ભુત શ્રદ્ધાથી કહ્યું: 'ના, આપણે બે નથી, ત્રણ છીએ! ખુદા આપણી સાથે છે.'

તમામ સંતોની સાથે આ ખુદા હમેશાં હરઘડી રહેલો હોય છે. એથી તો ચૅરાપુંજીમાં ગાંધીજી પેલા ગોરાના બંગલે પહોંચી જઇને કહી શકચા હતા: 'લ્યો સાહેબ, તમારે મારું ખૂન કરવું છે ને! આ હું ઊભો તમારી સામે.' અને આ જ શ્રદ્ધાના બળે તેઓ કોમી દાવાનળની આગ વચ્ચે નોઆખલીનો પ્રવાસ ખેડી શકચા હતા.

પ્રભુ પરની શ્રદ્ધા એ માત્ર મન મનાવવાની વાત નથી, નક્કર વાસ્તવિકતા છે. એનો સરસ પુરાવો પેલા ટુચકાના ધર્મગુરુએ આપ્યો છે. વરસાદ માટે પ્રાર્થના કરવા ગામના લોકોને ભેગા કર્યા, ત્યારે ધર્મગુરુએ પ્રાર્થનાની શરૂઆત કરતાં પોતાના હાથમાંની છત્રી ઊંચી કરીને બતાવતાં કહ્યું: 'તમે બધા કેવા અશ્રદ્ધાળુ છો! વરસાદ માટે પ્રાર્થના કરવા આવ્યા છો અને સાથે છત્રી તો લાવ્યા નથી!'

ઈશ્વરશ્રદ્ધા નરસિંહ મહેતા જેવી હોવી જોઈએ. કુંવરબાઈનું મામેરું કરવા ગએલા નરસિંહ મહેતા પાસે કશી સામગ્રી નહોતી, પણ ખાલી છાબ આગળ બેસીને ભજન કરતાં એમને ખાત્રી હતી કે શામળિયો એમની મજાક નહિ થવા દે. ને એમની એ શ્રદ્ધા સાચી પડે છે.

ભક્તને ઈશ્વર પર શ્રદ્ધા હોય છે એવી વીરને પોતાના આત્મબળ, કૌશલ કે પ્રતિભા પર શ્રદ્ધા હોય છે. બંનેની શ્રદ્ધા રૂપાંતરે એક જ તત્ત્વ પર સ્થિર થએલી હોય છે. વનરાજ ચાવડાને ચાંપો વાણિયો મળ્યો ત્યારે ચાંપાએ પોતાની પાસેનાં પાંચમાંથી બે તીર તોડી નાખ્યાં. વનરાજ સાથે બીજા બે માણસો હતા, એટલે ચાંપાને એ ત્રણની સામે મારવા ત્રણ જ તીરની જરૂર હતી. બે તીર તોડી નાખીને એણે પોતાની નિશાનબાજી પરની શ્રદ્ધા વ્યક્ત કરી. વિલિયમ ટેલ પોતાના પુત્રના માથા પર મૂકેલું લીંબુ તાકતાં જરા પણ ગભરાયો નહોતો. એને પોતાની નિશાન તાકવાની શક્તિમાં પૂરી શ્રદ્ધા હતી.

રવિશંકર મહારાજ જે આત્મશ્રદ્ધાથી મોતીજી બહારવટિયાનો હૃદયપલટો કરાવી શકચા હતા કે વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણ જે આત્મશક્તિથી ચંબલના ભયાનક ડાકુઓને શરણાર્થી બનાવી શકચા હતા એ આત્મશ્રદ્ધા આપણા સૌમાં ઉદ્‌ભવી શકે છે. એ માટે માત્ર તાલીમની જરૂર છે. અને તે માટે ઈશ્વરશ્રદ્ધાની પશ્ચાદ્‌ભૂમિકા જરૂરી છે. નિયંતાની યોજનામાં જેને શ્રદ્ધા હોય છે એ પોતાના પ્રત્યેક કર્મમાં અડગ રહી શકે છે, કારણ કે એ પ્રત્યેક કર્મ એને પ્રભુપ્રેરિત જ લાગે છે. □

કર્તવ્યનિષ્ઠા

બ્રિટનમાં જ્યારે કોલસાની તીવ્ર તંગી ઊભી થઈ ત્યારે રાજ્ય અને દેશની હાકલને માન આપીને ત્યાંની કોલસાની ખાણના કામગારોએ ઉમંગથી શનિવારના વધારાના દિવસોએ ખાસ કામ કરીને એ તંગી નિવારી હતી. તેને બિરદાવતાં 'ન્યૂસ ઑાવ ધ વર્લ્ડ' નામના પત્રે લખેલું કે 'પોતાની કટોકટીની પળે દેશે પ્રજા તરફ જે મીટ માંડી તેનો સૌથી ઊમળકાભર્યો જવાબ ખાણિયાઓએ આપ્યો. દેશના ઉદ્યોગનાં ચક્રો વધુ વેગથી ચાલતાં રાખવા અને ઘરઘરના ચૂલા જલતા રાખવાની અગત્ય પ્રીછીને ૬૬૨ ખાણોએ મરજિયાત રીતે શનિવારની પાળી ચલાવીને એક જ દિવસમાં ત્રણ લાખ ટન કોલસો કાઢી આપ્યો!'

આપણે ત્યાં 'વધુ ઉત્પાદન'ની હાકલો કરી કરીને દેશના અગ્રણીઓનાં ગળાં બેસી જાય તો યે તેનો જવાબ આપવાનું તો બાજુએ રહ્યું. પણ કામમાં દાંડાઈ અને કોઇ પણ નિમિત્તે વધારે રજાઓ લેવાની જ દાનત પ્રવર્તે છે તે કેવું ગ્લાનિજનક છે?

ઓરિસ્સાની સાંસ્કૃતિક ને રાજકીય અસ્મિતા પ્રકટાવનાર

ધર્માંધતાના વિરોધી
શિક્ષણના અનોખા
પ્રયોગો કરનાર
ઉડિસી પત્રકારત્વનો
પાયો નાખનાર
પીડિતોના બેલી
વિનમ્ર ક્રાંતિકારી
આજીવન લોકસેવક
'ઉત્કલ-મણિ'



ગોપબંધુ દાસ

લે. બિહારીલાલ ટાંક

એ એક મનહૂસ દિવસ હતો. સૂસવતા પવનના ટાઢાબોળ સપાટાની સાથે ધોધમાર વરસતા વરસાદની વાછંટ ઘરોની અંદર પેસી જઈને લોકોનાં હાડ ધ્રુજાવી રહી હતી, આવા સમયે પુરીની સાંકડી શેરીઓમાં વહેતાં પાણીને ખૂંદતો એક યુવાન ઘેરઘેર ફરીને પાસેના ગામમાં ચડી આવેલા પૂરમાં ફસાઈ પડેલાં ગ્રામવાસીઓને ઉગારવા માટે મદદની ટેલ નાખતો હતો. પૂર કે દુષ્કાળ જેવા સમયે લોકોને સહાય કરવા હરહમેશ તૈયાર રહેનાર એ યુવાનની હમદર્દ સેવાવૃત્તિ લોકોથી અજાણી નહોતી. પણ આજે તો ઘેર જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા પોતાના એકના એક બાળક પુત્રને અને એ માંદા દીકરા પાસે રોકાઈ જવા માટે કરગરતી પત્નીને છોડીને એ પૂરનો સાદ સાંભળતાં જ લોકોને ઉગારવા ચાલી નીકળ્યો હતો. પોતાનાંને છોડીને એણે પારકાંની સેવાને, ઘર કરતાં વતનને, ભાવના કરતાં કર્તવ્યને વધુ મહત્ત્વ આપ્યું હતું. અનેક જણ એની સાથે જોડાઈ ગયા. આપી શકાઈ તે સહાય-સામગ્રી આપી. અને રાત કે દિવસ જોયા વિના, જ્યાં-જ્યાં જરૂર હતી ત્યાં ત્યાં પહોંચી જઈને એણે સેંકડો ગ્રામવાસીઓને ઉગારી લીધાં. આ રાહતકાર્યમાં સતત ભમતા રહીને પૂરા એક અઠવાડિયા પછી જ્યારે એ ઘેર પાછા ફર્યો ત્યારે ખબર પડી કે આગલા જ દિવસે એના લાલને ઈશ્વરે પોતાની ગોદમાં લઈ લીધો હતો.

એ યુવાન તે ગોપબંધુ દાસ.

ગઈ સદીની આખર અને આ સદીની શરૂઆતમાં જ્યારે ઓરિસ્સાનું નસીબ બિહારની સાથે બંધાએલું હતું; એની પોતાની ઉડિયા ભાષાને ભુલાવી દેવાના સહેતુક પ્રયાસો પણ ચાલી રહ્યા હતા; દુષ્કાળ, જળરેલ અને રથયાત્રા નિમિત્તે પુરીમાં એકઠી થતી માનવમેદની માટેની યોગ્ય વ્યવસ્થાના અભાવે વર્ષોવર્ષ ફાટી નીકળતા રોગચાળાથી ઉડિયા પ્રજા સતત ત્રસ્ત રહેતી હતી; ધર્માંધતા અને વહેમોમાં લોકો સબડતા હતા ત્યારે જે કેટલાક વતનપ્રેમી લોકોએ પોતાના આ પ્રાંતને ઊંચો આણવાના ભગીરથ પ્રયત્નો કર્યા હતા તેમાંથી આ ગોપબંધુ દાસનું નામ મોખરે છે.

એક સો વર્ષ પહેલાં, ઈ. ૧૮૭૭ની ૯મી ઑક્ટોબરે ઓરિસ્સાના પુરી જિલ્લામાં સાખીગોપાલ વિસ્તારના એક નાના ગામના ગરીબ બ્રાહ્મણ પરિવારમાં એમનો જન્મ થએલો. પિતા દૈત્યારિ દાસની ત્રીજી પત્ની સ્વર્ણમયીદેવીના એ પુત્ર. એમના જન્મ બાદ થોડા જ સમયમાં માતાનું અવસાન થયું હતું એટલે એમનો ઉછેર એમનાં ફોઈ કમલાદેવીની છત્રછાયામાં થયો. તદ્દન જૂનવાણી ખયાલોવાળા પરિવાર અને સમાજની વચ્ચે ઊછરવા છતાં નાનપણથી જ ગોપબંધુ વહેમો અને પૂર્વગ્રહોયુક્ત ધાર્મિક વિચારોથી બિલકુલ મુક્ત રહી શક્યા એ પણ આશ્ચર્ય છે. પ્રગતિશીલ વિચારણાવાળી જીવનદૃષ્ટિ એમનામાં બચપણથી જ દેખાવા લાગી હતી.

માધ્યમિક શિક્ષણ ગામમાં જ પૂરું કરી ઈ. ૧૮૯૯માં એમણે પુરીની જિલ્લા શાળામાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કરી. કટકની રૅવનશૉ કૉલેજમાંથી બી. એ. થયા અને એમ. એ.ના અભ્યાસ માટે તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં ગયા. પણ ત્યાં જઈ એમ. એ.ના વર્ગો છોડી દઈને કાયદાનો અભ્યાસ કરી ૧૯૦૬માં બી. એલ.ની ઉપાધિ મેળવી. આ છેલ્લી પરીક્ષામાં ઉત્તીર્ણ થયાની જાણ સાથે જ, એક પુત્ર તથા બે પુત્રી મૂકીને એમનાં પત્ની મૃત્યુ પામ્યાના ખબર પણ ઘેરથી આવ્યા. પોતે હજી યુવાન હતા, સંતાનો નાનાં હતાં અને વકાલત ચાલે તો એમાં યે ઉજ્જ્વળ ભવિષ્યની આશા હતી, એટલે જો ઇચ્છ્યું હોત તો એમના માટે પુનર્લગ્ન સરળ હતું. એ કાળે એ સ્વાભાવિક પણ હતું. વળી, એમના પિતાનાં ત્રણ લગ્નોનું ઉદાહરણ પણ એમની સામે જ હતું. પણ એમણે ફરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાને બદલે સામાજિક સેવા અને રાજકીય કાર્યોમાં જ રસ લેવા માંડ્યો. આમે યે લોકહિતના કોઈ પણ કાર્ય આગળ એમણે પોતાની એક પણ અંગત બાબતની પરવા રાખી નહોતી. હવે તેઓ એમાં વધુ સક્રિયપણે રસ લેવા લાગ્યા.

કલકત્તાથી આવીને આરંભમાં એમણે નીલગિરિના દેશી રાજ્યની એક શાળામાં થોડો સમય હેડમાસ્તર તરીકે કામ કર્યું, પણ પછી એ છોડી એમણે પુરીમાં વકાલતનો આરંભ કર્યો. પોતે ભણતા હતા ત્યારથી 'ઉત્કલ સંમિલની' (ઉત્કલ યૂનિયન કૉન્ફરન્સ)માં સ્વયંસેવક તરીકે જોડાયા હતા. એ સમયે ત્યાંના લોકનેતાઓ ઉત્કલભાષી વિસ્તારને એકત્ર કરી એને એક અલગ વહીવટી તંત્ર તળે લાવવા મથી રહ્યા હતા. ઓરિસ્સાના એક ઘડવૈયા 'ઉત્કલગૌરવ' મધુસૂદન દાસ એ પ્રવૃત્તિના અગ્રગણ્ય નેતા હતા. એમના સૂચનથી મયૂરભંજના મહારાજા શ્રીરામચંદ્ર ભંજદેવે ગોપબંધુને પોતાના રાજ્યના વકીલ તરીકે બોલાવ્યા. પોતાનાં લોકહિતનાં કાર્યોમાં મહારાજા સહાયક બની રહેશે એવી સમજથી તેઓ ત્યાં ગયા. મહારાજાને પણ આ સંત જેવો વકીલ ફાવી ગયો હતો. પરંતુ એક શિકારયાત્રામાં કોઈ સંબંધીના હાથે છૂટેલી ગોળી અકસ્માત વાગી જતાં મહારાજાનું મૃત્યુ થયું, અને ગોપબંધુની આશા પડી ભાંગી. રાજીનામું આપીને તેઓ પાછા આવતા રહ્યા. કોઈની યે વ્યક્તિગત સહાય પર મદાર બાંધવાને બદલે વતનના યુવાનોને જ જાગ્રત કરી એમની રાષ્ટ્રીય ભાવના વિકસાવવા અને એમના દ્વારા ઉત્કલની અસ્મિતા સ્થાપિત કરવાની એમને જરૂર લાગવા માંડી હતી.

આ માટે એમણે ઈ. ૧૯૦૯માં સાખીગોપાલમાં એક હાઇસ્કૂલની સ્થાપના કરી. આસપાસના તત્કાલીન સમાજમાં પ્રવર્તતા વહેમો અને રૂઢિચુસ્ત અંધશ્રદ્ધાને દૂર કરવા માટેનું એમનું એ પહેલું જાહેર રચનાત્મક સાહસ હતું. આ કાર્યમાં એમના ભૂતકાલીન સ્થિતિસંપન્ન સહાધ્યાયી મિત્રોએ આર્થિક સહાય આપી. 'સત્યવાડી' અને 'સાખીગોપાલ વનવિદ્યાલય' નામે ખ્યાતિ પામેલી આ શાળાએ નૂતન ઓરિસ્સાના ઘડતરમાં આગવું જ પ્રદાન કર્યું. ગોપબંધુના ચાર સમધર્મી મિત્રોએ ત્યાંના અધ્યાપનમાં અને ઉત્કલની અસ્મિતા પ્રકટાવવાના કાર્યમાં ઘણો સાથ આપ્યો. એ મિત્રો—પં. નીલકંઠ દાસ, પં. ગોદાવરીશ

મિશ્ર, પં. કૃપાસિંધુ મિશ્ર અને આચાર્ય હરિહર દાસ ઓરિસ્સાના ખ્યાતનામ અગ્રણીઓ હતા. માત્ર ખપ પુરતું જ વેતન લઈને આ સૌએ મળીને એ સમયમાં અજબ હિંમતભર્યા એવા શિક્ષણપ્રયોગો આદર્યા. ખુલ્લા આકાશ તળે એમના વર્ગો ચાલતા. વ્યાયામ ઉપરાંત સંસ્થાનું શ્રમયુક્ત કાર્ય ત્યાં વિદ્યાર્થીઓ માટે ફરજિયાત હતું. છાત્રાલયમાં જાતિભેદ રાખ્યા વિના સૌને પ્રવેશ મળતો. જાતિભેદની સૂગ દૂર કરવા ત્યાં સર્વ જાતિનાં સમૂહભોજન પણ અવારનવાર યોજાતાં. આ બદલ તો વિરોધી સનાતનીઓએ એમની શાળા અને પુસ્તકાલયને એક વાર આગ પણ લગાડેલી! પણ ધ્યેયચ્યુત થયા વિના આ શાળાએ શિક્ષણ ઉપરાંત રાષ્ટ્રીયતાનો રંગ પણ વિદ્યાર્થીઓ પર ચડાવવાનું જારી રાખ્યું. આ માટે અવારનવાર વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળોએ લઈ જઈને ત્યાં એમને ઉત્કલ-ગૌરવનું પ્રત્યક્ષ ભાન પણ કરાવવામાં આવતું. પં. ગોદાવરીશ તો અચ્છા સાહિત્યકાર હતા. સ્વતંત્ર ઉત્કલ દેશના બે અગ્રગણ્ય રાજવી પુરુષોત્તમ દેવ અને મુકુંદ દેવનાં કથાનકો પરથી એમણે રાષ્ટ્રભાવનાયુક્ત બે નાટકો પણ રચેલાં. એમનાં ગીતોમાં પણ એ જ રાષ્ટ્રીયતાની જ્યોત ઝળહળતી. પં. કૃપાસિંધુ ફિલસૂફીના અભ્યાસી હતા. એમણે બારાબત્તીગઢનો ઇતિહાસ લખેલો, અને ઓરિસ્સાનો ઇતિહાસ પણ લખવા માંડેલો, જે એમના અકાળ અવસાનને કારણે અધૂરો રહી ગયો. પં. હરિહર તો છાત્રાલયના ગૃહપતિ પણ હતા. સૌ એમને આચાર્ય કહેતા અને તેથી આગળ જતાં સમગ્ર ઓરિસ્સામાં પણ એ આચાર્ય હરિહર નામે જ પ્રસિદ્ધ થએલા.

એક નવી શાળા સમજી સરકારે આ વનવિદ્યાલયને સહાય આપવા આરંભમાં પ્રસ્તાવ કરેલા, પણ સરકારી તંત્રનાં જડ નીતિનિયમોનું બંધન આ શાળા કઈ રીતે સ્વીકારી શકે? ગોપબંધુએ એ પ્રસ્તાવોને પાછા જ ઠેલી દીધા. ધીરેધીરે એમણે આ વનવિદ્યાલયને શિક્ષણ ઉપરાંત, રાજકારણ, સાહિત્ય, સમાજસેવા અને રાષ્ટ્રીય જાગ્રતિનાં કાર્યોનું એક કેન્દ્ર બનાવી દીધું. ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અને પાયાની કેળવણીની યોજનાની યે પહેલાં ગોપબંધુએ આ અભિનવ શિક્ષણ-પ્રયોગો કરેલા. દેશના અગ્રગણ્ય નેતાઓને આ સંસ્થા પ્રત્યે માન પ્રકટયું અને પરિણામે એમનું ઉજ્જ્વલ કાર્ય જોઈ ગોપબંધુ ને એમના ચાર ઉપર્યુક્ત સમધર્મી ઉત્કલપ્રેમીઓને લોકો 'પંચસખા' નામે ઓળખાવવા માંડયા. પછી તો ગાંધીજીએ જ્યારે અસહકારની ચળવળ આરંભી ત્યારે આ શાળાને રાષ્ટ્રીય શાળાનું જ સ્પષ્ટ સ્વરૂપ આપી દેવાયું. સરકાર પણ હવે એની પ્રવૃત્તિથી ચોંકી ઊઠી. બિહાર-ઓરિસ્સાના લેફ. ગવર્નર જાતે એનું કામ જોવા ગએલા. એ વખતે એમણે શાળાના આચાર્ય પં. નીલકંઠને કહેલું પણ ખરું કે, 'ગુપ્તચર ખાતાએ મને એવો અહેવાલ આપ્યો છે કે અહીં બૉમ્બ પણ બને છે.' પં. નીલકંઠે પણ એમના કથનને ઉપાડી લઈ પોતાના વિદ્યાર્થીઓને બતાવતાં એવો જ જવાબ આપ્યો: 'હા, આ અમારા જીવતા બૉમ્બ જ છે. એક દિવસ તેઓ આ દેશમાંથી અંગ્રેજી રાજ્યની જડ ફૂંકી મારશે.'

સર્વોચ્ચ પ્રાંત-અધિકારીએ જાતે આ શાળા જોઈ-તપાસી અને જે અનુભવ મેળવ્યો એ પછી સ્વાભાવિક છે કે એના પર સરકારી તવાઈ આવે જ. અને એમ જ થયું. ઈ. ૧૯૨૩માં સરકારે આ વનવિદ્યાલય બંધ કરાવી દીધું. પણ થોડાં વર્ષોમાં આ શાળાએ જે કાર્ય કરી બતાવ્યું તેનાથી ઉત્કલ-ગૌરવની સ્થાપનાને ઘણો વેગ મળ્યો. ઓરિસ્સાના ઉત્કર્ષના ઇતિહાસમાં એણે એક આગવું પ્રકરણ ઉમેર્યું હતું.

બીજી બાજુ મધુસૂદન દાસના કહેવાથી ગોપબંધુ ઈ. ૧૯૧૭માં બિહાર-ઓરિસ્સાની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં પણ જોડાયા હતા. એ પદ પરથી એમણે રૅવનશૉ કૉલેજમાં બંધ કરાએલા બી. એસ.ના વર્ગો અને બી.એ.ના અંગ્રેજીના વર્ગો શરૂ કરાવ્યા. ઉપરાંત સંસ્કૃત ભાષાના શિક્ષણનો પણ પ્રબંધ કરાવ્યો. ઓરિસ્સાના દરિયાકિનારે જકાત આપ્યા વિના લોકોને મીઠું પકવવા દેવા માટે લડત શરૂ કરી. પણ એમનું મુખ્ય કાર્ય તો ઓરિસ્સામાં પૂર અને દુકાળનાં રાહતકાર્યો માટે ચલાવેલી લડતનું હતું. આ માટે ગોઠવાએલું સરકારી તંત્ર કેટલું રેઢિયાળ હતું એ એમણે ત્યાંના લેફ. ગવર્નર એડવર્ડ ગેઈટને નજરોનજર બતાવીને પુરવાર કરી આપ્યું. પૂરી સમયાવધિ સુધી તેઓ લેજિ. કાઉન્સિલમાં રહ્યા, પણ એ પછી ૧૯૧૯માં ગવર્નમેન્ટ ઑવ ઇન્ડિયા ઍક્ટની અન્વયે યોજાએલી ચૂંટણીમાં ઊભા રહેવાનું એમણે નકાર્યું એટલે એમના બદલે મધુસૂદન દાસ કાઉન્સિલમાં ગયા અને સ્થાનિક સરકારમાં પ્રધાન બન્યા.

ત્રીજી બાજુ પોતાનાં સામાજિક કાર્યોની સાથોસાથ ગોપબંધુ આસપાસના પ્રાંતોમાં ભેળવી દેવાએલા ઉત્કલ પ્રદેશને મુક્ત કરાવીને ઉત્કલભાષી ઓરિસ્સાના અલગ પ્રાંતની નવરચના કરાવવા માટે પણ મથી રહ્યા. આ માટે આસપાસના જુદાજુદા પ્રાંતની હકૂમતમાં વસતી ઉત્કલ પ્રજાને પોતાની ઉડિયા ભાષા અને સંસ્કૃતિને ટકાવી રાખવાની પ્રેરણા આપવા એમણે સંખ્યાબંધ સ્વયંસેવકો તૈયાર કરીને મોકલ્યા.

પરંતુ આ સર્વમાં પૂર અને દુષ્કાળ-રાહતનું કાર્ય ગોપબંધુનાં જાહેર કાર્યોનું મુખ્ય અંગ હતું. પીડિત હમવતનીઓ પ્રત્યેની ઊંડી હમદર્દી જ કદાચ એનું કારણ હશે. એ ગમે તે હોય, પણ આ અંગે જાહેર મત કેળવવા તથા અમલદારોનું લક્ષ દોરવા એમણે ૧૯૧૯ની ૪થી ઑક્ટોબરે 'સમાજ' નામે એક સાપ્તાહિક શરૂ કર્યું. સાખીગોપાલમાં એનું કાર્યાલય હતું. ત્યાંથી ૧૯૨૫માં પુરી ને ૧૯૨૭માં કટક લઈ ગયા. ઈ. ૧૯૩૦માં ગાંધીજીની દાંડીકૂચના દિવસે એને દૈનિક પત્ર બનાવવામાં આવ્યું. ઓરિસ્સામાં પત્રકારત્વનો પાયો આ 'સમાજ' પત્ર દ્વારા જ નખાયો. એમાં એક વાર એક સ્ત્રી પર પોલીસોએ કરેલા અત્યાચાર અંગે આકરી ટીકા લખી. આ બદલ સરકારે એમને કોર્ટમાં ઘસડયા. ત્યાં એમનો કેસ નેતાજી સુભાષના મોટા ભાઈ જજ સતીશચંદ્રને ચલાવવાનો હતો. ગોપબંધુને સજા કરવા માટે એમના પર સરકારે ભારે દબાણ કરેલું, પરંતુ એની પરવા કર્યા વિના એમણે ગોપબંધુને નિર્દોષ છોડી મૂકયા; ને એ પછી એમણે પણ પોતાના પદનું રાજીનામું આપી દીધેલું.

ગાંધીજીની અંગ્રેજો સામેની લડતથી તેઓ આરંભથી જ આકર્ષાયા હતા, ને કલકત્તાની કૉંગ્રેસ મહાસમિતિની બેઠકમાં તેઓ ગયા ત્યાંથી વળી આવીને લાગલા ગાંધીજીનો અસહકારનો ખયાલ અપનાવી તેઓ ઓરિસ્સામાં કૉંગ્રેસના કાર્યને ફેલાવવામાં લાગી ગયા. એમણે ત્યાં એનું સંગઠન કર્યું અને એના પ્રમુખ બન્યા, તે છેક પોતાના અવસાન સુધી એનું સંચાલન કરેલું. નાગપુરની બેઠકમાં એમના જ સૂચનથી કૉંગ્રેસે ભાષાવાર પ્રાંતીય કૉંગ્રેસ સમિતિઓ રચવાનું સ્વીકારેલું, અને પછી જ્યારે ઓરિસ્સા માટે અલગ કમિટી રચવાનું સૂચવાયું ત્યારે ગોપબંધુને ઉત્કલ સંમિલનીના અલગ કાર્યને ચાલુ રાખવાની જરૂર ન લાગતાં એમણે સંમિલનીને કૉંગ્રેસમાં ભેળવી દઇને ઓરિસ્સાની લડતને ભારતીય રાષ્ટ્રીયતાના વ્યાપક ધ્યેય સાથે જોડી દીધી. એ સમયે ઓરિસ્સા બિહારનો જ એક ભાગ ગણાતું હતું અને એનો ઉડિયાભાષી ઘણો પ્રદેશ આસપાસના અન્ય પ્રાંતોમાં સમાવી દેવાએલો હતો. ઉત્કલ સંમિલનીનું એક મુખ્ય ધ્યેય પરપ્રાંતમાં દબાએલો એ બધો પ્રદેશ ત્યાંથી છોડાવીને ઉડિયાભાષી ઓરિસ્સાનો અલગ પ્રાંત રચાવવાનું હતું. કૉંગ્રેસ સાથેના સંમિલનીના જોડાણનું એમનું પગલું એમના માટે ઘણું હિંમતભર્યું હતું. એમનાથી મોટી વયના અનેક ઉડિસી નેતાઓને એ જચ્યું નહોતું, છતાં ગોપબંધુમાં શ્રદ્ધા રાખી એમણે એમના નિર્ણયને સ્વીકારી લીધો.

બીજી તરફ એમના 'સમાજ' પત્રની પ્રતિષ્ઠા અને તાકાત પણ

બધી રહ્યાં હતાં. અંગ્રેજ રાજ વિરુદ્ધ એણે પ્રજામાં પણ જાગ્રતિની જ્યોત જગાડી દીધી. ગોપબંધુને ચૂપ કરવા કે એમનું પત્ર બંધ કરાવવા સરકાર ટાંપી જ રહી હતી. અંતે એણે તક ખોળી કાઢી. ભદ્રક મુકામે એક સભાને સંબોધવા બદલ ૧૪૪મી કલમ લગાડીને સરકારે એમની ધરપકડ કરી. જો કે એ સભા કૉંગ્રેસના કાર્યકરોની એક ખાનગી બેઠક જ હતી. કેસ ચાલ્યો. ગોપબંધુએ પોતાનો બચાવ કરવાનું નકાર્યું અને એમને હજારીબાગની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલવાસ દરમિયાન એમણે કેટલાંક કાવ્યો લખેલાં, જેમાં દેશ તથા લોકો પ્રત્યેનો એમનો ઉત્કટ પ્રેમ નીતરે છે.

બે વર્ષે જ્યારે તેઓ છૂટીને આવ્યા એ જ અરસામાં કટકમાં ઓરિસ્સાની પ્રાંતીય રાજકીય પરિષદ મળી રહી હતી. એમાં એના પ્રમુખ આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાયે ગોપબંધુને 'ઉત્કલમણિ' કહી બિરદાવ્યા અને પછી તો લોકોએ ઉમળકાથી એ અભિધાન કાયમ માટે સ્વીકારી લીધું.

એમની બહુવિધ સામાજિક સેવાથી પ્રભાવિત થઈને પંજાબના લોકપ્રિય નેતા લાલા લજપતરાયે પોતાની 'સર્વન્ટ્સ ઑવ પીપલ સોસાઍટી'માં જોડાવા એમને આમંત્રણ આપ્યું. એ સ્વીકારીને ગોપબંધુ એના સભ્ય બન્યા એટલું જ નહિ, પણ બે વર્ષ પછી ૧૯૨૮-માં એના ઉપપ્રમુખ તરીકે પણ તેઓની વરણી થઈ. પોતાના અવસાન સમયે એમણે પોતાનું 'સમાજ' પત્ર પણ આ સોસાઍટીને અર્પણ કરી દીધું હતું.

ઈ. ૧૯૨૮માં કલકત્તામાં કામ કરતા ઉડિયા કામદારોની સ્થિતિનો જાતે ખયાલ મેળવવા તેઓ ત્યાં ગયા ત્યારે તાજા જ ટાઇફૉઈડમાંથી ઊઠયા હોઈ એમનું સ્વાસ્થ્ય બરાબર નહોતું. ત્યાં તેઓ કામદારોની સાથે જ એમની 'બસ્તી'માં રહ્યા. પાછા ફર્યા પછી તબિયત કથળી અને ૧૨મી જૂને એમનું અવસાન થયું.

રાષ્ટ્રભક્તિના પ્રસાર માટે તેઓ સાહિત્યસર્જનને એક મહત્ત્વનું માધ્યમ ગણતા હતા. એમનાં બધાં જ કાવ્યો, લેખો અને તંત્રીનોંધોનો એક જ મુખ્ય સૂર રહ્યો હતો—પોતાના પ્રાંતવાસી લોકોમાં દેશભક્તિ અને આત્મસન્માનના સિંચનનો. 'બંદીર આત્મકથા', 'અવકાશ ચિંતા' (નવરાશનું ચિંતન), 'ધર્મપદ', 'ગો-માહાત્મ્ય' (ગો-સંવર્ધનનું મહત્ત્વ), 'કારા કવિતા' (કારાવાસમાં લખેલાં કાવ્યો) અને 'નચિકેતા ઉપાખ્યાન' એ એમની જાણીતી કૃતિઓ છે.

ઓરિસ્સાની સાંસ્કૃતિક એકતા અને સંગઠનની ભાવના પ્રકટાવવાનો, ત્યાંના પત્રકારત્વનો પાયો નાખી એનું ઘડતર કરવાનો ને ત્યાં કૉંગ્રેસનું કાર્યક્ષેત્ર ખોલવાનો યશ ગોપબંધુ દાસને જ ઘટે છે. રૂઢિચુસ્ત ખયાલાતોની જડકાઢી ઉત્કલ પ્રજાના આત્મગૌરવને પ્રકટાવીને એમણે ઓરિસ્સાની આગવી અસ્મિતાને જાગ્રત કરી. એમના સમય ને એમની વયની દૃષ્ટિએ તેઓ એક ક્રાંતિકારી હતા. ધર્માંધતાના કટ્ટર વિરોધી ને સુધારાવાદી હોવા છતાં તેઓ અધર્મી નહોતા. પુરીના જગન્નાથના મંદિર ને સાક્ષીગોપાલનાં મંદિરો સાથેનો એમનો સંબંધ પણ એટલો જ ગાઢ હતો. જગન્નાથ સંપ્રદાયની સાર્વત્રિક ઉદારતા અને માનવતામાં એમને શ્રદ્ધા હતી. ઓરિસ્સા અને દેશના રાજકારણમાં એમની દેણગી મહત્ત્વભરી હતી. પણ પીડિત લોકો પ્રત્યેની એમની હમદર્દી આ સૌમાં હમેશાં સર્વોપરી રહેલી. ને એટલે જ, એમના જન્મને આજે એક સો વર્ષ થઈ ગયાં પછી યે આજે જ્યારે જ્યારે પૂર કે દુષ્કાળ જેવી આપત્તિ આવી પડે ત્યારે ઉત્કલ વૃદ્ધજનોની નજર સમક્ષ ધોતી-ઝભ્ભો ને ખેસવાળા દેખાવના નિરભિમાની નમ્ર લોકસેવક એ ગોપબંધુ દાસનું સંતસ્વરૂપ તરવરી રહે છે. આજનો ઉત્કલ દેશ એમનું ઋણ કદી ભૂલી નહિ શકે. □

અનુસંધાન] **ટેસ્ટ-ક્રિકેટનાં સો વર્ષ** [પૃષ્ઠ ૮૪થી

દ૦ આફ્રિકા પોતાની રંગભેદની નીતિના કારણે વેસ્ટ ઇંડીઝ, ભારત અને પાકિસ્તાન સામે ટેસ્ટ નથી રમ્યું. આ કારણે ૧૯૬૦થી તે 'આઈ.સી.સી.'ના સભ્યપદેથી દૂર થયું, અને ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડમાં પણ તેની સામે દેખાવો થવાથી ૧૯૭૦ પછી તો તે એક પણ ટેસ્ટમાં નથી રમ્યું.

ઈ. ૧૯૫૦ થી ૧૯૭૦ના ગાળામાં બીજા દેશોની ટીમો પણ સબળ બનતી ગઈ તે આ તબક્કાનું નોંધવા જેવું પાસું છે. હવે ટેસ્ટ પરનું ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડનું એકચક્રી સામ્રાજ્ય તૂટયું છે ને વેસ્ટ ઇન્ડીઝની ટીમ તાકાતમાં તેમની હરોળમાં આવી છે. દ૦ આફ્રિકાની ટીમનો ૧૯૬૯ પછીનો વિકાસ તો ખાસ ધ્યાન ખેંચે તેવો છે, તો ૧૯૬૦ પછીનાં ૧૦ વર્ષમાં ભારત, ન્યૂઝીલૅન્ડ અને પાકિસ્તાનની ટીમો પણ ગમે તેને ભારે પડે એવી થતી ગઈ છે.

જેનો પ્રાથમિક આરંભ ગયા તબક્કામાં થએલો તે ઑફસ્પિન બોલિંગે હવે ટેસ્ટમાં પૂર્ણ પ્રવેશ કર્યો છે. ઇંગ્લૅન્ડના જિમ લેકર તથા દ૦ આફ્રિકાના હુજ ટેફીલ્ડે આ કલાને ટેસ્ટમાં દૃઢ કરી, તો ગિબ્સ, પ્રસન્ના, ટિટમસ, ને મેલેટ તેને ચરમ સીમાએ પહોંચાડી છે. હવે બંને પ્રકારની સ્લો બોલિંગનો વિકાસ થતાં ફ્લાઈટ, ક્લોઝ ફીલ્ડિંગ તેમ જ સ્ટમ્પ કરવાની આવડતનો મહિમા વધ્યો છે. બીજી બાજુ સીમ બોલિંગ માટે બૉલના સાંધામાં લેવાતા ટેભાની સંખ્યાનું મહત્ત્વ વધ્યું તો ત્રીજી બાજુ 'કટર' તરીકે ઓળખાતી બોલિંગ પણ આવી.

ઈ. ૧૯૬૦–'૬૧ની ઑસ્ટ્રેલિયા-વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની સીરીઝ પણ ઉલ્લેખનીય છે. તેની પહેલી ટેસ્ટ 'ટાઇ' થઈ. તે સીરીઝ બહુ રસાકસીભરી હતી તેથી નહિ, પરંતુ બંને ટીમના સુકાનીઓએ એટલી રસાકસી વચ્ચે પણ ખેલદિલીભર્યું અને જીવંત વલણ અપનાવ્યું તે માટે આટલી રસાકસી સાથે આટલી તંદુરસ્તી અન્યથા કલ્પવી શકય નથી. વેસ્ટ-ઇન્ડીઝના સુકાની વૉરેલે તેમની ટીમને પહેલી વાર એકતા આપી. ધુરંધરોને એક રાખ્યા ને પ્રામાણિક રમતની તાલીમ આપી. તેમને તેમના આ યશસ્વી કાર્ય માટે 'સર'નો ઇલ્કાબ મળ્યો. ઑસ્ટ્રેલિયા–વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે તેમના નામની ટ્રૉફી પણ રખાઈ. ક્યાં વૉરેલ ને ક્યાં જાર્ડિન!

આ ગાળાની સૌથી વધુ ઉલ્લેખનીય પ્રતિભા તે વેસ્ટ ઇન્ડીઝના જી. એસ. સૉબર્સ. અનુભવનું અને આવડતનું ભાથું વધારી પુનર્જન્મ પામેલા જાણે ફ્રેન્ક વૂલી! સૌથી વધુ સંપૂર્ણ ક્રિકેટર એવા સૉબર્સ આ સદીના શ્રેષ્ઠ ઑલરાઉન્ડર ગણાય. ઍલન નૉટ પણ જગતના સર્વ કાલીનોમાં મોખરે ગણાય. આ ઉપરાંત, હટન, કૉમ્પટન, બેનો, હાર્વે, પોલાક, ફ્રેમેન, માંકડ, કન્હાઈ, ગિબ્સ, હનીફ વગેરેનો નામોલ્લેખ કરી શકાય. જો કે આ તબક્કાના અમર ખેલાડીઓ તો હજી ૨૫ વર્ષ પછી જ તારવી શકાય.

નેવિલ કાર્ડસ એ આ સદીના સર્વોત્તમ ક્રિકેટ સમીક્ષક. તેમણે ક્રિકેટ વિષેના લેખનને એવો સર્જનાત્મક ઓપ આપ્યો કે અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં પણ કાર્ડસ વિષે નોંધ લેવાઈ છે.

સો વર્ષને અંતે પણ હજી ટેસ્ટ ક્રિકેટ પાસે કેટલાક પ્રશ્નો છે: દ. આફ્રિકા પોતાની રંગભેદની નીતિનો ત્યાગ કરી ક્યારે પુનઃ ટેસ્ટ રમશે? બૅટ્સમૅનને ઈજા કરવાના હેતુથી નખાતી ઈન્ટીમીડીએટરી બોલિંગ પર ક્યારે કાબૂ આવશે? શ્રીલંકાને ક્યારે ટેસ્ટ પ્રવેશ મળશે? ટેસ્ટ મૅચના ધોરણે રમાતો ક્રિકેટ વિશ્વકપ ક્યારે આકાર લેશે? આ બધા પ્રશ્નોના વિધેયાત્મક જવાબો નજીકના ભવિષ્યમાં મળશે એવી આશા રાખીએ.

* લેગસ્પિન અને ઑફસ્પિનના આગમનનો આ લેખમાં જે ઉલ્લેખ કર્યો છે તે વિશેષે તો 'ટેસ્ટ-ક્રિકેટ'ના સંદર્ભે થયો છે. તે પહેલાં તેનું અસ્તિત્વ નહોતું એવું નથી, પણ આ ગાળામાં તે એની બધી લાક્ષણિકતાઓ પામીને પૂર્ણ અને સ્વતંત્ર બોલિંગ-પદ્ધતિ તરીકે સ્થિર થઈ.

નચિકેતા

કઠોપનિષદ પર આધારિત ચંદ્રવદન મહેતાની એક નૃત્ય (યા ગીત) નાટિકા

૧

(ઉપજાતિ)

નેપથ્યે સંઘ: ૐકાર છે એ જ અનન્ય તત્સત્
અમે સદા યે નિજનું સ્વરૂપ.
ઉચ્છેદી ઈર્ષ્યા, દઈ સંઘ શક્તિ
તેજસ્વી દેજો શુચિ જ્ઞાનદીપ.

(એક ખૂણામાં, યજ્ઞસ્થાનથી જાણે જરા દૂર.
નચિકેતા અને મુનિ ઉદ્દાલક પ્રવેશે છે.)

(સવૈયા)

ઉદ્દાલક: હું ઉદ્દાલક, મુનિશ્રેષ્ઠ હું, દાનકર્મનો હું કરનાર,
કોને શું શું ઘટે આપવું, એનો હું કરતો નિરધાર.
એમાં તું શું સમજે બાળક! વયે નચ્યો નહિ સમજ લગાર,
તારું તું બહુ ડહાપણ કરશે, અહીંથી કાઢીશ હું ઘર બ્હાર.
હું ઉદ્દાલક? મુનિશ્રેષ્ઠ હું,
તું છે બાળક, વિવેકશૂન્ય તું, યજ્ઞકર્મની અમને જાણ.
ધર્મકર્મથી તું અંજાણ.

નચિકેતા: હું છું બાળક!
આપ પિતા છો, તમે છો પાલક,
હું નચિકેતા, પુત્ર તમારો, પુત્રધર્મથી નથી અજાણ,
દૂધ દીએ ના, ગાયો એવી, આપ કરો છો એનું દાન.
મનમાં ચોરી, લોભ કામના, ધર્મકર્મથી થતા વિમુખ,
ષડ્‌રિપુએ અંતર છે ગ્રસિયું એથી મને મનમાં અતિ દુઃખ.
પાપકર્મથી નિવારવાનો મારો છે આ ધર્મ ઉચિત,
ઘટે આપવું યોગ્ય હોય તે; આપ આચરો અવળી રીત.

ઉદ્દાલક: ધર્મ–અધર્મને તું શું સમજે, બાળકબુદ્ધિ તું અજ્ઞાન,
યજ્ઞભોમથી તું થા આઘો, નથી તાહરું અહિંયાં સ્થાન.

(અનુષ્ટુપ)

નચિકેતા: પિતાજી! આ નથી યોગ્ય દાની વા દાનની પ્રથા.
તમે તો કોકને દેશો, મને યે દાનમાં વૃથા.

ઉદ્દાલક: અરેરે મૂર્ખ! શું બોલ્યો? દઉં તો દાન તાહરું,
વિલંબ ના ઘટે હાવાં, તને તો યમને ધરું.
પાકયો છે કુળમાં આવો, કરે કુળ કલંકિત,
મૃત્યુના મુખમાં જાજે, યમદ્વારે તું નિશ્ચિત.
મને છે અદકાં કામો, ગચ્છ ગચ્છ હે દુર્મતિ.
અહીંથી તું દૂરે ગચ્છ, તારી તે શી થશે ગતિ!

નચિકેતા: ભલે તો આ ત્યજી દ્વાર, ચાલ્યો હું યમને ઘર,
તમારાં પાપને ધોવા, માગું ત્યાં જઈને વર.

ઉદ્દાલક: અહાહા! હાસ્ય તું પ્રેરે પ્રમાદી! બુદ્ધિમત્સર,
જવું છે તો જજે વ્હેલો, નકી તું યમને ઘર.

(ઉદ્દાલક અંદર ચાલ્યા જાય છે અને નચિકેતા આગળ વધે છે.)

૨

(સામેથી એક પછી એક સુંદરી મળતી
રહે છે. કોઈ ગાય છે, કોઈ નૃત્ય કરે છે.)

(લાવણીનો લય)

સુંદરીવૃન્દ: કિશોર ઘેલા! વ્હેલાં વ્હેલાં
કયહીં અકેલો જાય? અહીં જો વસંત વાયુ વાય.
ચોગમ સુગન્ધ જો પથરાય, હૈયાં સૌનાં પુલકિત થાય,
કિશોર ઘેલા! વ્હેલાં-વ્હેલાં?
અહીંથી આગળ નહિ જવાય, અહીં જો ગીત અનંત ગવાય,
અહીંઆં પંખીગણ ઊભરાય, અરે તું કયહીં અકેલો જાય?

નચિકેતા: હું નચિકેતા! હું નચિકેતા!
યજ્ઞભોમમાં રહેતાં રહેતાં

(અનુષ્ટુપ)

પિતાજીએ મને દીધો, યમને દાનની વિધ,
સુણી આજ્ઞા પિતાજીની, ઘરને મેં ત્યજી દીધ.

સુન્દરી: ભલે તેં ઘરને છાંડયું, માણી લે આ મહોત્સવ.
પુષ્પોનાં પાંગરે વનો, શેણે હૈયે ભરે દવ?

(સવૈયા)

નચિકેતા: પ્રપંચથી પરિવાર ભર્યો છે, ચોગરદમ છે અસત્ય રૂપ,
મારે જાવું યમ ઘર આજે સમજવાને શુદ્ધ સ્વરૂપ.

નિત્યયૌવના: હું છું નંદનવનની નારી, નિત્યયૌવના મારું નામ,
તને રૂડું નવયૌવન આપું, અતિ સુંદર છે મારું ઠામ.

સુરભિ: હું છું સુરભિ સૌરભવન્તી, પંથ જીવનના પમરાવું,
પૃથ્વી પરથી સર્વ સુગન્ધી, કરી એકઠી અહીં લાવું.

લહરી: હું છું લહરી વાયુદુહિતા પરિમલ ચોગમ પસરાવું,
જળથળમાં હું કરતી નર્તન માનવ મનડાં મલકાવું.
સૃષ્ટિ સમગ્રે હું ફરનારી, સચરાચર છે મારું ઠામ,
શીદને ચાલ્યો યમ-ઘર આજે, અહીં જ અનેરું તારું ધામ.
કિશોર ઘેલા, જો આ નર્તન
તા તા થૈ થૈ, તા તા થૈ થૈ
કંઈ થાય જો મન-પરિવર્તન
થૈ થૈ થૈ થૈ. (નૃત્ય કરે છે)

વાસંતી: હું વાસંતી વસંતલહરી મ્હોર મંજરી મ્હેક ભરું,
રંગરંગની સુરખિ સરજું, નયન પ્રફુલ્લિત નિત્ય કરું.
જીવન આ નથી સુક્કો વગડો વસંતઉત્સવ નિત્ય વિલાસ,
અહીં નંદનવન, અહીં છે ઉપવન, રહેવા આપું રમ્ય નિવાસ.

તિલોત્તમા: તિલોત્તમા હું કિન્નરકંઠી, સ્વર્ગ સમું સુખ દઉં આણી,
ચક્રવર્તી પૃથ્વી પર સ્થાપી, બની રહું હું પટરાણી.
હું ચીતરું છું મેઘધનુષો, દીપાવીએ અમ પ્રેમલ પંથ,
નૃત્ય કરું હું અભિનવ નવલાં, તને બનાવું મારો કંથ.

(નૃત્ય કરે છે.)

વાસંતી: નાચું કહે તો વસંત-નૃત્યો, વસંતની આ ઋતુ પ્રમાણ,
રંગરાગ ને ગન્ધસુગન્ધી પરાગની પ્રસરાવું લ્હાણ.
હૈયું તારું પ્રફુલ્લિત થાશે, પૃથ્વી તણા ભૂલશે પરિતાપ,
ચૌદ લોકમાં સૌ કોઈ વાંછે, વસંતના સૌ જપતા જાપ.

લહરી: હું છું વનશ્રી વનની દેવી, મૃદુલ ઢાળતી મલયાનિલ,
ચંદન તરુવર સુગન્ધ ચારુ, ચાળી ચાળી હું ભરું અનિલ.
એક નહીં પણ અનેક ફૂલની વિધવિધ તેં નથી માણી મ્હેક,
તું માગે તો અદકાં નાનાં, સરજાવી દઉં નવાં અનેક.

નિત્યયૌવના: બાળક ભોળા! રે! રે! કિશોર ભોળા,
કિશોર ઘેલા!
શેને માટે આ ઉતાવળ?
ટાળ બધી મનની ભૂતાવળ.

વાસંતી: ભૂલભર્યો છે તારો આશય,
તું તો કિશોર, કુમળી છે વય.
નિત્યયૌવના: એવાં તે શાં સંકટનાં દળ?
જરી ઊભો રહે, ઘડીક સાંભળ!
બધાં: અમે બધાં સૌ સાથ મળીને, ઊજવશું નિત નિત્યવસંત,
તેં નથી જાણ્યો, કદી ન માણ્યો ઊજળા સુખનો દિન અનંત.
તુજ ચરણે જો સૂરજ-થાળી, ચન્દ્રકિરણનો ધરીએ હાર,
ફરી ફરી વીનવીએ બાળક, તારો આ ફેરવ નિરધાર.
નચિકેતા: હઠો હઠો સૌ સંશય ને ભય,
મારે હૈયે એક જ આશય,
યમને દ્વાર, યમને દ્વાર.
જીવન આ અંધાર,
જવું ઘટે છે યમને દ્વાર.
બધાં: અહીં રહે તું એક જ રાત.
નચિકેતા: મારે ના કૈં સુણવી વાત.
વાસંતી: માથે અગ્નિ, જક્ષણી જેવી જોઈ જોઈ તું છળશે બાળ,
નાગ સરપ ત્યાં બહુ દંશીલા, અજગર પણ છે બહુ વિકરાળ.
કોટિ કોટિ ત્યાં સંકટ અદકાં, વાઘ સિંહની ત્યાં છે ફાળ,
એ પંથે તું ના પરવરતો વીંટળી વળશે કાળ કરાળ.
નચિકેતા: વસંતરાણી તું અહીં માણે, તું શું જાણે યમનું ઘર?
ભય ના હોયે નાગ ન વીંટળે, મને ડંખનો ના કૈં ડર.
જીવનમાં મેં ભય નથી જાણ્યો, ભય હોયે સંશયનું રૂપ,
હું નિઃસંશય, શુદ્ધ ભાવથી ભજી રહ્યો છું યમસ્વરૂપ.
નિત્યયૌવના: ભલાભલા પણ થરથર કંપે, દેખી એનું ભીષણ રૂપ,
હૃદયહીન એ ક્રૂર અતિશય, અતિ ભયંકર યમના ભૂપ.
તું શું જાણે યમની વાતો? અમે અહીં કરીએ સન્માન,
જીવન તેં નથી જાણ્યું માણ્યું, કહ્યું અમારું તું જરી માન.
નચિકેતા: યમદેવનાં અંતરદર્શન મને થયાં છે ઘણીઘણી વાર,
નથી ભયંકર, એ છે કોમળ, મારે દર્શનનો નિરધાર.
તમે કહો તે હોય સત્ય પણ, મારે દર્શનનો નિશ્ચય,
એક ધ્યેયથી ભયને ટાળી, બની ગયો છું હું નિર્ભય.
નિત્યયૌવના: બાળક ભોળા!
જો જો આ છે કમળ અમોલાં, ચન્દ્ર સૂરજને અતિશય વ્હાલાં,
તું માગે તો તારે માટે, નવાં ઉગાડું કમળ રસાળાં.
નવીન રૂપ ને નવીન રંગમાં કોઈ અલૌકિક આપું ફૂલ,
પણ તેં લીધો પંથ ત્યજી દે, ટાળી દે મનની આ ભૂલ.
વાસંતી: હું વાસંતી, વસંતલહરી, મ્હોર મંજરી મ્હેક ભરું,
રંગરંગની સુરભિ સરજું નયન પ્રસન્ન પ્રફુલ્લ કરું.
જીવન એ નથી રણ કે વગડો, ઉપવન, ઉત્સવ, નિત ઉલ્લાસ,
તું છે અધીરો, તું અજ્ઞાની, જીવનનો શે કરતો હ્રાસ?
નચિકેતા: હઠો પ્રલોભન મનનાં મોહન, વિલાસ પાશનો હજો વિનાશ,
મુક્ત થયો છું મોહપાશથી અંતરદર્શન નવ્ય ઉજાસ.
બધાં: કિશોર ઘેલા આ ઉતાવળ?
અધીરતા શી આવી પળપળ!
નચિકેતા: હઠો હઠો સૌ રિદ્ધિ સમૃદ્ધિ, મોહપાશ સૌ દૂર હઠો.
બધાં: કિશોર ઘેલા આ ઉતાવળ?
ટાળ તારી મનની ભૂતાવળ.
વાસંતી: કુસુમ તણા મંડપ નથી જોયા, એમાંથી નીતરે ઉજ્જવળ
પૂર્ણ ચન્દ્રની નિર્મળ આભા, અમીધાર કિરણો નિર્મળ.
નચિકેતા: મેં દીધાં છે સૌને ટાળી, જવું ઘટે છે યમને દ્વાર.

વાસંતી: હજી રહ્યો તું કિશોર બાળો, કળી થકી પ્રગટ્યું નથી ફૂલ,
ફૂલ તણી નથી મ્હેક વિકસી, આ તો કેવી કરતો ભૂલ!
નચિકેતા: મારે ના કરવી કોઈ વાત,
હું જ અકેલો, નવ સંગાથ.
યમને દ્વાર, યમને દ્વાર,
મારો એક જ છે નિરધાર,
(મારે) જવું ઘટે છે યમને દ્વાર. (જાય છે.)
બધાં: કિશોર ઘેલો, ગયો અકેલો,
કેવો દોડ્યો વ્હેલો વ્હેલો!
એક: ઝંઝા જાણે વીજળીવેગી, બની અગનની તાતી ઝાળ,
તારલીએ સરતો, સંકેલી જીવનની વસમી જંજાળ.
બધાં: કિશોર ઘેલો, ગયો અકેલો.

૩

નચિકેતા: હે યમરાજ! હે યમરાજ!
આવ્યો છું હું તમ ઘર આજ!
હે, યમરાજ!
પૃથ્વી થકી હું છું છંડાયો, પિતા-કહ્યું માનીને આજ,
વિકટ માર્ગ ઓળંગી આવ્યો, આવ્યો છું તમ આ ઘર આજ.
હે યમરાજ! હે યમરાજ!

(નિશા પ્રવેશે છે)

નિશા: એવા હૈયે શા અંધાર?
કિશોર બેઠો યમને દ્વાર!
હું રાતલડી, ફરું કુદરડી, ફરતી હું આખું આકાશ,
હું નિશા છું, તિમિર ધાબળે પૃથ્વી પર નાખું હું પાશ.
એવા હૈયે શા અંધાર?
કિશોર બેઠો યમને દ્વાર!
તારલિયાના દીવડા ધારી ફરતી હું ચોગમ આકાશ,
ત્રણ ત્રણ રાત થયાં તું બેઠો. એવો તે તારે શો ત્રાસ?
કિશોર બેઠો યમને દ્વાર!
એવા હૈયે શા અંધાર?
કિશોર બેઠો યમને દ્વાર!
નચિકેતા: મારે હૈયે છે અંધાર,
એથી બેઠો યમને દ્વાર.
હું અર્પાયો દાન સ્વરૂપે, પિતૃ-આજ્ઞા કાજ અહીં,
ત્રણ રાત્રિથી બેઠો અહીં હું, યમ કેરા નિવાસ મહીં,
શાંત શાંત સહુ, ભીતિ નથી કૈં, મુજને યમદર્શનની આશ,
ત્રણ રાત્રિથી બેઠો અહીં હું યમરાજાને શુભ નિવાસ.
નિશા: યમદેવને શીઘ્ર આવવા, મેં દીધો સંદેશ,
જો આ આવે યમદેવ હાં, એથી શું જ વિશેષ?
તારે હૈયે શા અંધાર?
કિશોર બેઠો યમને દ્વાર!
નચિકેતા: હે યમરાજ! હે યમરાજ!
યમ: હે યુવરાજ! હે યુવરાજ!
દેવ સમા તું આવ અતિથિ, મને થયું અંતરથી જ્ઞાન,
ત્રણ ત્રણ દિનનો તું અપવાસી, માગ માગ ઇચ્છિત વરદાન.
નિશા: ફરીને ચોગમ ફળફૂલ આણું તું ઉપવાસી બાળ,
ભોજન માટે કરું વ્યવસ્થા, મને જવું તત્કાળ.
નચિકેતા: હું હાવાં ના હું જ રહ્યો છું, યમને છે અધિકાર,
હું અર્પાયો દાન સ્વરૂપે, એથી આવ્યો દ્વાર.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર—૭૪

અસ્થિભંગ (હાડકું ભાંગવું)

અસ્થિભંગ એટલે શરીરમાં હાડકાનું બટકી જવું કે એમાં તિરાડ પડવી. 'ફ્રૅક્ચર' નામે એ વધુ જાણીતું છે. મુખ્યત્વે પડી જવાથી કે અકસ્માત યા મારના કારણે અસ્થિભંગ થાય છે.

આ સ્થિતિમાં જે અંગનું હાડકું ભાંગ્યું હોય તે અંગનું હલન-ચલન અશક્ય બનતું જાય છે. સહેજ પણ હલન થાય કે એ ભાગ પર સ્પર્શ કરવામાં આવે તો અસહ્ય વેદના થાય છે. તૂટેલા ભાગ પાસે સોજો આવે છે. કેટલીક વાર રોગીને ચક્કર આવે છે, ખૂબ પરસેવો વળે છે, તાવ ચડે છે, ને ક્વચિત્ બેભાન પણ થઈ જાય છે.

પ્રાથમિક પગલાં તરીકે સૌપ્રથમ તો વ્યાધિગ્રસ્ત સ્થાનને નડતર ન થાય તે રીતે રોગીને સુખપૂર્વક સુવડાવવો જોઇએ. આ પછીનો ઉપચાર એ હાડવૈદ્ય કે ડૉકટરનું કાર્ય છે. સમજ વિના જાતે હાડકું સરખું કરવાનો પ્રયત્ન ક્યારેક વધુ નુકસાન કરે છે. હાડકું માત્ર ખસી ગયું છે કે બટકી ગયું છે એની ખાતરી કરાવી જ લેવી. હાડકું ભાંગ્યાની સ્થિતિ, સ્થાન ને પ્રમાણની ચોકસાઈ માટે એક્સ-રે દ્વારા તપાસ કરાવવી જરૂરી છે. સારા હાડવૈદ્યો પાસે પણ એની સગવડ હોય છે.

ભાંગેલું હાડકું ફરીથી બરાબર સંધાઈ જાય અને મજબૂત બને તે માટે રોગીને શુદ્ધ ગૂગળનું સેવન કરાવવું. પાંચ પાંચ ગ્રામ ગૂગળ પાણી કે દૂધમાં ૩ વાર આપવો. લસણ અસ્થિસંધાનમાં શ્રેષ્ઠ છે. લસણની આઠ-દશ કળી ઘી કે તેલમાં સાંતળી રોજ ભોજન સાથે લેવી. ભીલામાના સેવનથી પણ સોજો ઘટે છે, દુખાવો મટે છે અને હાડકું જલદી સંધાય છે. ૨-૩ ભીલામાં તોડી તેનો ચોખ્ખા ઘીમાં શીરો બનાવી રોજ ખાવાથી ભીલામો ઊઠશે નહિ અને પૂરો લાભ આપશે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

તમે કર્યું છે સ્વાગત મારું, કયમ ભૂલું ઉપકાર?
યમ દેવને હું આધીન છું, એ જ એક આધાર.
યમરાજ : હે યુવરાજ! હે યુવરાજ!
દેવ સમો તું આજ અતિથિ, મમ ઘર તું મહેમાન.
ત્રણ દિવસનો તું ઉપવાસી, માગ તું ત્રણ વરદાન.
નચિકેતા : મને તમારા બાળકને દ્યો મૃત્યુ પછીનું જ્ઞાન,
મને સમજાવો રહસ્ય એનું, (એ) એક વાતનું ધ્યાન.
યમરાજ : હે યુવરાજ! હે યુવરાજ!
નચિકેતા : મરણ પછી શી ગતિ અમારી, ગ્રહણ કરે નહિ મૂઢ મતિ,
જ્યોત હતી અંતરમાં ન્યારી, કહીં હવે એ થશે છતી.
મને દિયો એ જ્ઞાન,
મારું એક જ છે એ ધ્યાન.
યમ : હે યુવરાજ! હે યુવરાજ!
માતપિતા તારાં ઉદ્ધરશે, આપું વૈભવ, અનુપમ માન,
સ્વર્ગ થકી અગ્નિ અવતરશે નચિકેત નામે એ જાણ.
દીર્ઘાયુ આપું સાક્ષાત્
(પણ) પૂછ નહીં એ અધરી વાત.
ત્રણે ભુવનનું આપું રાજ.
નચિકેતા : કરું કહો એને શું આજ?
મને કહો મૃત્યુનો સાર,
ટાળો મારો ઉર-અંધાર.
યમ : સૂક્ષ્મ ભેદ એ ભેદુ જાણે.
નચિકેતા : મને કહો એ સૌ આ ટાણે, હે યમરાજ! હે યમરાજ!
કોઈ કહે એ નથી, નથી છે, મૃત્યુ પછી અંધારી રાત.
યમ : નથી ટળ્યો દેવાનો સંશય.
નચિકેતા : મને કહો એ અદ્‌ભુત વાત.
યમ : ધન્ય ધન્ય હે તું નચિકેતા, તેં છોડયા લક્ષ્મીના રાગ.
વિદ્યાર્થી તું ભલો અનેરો, ધૃતિવંત તું તો મહાભાગ.
તેં છોડયા છે હર્ષ શોકને, વિજ્ઞાની તું અજરામર,
દૃઢ નિશ્ચય ને શુદ્ધ ભાવના, હાવાં તું બનિયો હરિવર.

(અનુષ્ટુપ)

નચિકેતા : બેઠેલો તે ફરે દૂર, સૂતેલો નિત્ય સંચરે,
બ્રહ્મનો મહિમા એવો, માણું શી રીત અંતરે?
યમ : આત્માને તું રથી જાણ, ને જાણ શરીરને રથ,
બુદ્ધિને સારથિ માન, ને મન રજ્જુ-બન્ધન.
ઓ યુવરાજ તને આજ, કહું સત્ય સનાતન.

(સવૈયા)

મન સંકેલે મનોવાંછના, મર્ત્ય તરે મૃત્યુની પાર,
નિત્યાનંદ મહીં એ ભળતા, અનંતનો એને આધાર.
નચિકેતા : હે યમરાજ! હે યમરાજ!
યમ : હે યુવરાજ! હે યુવરાજ!
શક્તિ અનાદિ, અનંત એનાં રૂપ અનંતર થતાં છતાં,
એક થકી અગણિત સ્વરૂપે આખર એ સૌ એક થતાં.
નચિકેતા : હે યમરાજ! હે યમરાજ!
ભૂત અને ભાવિથી ન્યારું પરમ રૂપ એનો લ્હાવો,
એક શબ્દમાં સર્વ સમાયું, સ્વરૂપ એનું સમજાવો.
યમ : સાગરની લહરીઓ જેવી મૃત્યુછાંયડી ઊભે, શમે;
જળઘૂંટડા શો પીએ મરણને કાળ સકળને સદા જમે.
નચિકેતા : એ જાણ્યું મેં મૃત્યુ સ્વરૂપે, એથી અદકાં કોણ પ્રમાણ?
મૃત્યુ નથી કે ક્ષય નથી એને, એનું કરાવો કંઈ કે ભાન.
યમ : અધિક થકી યે અદકો મોટો, અણુ થકી યે સૂક્ષ્મ ગણાય,
અંતર સચરાચર પથરાયો, જ્ઞેય તત્ત્વ ના રહે જરા ય.
નચિકેતા : આપ કૃપાથી જ્ઞાન થયું આ, અંતર આજે થતું સજાગ,
હું હાવાં ના, હું તો જાણું અનંતનો આ અમુલખ ભાગ.
યમ : ધન્ય ધન્ય ઓ રે નચિકેતા, કુળ એકોતેર તાર્યાં તેં,
હું આપું છું દિવ્ય દૃષ્ટિ આ, જનમમરણ નિવાર્યાં તેં.
નચિકેતા : ધન્ય કહીને આજ કરાવ્યું, અનુપમ એવું અદ્‌ભુત પાન,
સંશય ટાળી ઉર ઉજાળી, અમૂલ્ય આ દીધું વરદાન.
યમ : અનંતની આ અદ્‌ભુત લીલા, તરંગના બુદ્‌બુદ ઊપસે
ભેદ શમ્યો કે પરમ નિરંતર એક સનાતન સત્ય લસે.
અનંતના આરા તું જોશે! આદિ અનાદિ વિરાટ જ્યોત,
કાયા તારી ખરી જતાં તું, જ્યોત મહીં થાશે પ્રદ્યોત.
હે યુવરાજ! હે યુવરાજ!
અનંતમાં તું ભળીઓ આજ.
(બંને એકબીજામાં સમાઈ જાય છે. વિશાળ શ્વેત ધાબળાંમાં યમ નચિકેતાને સમેટી લે છે અને અલોપ થઈ જાય છે)
સુન્દરીવૃન્દ અને સંઘગાન : લ્હાણું જીવનનું માણ્યું એણે!
અગમ અગોચર જાણ્યું એણે, લ્હાણું જીવન કેરું માણ્યું.
જાણ્યું સૌ અણજાણ્યું એણે, પરમ સત્યને પરમાણ્યું.
અજવાળું અંતરમાં આણ્યું, જીવતર અંતે નિર્વાણ્યું,
અલખ અલૌકિક જાણ્યું એણે, પરમ પદ અંતર આણ્યું.
લ્હાણું જીવનનું માણ્યું એણે, લ્હાણું જીવન કેરું માણ્યું. □



ટેસ્ટ-ક્રિકેટનાં સો વર્ષ

લેખક • ભરત ના. ભટ્ટ



◁ ડાબી બાજુ : ક્રિકેટના પિતા ગણાએલા ઈંગ્લૅન્ડના ડૉ. વિલિયમ જી. ગ્રેઈસ. મોટી વય સુધી તેઓ રમતા રહેલા. બૅટ્સમૅન તરીકે ૫૧,૦૦૦ રન કરેલા તથા બોલર તરીકે એમણે ૨૮૦૦ વિકેટો ખેરવી હતી. જમણી બાજુ : ઑસ્ટ્રેલિયાના જગતખ્યાત બૅટ્સમૅન સર ડૉન જી. બ્રૅડમૅન.

'काव्येषु नाटकं रम्यं तत्रापि च शकुन्तला'...

એમ એક સંસ્કૃત શ્લોકમાં કહેવાયું છે. એ રીતે કહીએ તો રમતોમાં ક્રિકેટ રમ્ય છે ને તેમાં પણ ટેસ્ટ મૅચ હોય ત્યારે તો ! એ તો ટેસ્ટ મૅચ માણનારા જ જાણે ! એ ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસનું આ શતાબ્દી વર્ષ છે. તા. ૧૫-૩-૧૯૭૭-ના રોજ ટેસ્ટ ક્રિકેટને સો વર્ષ પૂરાં થશે.

ટેસ્ટ મૅચની વ્યાખ્યા કરવી હોય તો કંઈક આવી થાય : 'ઇમ્પિરીઅલ ક્રિકેટ કૉન્ફરન્સ (આઈ. સી. સી.)ની માન્યતા પામેલા અને તે થકી સભ્ય બનેલા કોઈ પણ બે દેશો વચ્ચે રમાતી, જે તે દેશના બંધારણીય ક્રિકેટ બૉડી દ્વારા આયોજિત, બંધારણીય પસંદગી સમિતિ દ્વારા રાષ્ટ્રીય ધોરણે પસંદગી પામેલા ખેલાડીઓ વચ્ચે રમાતી વિધિસરની (મોટે ભાગે પાંચ દિવસની) ક્રિકેટ મૅચ એટલે ટેસ્ટ મૅચ. અલબત્ત, આઈ. સી. સી.-ની સ્થાપના ૧૯૦૯માં થઈ એ ખરું, પણ ટેસ્ટ મૅચની મૂળભૂત વિભાવનાને સાચવતી એવી આંતરરાષ્ટ્રીય મૅચો વહેલી શરૂ થએલી, અને તે પણ ટેસ્ટ તરીકે સ્વીકારાઈ છે.

આવી પહેલી ટેસ્ટ મૅચ ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ૧૮૭૭ના માર્ચની ૧૫મીએ સવારે મેલબોર્ન (ઑસ્ટ્રેલિયા)ના ક્રિકેટ મેદાન ઉપર રમાઈ. ઇંગ્લૅન્ડના આલ્ફ્રેડ શૉ પહેલા ટેસ્ટ બોલર અને ઑસ્ટ્રેલિયાના ચાર્લ્સ બૅનરમૅન પહેલા ટેસ્ટ બૅટ્સમૅન બન્યા. બૅનરમૅને તો પહેલા જ દિવસે સદી પણ નોંધાવી હતી. એ દિવસથી આરંભાતા આજ સુધીના ટેસ્ટ-ઇતિહાસને ચાર તબક્કામાં વહેંચી શકાય.

પ્રથમ તબક્કો

ઈ. ૧૮૭૭થી ૧૯૦૦ સુધીના આ ગાળાને સ્થાપના યુગ કહી શકાય. ટેસ્ટ મૅચ આરંભનારા અને તેથી 'ઓલ્ડ એનિમી' કહેવાતા ઈંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયાએ આ ગાળામાં ટેસ્ટનો પાયો નાખી તેને સ્થિરતા આપી. ૧૮૭૭ પછી આ બંને દેશો વારંવાર ટેસ્ટ રમતા રહ્યા છે. આ જ ગાળામાં ઈ. ૧૮૮૨માં થયો આપણે જેને 'ધી ઍશીઝ' તરીકે ઓળખીએ છીએ તે ટ્રોફીનો જન્મ.

બન્યું એવું કે ૨૯-૮-૧૮૮૨ના રોજ ઓવલ ખાતે ઑસ્ટ્રેલિયાએ ઈંગ્લૅન્ડને ૭ રનની નાટ્યાત્મક હાર આપી. આ નામોશીભરી હારને કારણે લંડનના દૈનિક પત્ર 'સ્પૉર્ટિંગ ટાઈમ્સે' એક વ્યંજનાપૂર્ણ અવસાન-નોંધ આપી જેનો ભાવ આવો હતો કે 'આ મૅચમાં ઇંગ્લિશ ક્રિકેટનું મૃત્યુ થયું છે. તેને અગ્નિદાહ દેવામાં આવશે ને ભસ્મ (ઍશીઝ) ઑસ્ટ્રેલિયા લઈ જવામાં આવશે.'

આમ અમૂર્તરૂપે જન્મેલી 'ઍશીઝ'ની વિભાવના બીજે વર્ષે મૂર્ત બની. ઇંગ્લિશ ટીમ લઈને ઑસ્ટ્રેલિયા ગએલા ઑનરેબલ આઈવો બ્લાઈ સિડની ખાતેની ત્રીજી ટેસ્ટ જીત્યા ત્યારે એ મેદાન પર થોડી ઑસ્ટ્રેલિયન મહિલાઓએ એક બેઇલ (ચકલું) બાળી, તેની રાખ એક કુંજામાં ભરીને બ્લાઈને ભેટ આપી (તેમાંની એક મહિલાએ તો બ્લાઈને પોતાનું હૃદય પણ સમર્પી દીધું) ને આમ, ૩૦-૧-૧૮૮૩ના રોજ 'ઍશીઝ'—ઇંગ્લૅન્ડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ક્રિકેટ સર્વોપરિતાના પ્રતીકનો જન્મ થયો.

ઈ. ૧૮૮૮-૮૯માં એ. સી. સ્મિથની ઇંગ્લિશ ટીમ દક્ષિણ આફ્રિકા રમવા ગઈ ને ત્યાં બે ટેસ્ટ રમી ને બંનેમાં જીતી. આમ ટેસ્ટ ક્રિકેટમાં ત્રીજા દેશ–દક્ષિણ આફ્રિકા–નો પ્રવેશ થયો.

ટેસ્ટ મૅચો રમાતી ગઈ તેમ તેમ તેના નિયમો–વ્યવહારોમાં કેટલાક ફેરફારો થતા ગયા. ટેસ્ટનો આરંભ થયો ત્યારે ૪ બૉલની ઓવર હતી. ૧૮૯૦થી ઇંગ્લૅન્ડમાં પાંચ બૉલની ને ઑસ્ટ્રેલિયામાં ૬ બૉલની ઓવર ગણાતી હતી. વળી, આ ગાળામાં ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ મૅચ પરિણામ આવે ત્યાં સુધી રમાતી, જ્યારે ઈંગ્લૅન્ડમાં ટેસ્ટ મૅચ ત્રણ દિવસની રહેતી. ઈ. ૧૮૮૨થી ઑસ્ટ્રેલિયામાં 'ટી ઈન્ટરવલ' અમલમાં આવેલો. ખાસ નોંધવા જેવી બે બાબતો તે એ કે ત્યારે 'ફૉલોઑન' ફરજિયાત હતું—સામેની ટીમને ફૉલોઑન કરવી કે નહિ તે સુકાનીના હાથની વાત નહોતી. વળી, ત્યારે આખા એક દાવમાં એક જ બૉલ વાપરવામાં આવતો.

પ્રારંભનાં ૨૩ વર્ષના એ ગાળામાં કેટલીક નોંધપાત્ર પ્રતિભાઓ ટેસ્ટ ક્રિકેટે જોઈ. તેમાં ક્રિકેટના પિતા ગણાએલા વિલિયમ જી. ગ્રેઈસ (ઇંગ્લૅન્ડ) સૌથી મોખરે. ટેસ્ટના આરંભ વખતે પોતાની યુવાની વટાવી ચૂકેલા ગ્રેઈસે—કમ્મરે પટ્ટો, દાઢી, હાથમાં બેટ ને માથે હૅટ એવા ગ્રેઇસે ઑલ રાઉન્ડર તરીકેની પોતાની પ્રતિભા બતાવી એટલું જ નહિ, પણ મોટી વયે રમીને અને સુકાનીપદ સંભાળીને ટેસ્ટ ક્રિકેટને એવી ગરિમા આપી જેવી મહાકાવ્યને વાલ્મીકિ કે હોમરે આપી છે.

ગ્રેઈસ જો ટેસ્ટ ક્રિકેટના 'આદિ બૅટ્સમૅન' છે તો ફ્રેડરિક રૉબર્ટ સ્પો-



ડાબી બાજુથી અનુક્રમે: (૧) ફ્રેડરિક રૉબર્ટ સ્પોફોર્થ (ઑસ્ટ્રેલિયા), ટેસ્ટ ક્રિકેટના આદિ બોલર. એમની ખતરનાક બોલિંગને કારણે 'ડેમન' (દાનવ) તરીકે ઓળખાતા. (૨) રણજિતસિંહ, ઇંગ્લૅન્ડના ભારતીય ખેલાડી, 'લેગ ગ્લાન્સ' સ્ટ્રોકના શોધક ખ્યાતનામ બૅટ્સમૅન. (૩) વિક્ટર ટ્રમ્પર (ઑસ્ટ્રેલિયા) ક્રિકેટ જગતની આદર્શ સૌંદર્યમૂર્તિ; એમના વ્યક્તિત્વ અને બૅટિંગમાં સૌષ્ઠવ, નૈસર્ગિકતા, સૌંદર્ય અને જીવંતતા તાદૃશ થતાં. (૪) જ્હૉન બેરી હૉબ્સ (ઇંગ્લૅન્ડ) 'ગૂગલી'ના ખોફનાક જાદુને તોડનાર પ્રથમ બૅટ્સમૅન. (૫) હેરોલ્ડ લારવૂડ, ઇંગ્લૅન્ડના ખ્યાતનામ ફાસ્ટ બોલર અને (૬) સિડની એફ બાર્નેસ, ઇંગ્લૅન્ડના વિખ્યાત બોલર.

ફોર્થ (ઑસ્ટ્રેલિયા) 'આદિ બોલર' છે. પોતાની ખતરનાક બોલિંગને કારણે જેમને 'ડેમન' (દાનવ)નું ઉપનામ મળેલું તે સ્પોફોર્થ આધુનિક ઝડપી બોલિંગના જન્મદાતા ગણાય છે. તેમણે ઝડપી બોલિંગને એક સામાન્ય ટેક્નિકમાંથી ઉઠાવીને એને વિજ્ઞાન અને કલાનું રૂપ આપ્યું. ખતરનાક ગતિ ઉપરાંત બૉલની ગતિમાં વધ-ઘટ અને ઈનસ્વિંગની યુક્તિઓ પણ તેમણે સફળતાથી અજમાવેલી.

ઇંગ્લૅન્ડે પણ ૧૮૯૩માં એક પ્રતિભાવાન ઝડપી બોલર આપ્યો છે: ટૉમ રિચાર્ડસન. સ્પોફોર્થનું શસ્ત્ર હતું ગતિનું વૈવિધ્ય અને ઈનસ્વિંગ જ્યારે રિચાર્ડસન પાસે ગતિ, તાકાત ને લૅંગ્થ તેમજ લાઈનનો અસાધારણ કાબૂ હતો. તે જ કાળના બીજા ઝડપી બોલર બિલ લૉકવૂડે બરાબર કહ્યું છે કે, 'There will never be another Richardson.' સ્પોફોર્થ કે રિચાર્ડસનને ઝડપી બોલરોના પ્રયોગોનો લાભ પણ નહોતો ને એક દાવમાં બીજો નવો બૉલ પણ નહોતો એ યાદ રાખવાનું છે.

બૅટિંગકલાના નિર્ભેળ નમૂના સમ ઇંગ્લૅન્ડના ભારતીય ખેલાડી રણજિતસિંહે પણ આ તબક્કાના બૅટ્સમૅન તરીકે નવા ફટકા શોધ્યા. 'લેગ ગ્લાન્સ' તરીકે ઓળખાતો સ્ટ્રોક તેમણે શોધેલો. તેમના આવ્યા પહેલાં બૅકફૂટ જઈને ડીફેન્સિવ રમવાનું પ્રચલિત હતું. પણ બૅકફૂટ જઈ આક્રમક શૉટ મારવાનું તેમણે શોધ્યું. નેવિલ કાર્ડસે લખ્યું છે: 'તેમની પ્રતિભાનો સાચો પુરાવો એ છે કે તેમણે ઇંગ્લિશ ક્રિકેટમાં પૌરસ્ત્ય મૃદુતા, અલૌકિક વિદ્યા ને ઝાકળ સમી સૂક્ષ્મ કલાત્મકતા આણ્યાં!'

બીજો તબક્કો

ટેસ્ટ ક્રિકેટની કલા ને ટેકનિકમાં આ ૧૯૦૦ થી ૧૯૧૪ના ગાળામાં ઘણાં પરિવર્તન આવ્યાં. એને ટેસ્ટ-ક્રિકેટનો યૌવનકાળ કહીએ. ઈ. ૧૯૦૨–'૦૩માં પ્રથમ વાર જ ઑસ્ટ્રેલિયાની ટીમ દક્ષિણ આફ્રિકા જઈ ત્યાં ત્રણ ટેસ્ટ મૅચમાં રમી હતી.

ઈ. ૧૯૦૩–૦૪ની ઇંગ્લૅન્ડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની સીરીઝમાં ઇંગ્લિશ બોલર બોઝનક્વેટે રહસ્યાત્મક એવી 'ગૂગલી' બોલિંગ નાખવાની નવતર કલા અજમાવી ને કદાચ સૌથી વધુ ગોપિત એવી બોલિંગકલાનું અવતરણ થયું. કાંડાના સ્પિનરો નાખી શકે તેવી આ બોલિંગ સામે પ્રથમવાર રમતાં ટ્રમ્પર જેવા બૅટ્સમૅન પણ પ્રથમ બૉલે બોલ્ડ થએલા. નવાઈ તો એ છે કે આ નવી કળાને જન્મ આપ્યો એક અંગ્રેજે અને એમાં ચાર દક્ષિણ આફ્રિકન બોલરોએ એવી તો હથોટી મેળવી લીધી કે ૧૯૦૫'–'૦૬માં ઇંગ્લૅન્ડે દક્ષિણ આફ્રિકા સામે ૪–૧ની સજ્જડ હાર ખાધી. દક્ષિણ આફ્રિકાના આ વિજયના ઘડવૈયા એ ચાર ગૂગલી બોલરો તે વૉગ્લર, સુઝં, ફૉકનર અને વ્હાઈટ.

ઈ. ૧૯૦૦થી ફૉલોઓન મરજિયાત બન્યું તેમ જ ઑસ્ટ્રેલિયામાં ૨૦૦ રન પછી નવો બૉલ લેવાનો રિવાજ અમલમાં આવ્યો. ૧૯૦૫થી ઇંગ્લૅન્ડમાં પણ 'ટી ઇન્ટરવલ' પડતો થયો.

અહીં બીજી બે બાબતોનો પણ ઉલ્લેખ કરી લઇએ. પહેલી બાબત તે બોલિંગમાં હાથને ઘુમાવવાની રીત. ટેસ્ટનો આરંભ થયો ત્યારે અને લગભગ ૧૯મી સદીના અંત સુધી બોલરો બોલિંગ નાખતા ત્યારે મોટે ભાગે હાથને ઊંચે લઈ જઈને બોલને ન છોડતાં હાથને જરા નીચો અને શરીરની બાજુમાંથી ઘુમાવીને છોડતા. આને 'લૉબ' કહેવામાં આવે છે. ૧૯મી સદીના અંતથી આ પદ્ધતિ ધીરે ધીરે ગઈ અને હાથને ઊંચે લઈ જઈને બૉલને ફેંકવાનું સાર્વત્રિક–સાહજિક બન્યું. કહેવાય છે કે આ જ ગાળામાં ઑસ્ટ્રેલિયાના સુકાની એમ. એ. નોબલે ફીલ્ડસેટિંગમાં પહેલી વાર 'ઈનર રિંગ' ને 'આઉટર રિંગ'નો વિચાર ને અમલ કર્યો. આમાંથી જ જતે દિવસે ઍટૅકિંગ તથા ક્લોઝ ફીલ્ડિંગ અને ડીફેન્સિવ તથા સ્પ્રેડ ફીલ્ડિંગની યુક્તિઓ વધુ ને વધુ નક્કર રૂપ લેતી થઈ.

ઑસ્ટ્રેલિયાના વિક્ટર ટ્રમ્પરની એ ગાળામાં બોલબાલા હતી. તેમના દેખાવમાં, વ્યક્તિત્વમાં ને બૅટિંગમાં સૌષ્ઠવ, નૈસર્ગિકતા, સૌંદર્ય અને જીવંતતા એવાં તો તાદૃશ્ય થતાં કે ક્રિકેટ જગતમાં તેઓ 'Beau Ideal' (આદર્શ સૌન્દર્યમૂર્તિ) તરીકે ઓળખાય છે. તેના બૅટિંગમાં જે તેજસ્વિતા, લાવણ્ય, નૈસર્ગિકતા, ચાંચલ્ય અને નિર્બંધતા જોવા મળતાં તેનો જોટો નથી. ઈ. ૧૯૧૫માં માત્ર ૩૮ વર્ષની વયે તેમનું અવસાન થયું ત્યારે નેવિલ કાર્ડસે લખેલું: 'God of cricket wanted him so he died young.'

આ ગાળાની બીજી પ્રતિભાઓમાં એક તે અજોડ બોલર સીડ બાર્નેસ. આઉટ સ્વિંગરને મહત્ત્વનું શસ્ત્ર બનાવનાર તેઓ પ્રથમ બોલર હતા. આ ઉપરાંત 'ઈન સ્વિંગ', બ્રેક બૅક તથા ગતિના વૈવિધ્યને તેમણે અજબ રીતે હસ્તગત કરેલાં. તેઓ ગમે તેવા વાતાવરણમાં અને ગમે તેવા (જૂના) બૉલને પણ સ્વિંગ કરી શકતા. રાલ્ફ બાર્કરે તેમને યોગ્ય રીતે જ 'ઍડમૅન ઑવ બોલર્સ' કહીને બધા બોલરોને મોખરે મૂક્યા છે. ઇંગ્લૅન્ડની જ બીજી પ્રતિભા તે જ્હૉન બેરી હૉબ્સ. ઈ. ૧૯૦૯-'૧૦માં તેમને દ૦ આફ્રિકા સામે ગૂગલી બોલિંગનો સામનો કરવાનો આવ્યો, ને એ નવલોહિયા યુવાને દ૦ આફ્રિકાની મૅટિંગ વિકેટ પર ગૂગલીને રમવાની 'માસ્ટરી' બતાવી. ગૂગલીના ખોફનાક જાદુને તોડનાર તેઓ પ્રથમ બૅટ્સમૅન હતા. હૉબ્સના જાણીતા ઑપનિંગ સાથીદાર સટક્લિફે કહ્યું છે તેમ 'તેઓ ગમે તે પ્રકારની વિકેટ પરના સર્વોત્તમ બેટ્સમૅન હતા.' આ વાત અક્ષરશ: સાચી છે.

પહેલા મહાન ટેસ્ટ વિકેટ કીપર હૅન્ડર ક્લેમ હિલ (ઑસ્ટ્રેલિયા) અને ઇંગ્લૅન્ડના મહાન બેટ્સમૅન તથા સુકાની એન. જૅક્સન પણ આ ગાળા–

ના નોંધપાત્ર ખેલાડીઓ. હોબ્સ સાથે પ્રવેશ પામેલામાં ઇંગ્લૅન્ડના જ સોબર્સ સમા મહાન ડાબેરી ઑલ-રાઉન્ડર ફ્રૅન્ક વૂલી અને ઍડમિરલ નેલ્સનના સૈનિક જેવા લડવૈયા ઑલ-રાઉન્ડર વિલ્ફ્રેડ રૂહોડ્ઝ ઉલ્લેખનીય છે. દ૦ આફ્રિકાની ક્રિકેટજગતને સૌથી મોટી ભેટ સમા, કદાચ જગતના સૌથી વધુ 'બૅલેન્સ્ડ' ઑલ-રાઉન્ડર જી. એ. ફૉકનર પણ આ ગાળાના. આ જ સમયના ઑસ્ટ્રેલિયાના ચાર્લી મેકાર્ટની તો 'અન ઓર્થોડૉક્સ' બૅટિંગમાં કેવળ ટ્રમ્પરથી જ પાછળ ગણાય. ટ્રમ્પર ક્રીઝ ઉપર લાવણ્ય અને ચાંચલ્યનું પ્રતીક, જ્યારે મૅકાર્ટની પૂરી નૈસર્ગિકતા સાથે કૌવત અને તૃષાનું પ્રતીક હતા.

ત્રીજો તબક્કો

બે વિશ્વયુદ્ધ વચ્ચેનો–૧૯૨૦ થી ૧૯૩૯નો આ ગાળો બૅટિંગનો સુવર્ણયુગ કહી શકાય. એમાં બહુ સારા બૅટ્સમૅન આવ્યા. ઑસ્ટ્રેલિયાએ પોતાની ભૂમિ પર ઇંગ્લૅન્ડને ૫–૦ની સજ્જડ હાર આપી. આ ગાળાના આરંભમાં જ ઑસ્ટ્રેલિયાના જૅક ગ્રેગરી અને ઈ. એ. મૅકડોનાલ્ડમાં પહેલી જ વાર ટેસ્ટ ક્રિકેટની ખતરનાક ઝડપી બૉલિંગની જોડી જોવા મળી. મૅકડોનાલ્ડ અસાધારણ ગતિ અને સ્વિંગમાં કુશળ, જ્યારે ગ્રેગરીના તો હાડમાંજ જાણે ક્રિકેટ હતું, ઝડપી બૉલિંગમાં એ ખતરનાક; અને અત્યંત આક્રમક બૅટ્સમૅન તથા અદ્વિતીય સ્લિપ ફીલ્ડર.

ટેસ્ટ ક્રિકેટના વિસ્તારના સંદર્ભમાં આ તબક્કાનું મહત્ત્વ છે. એમાં ત્રણ બીજા દેશોએ ટેસ્ટ-ક્રિકેટમાં પ્રવેશ કર્યો; ૧૯૨૮માં ઇંગ્લૅન્ડમાં વેસ્ટ ઇન્ડીઝે, ૧૯૨૯માં ન્યૂઝીલૅન્ડમાં ગિલિગનની પ્રવાસી ઇંગ્લિશ ટીમ સામે ન્યૂઝીલૅન્ડે અને ૧૯૩૨માં ઇંગ્લૅન્ડમાં નાયડુની ભારતીય ટીમે ટેસ્ટ રમવાનું શરૂ કર્યું; અને આમ બે દેશો વચ્ચે આરંભાયેલી ટેસ્ટ મૅચ ૫૫ વર્ષના અંતે છ દેશો વચ્ચેની પ્રતિયોગિતા બની.

ઈ. ૧૮૯૦થી ઑસ્ટ્રેલિયામાં છ બૉલની ઓવર ગણાતી તે હવે ૧૯૨૪-'૨૫થી ૮ બૉલની બની. લગભગ આ ગાળામાં જ વરસાદ કે વાવાઝોડા સામે પિચને રક્ષવાનું આરંભાયું અને ૧૯૩૦થી ઇંગ્લૅન્ડમાં ટેસ્ટનો ગાળો ત્રણ દિવસને બદલે ચાર દિવસનો કરવામાં આવ્યો. બૉલિંગમા બૉલને બંને બાજુ સ્વિંગ કરવાનું વિકસતું જતું હતું તેમાં હવે ચળકાટ અને સાંધાનું પણ મૂલ્ય ઊભું થયું. આમ આ ટૅક્નિક કે કલાની દૃષ્ટિએ જોઈએ તો આ તબક્કાની સૌથી નોંધપાત્ર બાબત તે સ્લો લેગસ્પિન બૉલિંગનું આગમન. ફ્લાઈટના વૈવિધ્યવાળી તેમજ કાંડા અને આંગળાંની કરામતથી નખાતી સ્લો બૉલિંગ આ ગાળામાં પ્રકટ થઈ. આમાં ખાસ તો લેગસ્પિન 'ટિક' ફ્રિમેન (ઇંગ્લૅન્ડ) તેમ જ ગ્રીમેટ, ઓરીલી, ફ્લીટવૂડ સ્મિથ (બધા ઑસ્ટ્રેલિયાના) દ્વારા અનુક્રમે જમણેરી ફિંગર સ્પિન, જમણેરી રિસ્ટસ્પિન અને ડાબેરી સ્પિન દ્વારા લેગસ્પિન પ્રયોજાઈ અને કલાત્મકતાને પામી. આ સાથે જ બૉલિંગને અનુરૂપ ફીલ્ડિંગ ગોઠવવાનું તથા પિચ તૈયાર કરવાનું પણ આરંભાયું. નોંધનીય એ છે કે હોબ્સ મૅકાર્ટની, ને વૂલી જેવા ગત ને ચાલુ બંને તબક્કામાં–ને એ રીતે બંને પરંપરામાં રમેલા ખેલાડીઓ બંને ગાળામાં સફળતા ને યશ પામ્યા. હોબ્સની કોઈ સૌથી મોટી સિદ્ધિ હોય તો એ જ છે કે આ બંને પરંપરામાં તેણે પોતાની મહાનતા સાબિત કરી.

આ ગાળામાં લગભગ બધા દેશોએ પ્રતિભાસંપન્ન બૅટ્સમૅનો આપ્યા ન્યૂઝીલૅન્ડના પ્રખ્યાત લેફ્ટ હૅન્ડર માર્ટિન ડૉનેલી આ કાળનું ફરજંદ. જેને દુનિયા 'બ્લૅક બ્રૅડમૅન' તરીકે આલેખે છે તે ખરાબ પિચ પરના બૅટ્સમૅન, વેસ્ટ ઇન્ડીઝના જ્યૉર્જ હેડલી, દ૦ આફ્રિકાના ડડલી નર્સ (જુનિ.) ને માઈકલ પણ આ ગાળામાં. ભારતના બે સર્વોત્તમ બૅટ્સમૅન નાયડુ અને મરચંટ પણ આ તબક્કાની પેદાશ. ઇંગ્લૅન્ડની પ્રતિભાઓમાં બે: સટક્લિફ અને હૅમન્ડ સટક્લિફ દુનિયાના ઓપનરોમાં મૂર્ધન્ય અને હોબ્સની સાથે આજ સુધીની દુનિયાની સર્વશ્રેષ્ઠ ઓપનિંગ જોડી. હૅમન્ડ એટલે કલાત્મકતા, સૌષ્ઠવ અને ટેકનિકલ સધ્ધરતાનો સુભગ સમન્વય, રન-વૈપુલ્યમાં બ્રૅડમૅનથી બીજા ને સફળ ટેસ્ટ બૉલર તેમ જ દાર્શનિક પાઠ સમા સ્લિપ ફીલ્ડર.

ઑસ્ટ્રેલિયાએ પણ આ ગાળામાં બે પ્રતિભાઓ આપી: સ્ટાન મૅકકૅબ અને સર 'ડૉન' બ્રૅડમૅન. કહેવાય છે કે જો બ્રૅડમૅન ન હોત તો ટેસ્ટજગત મૅકકૅબનું બૅટિંગ એટલે શું તેનો સાચો ખયાલ મેળવત. વૉર્નરે લખ્યું છે કે 'મને એ બૉલરોની દયા આવે છે જેમણે બ્રૅડમૅન અને મૅકકૅબ સામે હવેના ભવિષ્યમાં બૉલિંગ કરવાની છે.' ઈ.૧૯૩૮માં નોટિંગહામ ખાતે મૅકકૅબની ફટકાબાજી ચાલતી હતી ત્યારે સ્ટેડિયમમાં બેઠેલા કાર્ડસે સિડ બાર્નેસને કહ્યું: I'd have liked to see you out there bowling to McCabe' ને બાર્નેસ જેવા બાર્નેસે જવાબ આપ્યો કે 'I don't think I could have kept him quiet.'

પણ આ બૅટિંગતારકોમાં શુક્રતારક તો એ 'સ્કોરિંગ મશીન' સમા ડી. જી. બ્રૅડમૅન. મહાભારતના મહારથીઓ વચ્ચે જે સ્થાન અર્જુનનું ને જગતની મહાનવલોમાં જે સ્થાન 'યુદ્ધ અને શાંતિ'નું તે સ્થાન આ બધા બૅટિંગ ધુરંધરો વચ્ચે આ બ્રૅડમૅનનું છે. તેમના આગમનથી સદીઓનો એક એવો પ્રવાહ વહ્યો જે અન્યથા કલ્પવો પણ મુશ્કેલ હતો. મહાન બૅટ્સમૅનો કરતાં પણ વધુ ત્વરાથી બૉલને પારખવાની ક્ષમતા, અસાધારણ ઝડપી અને પર્ફેક્ટ ફૂટવર્ક તેમ જ અમાપ એકાગ્રતા અને કૌવત, આ બધું એમની સિદ્ધિઓના પાયામાં હતું. કહેવાય છે કે બ્રૅડમૅન માટે કોઈ બૉલ 'ગુડલૅંગ્થ બૉલ' જ નહોતો! બ્રૅડમૅન નિવૃત્ત થયા ત્યારે કોઇકે લખેલું કે 'તેમની નિવૃત્તિથી ઇંગ્લૅન્ડના ખેલાડીઓને એટલો આનંદ થયો છે જેટલો આનંદ હૅનિબાલના મૃત્યુથી રોમનોને થયો હતો.' જો ટ્રમ્પર એ લયબદ્ધ ને લાવણ્યમય મહાકાવ્ય હતા તો બ્રૅડમૅન એ હૃદયસ્પર્શી અને વ્યાપકતાસભર મહાનવલ છે. જો ટ્રમ્પર, જેને ખુદ સ્વર્ગના દેવો બોલાવે તેવા ક્રિકેટર હતા, તો બ્રૅડમૅન (હૉબ્સની સાથે) ક્રિકેટર તરીકે જન્મેલા અતિમાનવ છે.

આ તબક્કાની અન્ય પ્રતિભાઓમાં સર્વોત્તમ ફિંગર લેગસ્પિનર ગ્રિમેટ તથા સર્વોત્તમ કાંડાના લેગસ્પિનર ઓરીલી (બંને ઑસ્ટ્રેલિયાના) નોંધપાત્ર છે, તો ૨૦મી સદીના ટૉમ રિચાર્ડસન સમા ઇંગ્લૅન્ડના ઝડપી બૉલર લારવૂડ પણ નોંધપાત્ર છે. બે મહાન વિકેટકીપરો–દ૦ આફ્રિકાના કેમેરોન અને ઑસ્ટ્રેલિયાના 'જેન્ટલમૅન ઈન ગ્લવ્ઝ' તરીકે જાણીતા જગતના મહાન સ્ટમ્પર ઓલ્ડફીલ્ડ અમર ખેલાડીઓ ગણાય છે.

ઈ. ૧૯૩૨–'૩૩માં ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ વચ્ચે રમાએલી સીરીઝ ટેસ્ટ ઇતિહાસની સૌથી વધુ ચર્ચાસ્પદ સીરીઝ ગણાય. બ્રેડમૅનનો રનપ્રવાહ અટકાવવા ઇંગ્લૅન્ડના સુકાની જાર્ડિને અને તેના ઝડપી બૉલરોએ 'લેગ થીઅરી' અને વ્યંગમાં 'બૉડી લાઈન બૉલિંગ'ની જે યુક્તિ અજમાવી તેણે ત્યારે ઇંગ્લૅન્ડને તો ૪–૧નો વિજય અપાવ્યો, પણ ક્રિકેટની ખેલદિલી પર તેથી જે જખમ પાડયો છે તે હજી રુઝાયો નથી.

ચોથો તબક્કો


ઈ. ૧૯૪૬થી ૧૯૭૭નો આધુનિક યુગ એ બૅટિંગ, બૉલિંગ, ફીલ્ડિંગ, પિચ પ્રીપૅરિંગ તથા સાધનોની બનાવટમાં યુક્તિસભર એવો યુગ ગણાય. આ તબક્કાનાં દ્વાર પણ બ્રૅડમૅનની માતબર ઑસ્ટ્રેલિયન ટીમના યશસ્વી દેખાવથી ઊઘડે છે. ત્યાંના લિંડવૉલ અને મિલરમાં જાણે ગ્રેગરી અને મૅકડોનાલ્ડ પુનર્જન્મ પામ્યા. મિલર ઉત્તમ ઑલ-રાઉન્ડર તો લિંડવૉલ આદર્શ રનઅપ ધરાવતા મહાન ઝડપી બૉલર.

આ છેલ્લા ગાળામાં બધે જ ટેસ્ટ મૅચો પાંચ દિવસની થઈ અને રમતનો કુલ સમય લગભગ બધે ૩૦ કલાકનો બન્યો. ઈ. ૧૯૫૨થી પાકિસ્તાન પણ સાતમા દેશ તરીકે મૅચમાં પ્રવેશ્યું, ને ૧૯૫૦ પછી બધા દેશોએ એક-બીજા સામે રમવાનું આરંભ્યું. માત્ર (અનુ. પૃ. ૭૮)

ભારતીય મંદિર-
સ્થાપત્યનાં
વિવિધ અંગ–૭

દ્વાર

લેખક
હરિપ્રસાદ
સોમપુરા






ભારતમાં કોઈપણ સ્થાપત્યશૈલીના મંદિરમાં એનું દ્વાર વિધવિધ શિલ્પાંકનથી સવિશેષ સુશોભિત જોવા મળે છે. સામાન્ય વ્યવહારમાં આપણે જેને 'બારસાખ' કહીએ છીએ તે શબ્દ મૂળ 'દ્વારશાખા' પરથી બનેલો છે. આ દ્વારશાખા કે શાખના વિવિધ પ્રકારો પણ આપણે ત્યાં વિચારાયા છે–કંડારાયા છે અને એને વિવિધ નામ અપાયાં છે. દેવમંદિરો ઉપરાંત, રાજપ્રાસાદોમાં પણ એનું એવું જ મહત્ત્વ છે. શોભન-કંડારણની દૃષ્ટિએ આ દ્વારશાખાના પણ ઓછાવધતા વિભાગો (શાખા) પાડેલા હોય છે અને એ વિભાગો પ્રમાણે એને જુદાંજુદાં નામે ઓળખાવી છે. ક્યાં કેવી શાખ કંડારવી તેનો વિચાર પણ ભારતીય શિલ્પશાસ્ત્રોમાં જોવા મળે છે. જેમકે શિવમંદિર નવશાખા–'પદ્મિની', અન્ય દેવાલયો સપ્તશાખા–'હંસિની', સમ્રાટ કે ચક્રવર્તીઓના રાજપ્રાસાદ પંચશાખા 'નંદિની', માંડલિક રાજાઓના પ્રાસાદ ત્રિશાખા 'સુભગી'યુક્ત કરવાનું શિલ્પશાસ્ત્રોમાં સૂચન છે. વળી, યજ્ઞશાળા તથા યજ્ઞયાગ કરાવનારા લોકોના આવાસ દ્વિશાખા તથા બ્રાહ્મણ, વૈશ્ય ને શૂદ્રનાં ઘરનાં દ્વાર એક શાખાવાળાં કરવાનું કહ્યું છે. નવ શાખાથી પણ અધિક શાખાયુક્ત દ્વાર કરવાનું પણ શિલ્પશાસ્ત્રમાં માન્ય છે. પરંતુ એટલાં શિલ્પસમૃદ્ધ દ્વાર જવલ્લે જ અને પ્રાચીન મંદિરોમાં જ (અને ત્રિશાખાયુક્ત દ્વાર સવિશેષ) જોવા મળે છે. આબુ ને કુંભારિયાજીનાં સમદલ રૂપસ્તંભયુક્ત સુંદર ત્રિશાખા દ્વાર વિખ્યાત છે. શેરીઓના પાર્શ્વનાથ પ્રાસાદ-મંડપનું પંચશાખા દ્વાર, રાણકપુરના પાર્શ્વનાથ તેમજ સૂર્યનારાયણના અષ્ટભદ્રી પ્રાસાદનાં સપ્તશાખા દ્વાર તથા અમદાવાદના હઠીસિંહના મંદિરનું સપ્તશાખા દ્વાર શિલ્પ-કલાકૌશલનાં ઉત્તમ ઉદાહરણો છે. દેવગઢનાં જૈન મંદિરોનાં કેટલાંક પ્રવેશદ્વારો તેમજ ગર્ભગૃહનાં દ્વારની કલાપૂર્ણ શિલ્પાકૃતિઓ અત્યંત પ્રશંસનીય છે. 'સહસ્રકૂટ ચૈત્યાલય'નાં પૂર્વ-પશ્ચિમી દ્વાર તથા પંચાયતન શૈલીના સાંધાર પ્રાસાદના ગર્ભગૃહનું લક્ષ્મી, નવ ગ્રહ, સોળ સ્વપ્નો, વિદ્યાધર, સરસ્વતી તથા વિવિધ તીર્થંકરોની પ્રતિમાયુક્ત દ્વાર પણ સુખ્યાત છે. દ્વારની શાખાઓમાં ત્રિભંગયુક્ત ગંગા-યમુના, કેટલીક પૌરાણિક કથાના પ્રસંગો, પ્રેમાલિંગિત યુગ્મ સ્વરૂપો વગેરે કંડારાય છે. દેવગઢમાં દ્વારની બાજુમાં ગંગા-યમુનાની પ્રતિમાઓ કંડારેલી છે. બીજી પણ ઘણી જગ્યાએ આવું શિલ્પ જોવા મળે છે. ગુજરાતમાં પ્રવેશદ્વારની ઉપર નવ ગ્રહ, માતૃકાઓ વગેરે કંડારવાનો રિવાજ છે. ડૉ. હરિલાલ ગૌદાનીએ એક સ્થળે પ્રસૂતિનાં તબક્કાવાર શિલ્પો હોવાનું પણ નોંધ્યું છે.

'શિલ્પરત્નાકર'માં દ્વારમાં 'શાખાની ઊંચાઈના $\frac{1}{4}$ ભાગે દ્વારપાલો, વામશાખામાં યમુના, દક્ષિણે ગંગા, યા બંને શાખાની ડાબી જમણી બાજુ એમનું યુગલ કંડારવાનું સૂચવ્યું છે. વળી, વામ શાખામાં નંદિ નામક ગણની ને દક્ષિણ (જમણી) શાખામાં મહાકાલની પ્રતિમા તથા અંતિમ શાખામાં દક્ષ પ્રજાપતિ અથવા હાથમાં નિધિકુંભ સાથેના દેવતાઓ કરવાનું કહ્યું છે. જૈન મંદિરોમાં વિશેષતઃ તીર્થંકરોની પ્રતિમાઓ, નાની દેવકુલિકાઓ તેમજ ભૌમિતિક આકારો કરવાની પ્રથા છે.

આમ, નાનાવિધ શિલ્પાલંકારથી શોભતાં દ્વાર મંદિરના કે એમાંના ગર્ભગૃહના પ્રવેશદ્વારે કંડારાય છે. દ્વારનાં ત્રણ મુખ્ય અંગ છે: (૧) ઉંબર, એમાં ડાબી-જમણી બાજુએ બે 'ગ્રાસમુખ' અને વચ્ચે (અનુ. પૃ. ૮૮)



◁ઉંબર
અને
કુંભ

ત્રિશાખા દ્વારશાખ ગ્રાસ માણું ગ્રાસ અને મથાળે ઉત્તરંગ, આ સર્વે દ્વારનાં મુખ્ય અંગ છે.

સ્વ. ચાંપશીભાઈ ઉદેશી

'વિનોદ'ની નજરે (૧૨)

લેખક વિનોદ ભટ્ટ



સ્કેચ રવિશંકર રાવળ

હું હાસ્ય-લેખક છું એવી ખબર સૌ પ્રથમ મને ક્યારે પડેલી એવું કોઈ મને પૂછે તો હું બેધડકપણે કહી શકું કે મુ. ચાંપશીભાઈએ જ મને આ વાતની જાણ કરેલી. ઈ. ૧૯૫૬ના જૂન માસમાં તેમણે મારો એક લેખ છાપેલો. જેના મથાળા પર તેમણે 'હાસ્યલેખ' એવું લખેલું. આ મથાળા સાથે લેખ વાંચ્યા પછી જ મને ખબર પડી કે મેં લખ્યો છે એને હાસ્યલેખ કહેવાય. ને મોટે ભાગે હાસ્ય-લેખકો જ હાસ્યલેખ લખતા હોય છે. આમ મને હાસ્ય-લેખક બનાવવા માટે ચાંપશીભાઈ જવાબદાર છે.

એ વખતે હું કૉલેજના પહેલા બીજા વર્ષમાં ભણતો. જીવનમાં મૌગ્ધ્ય સિવાય બીજું કશું જ નો'તું એ દિવસોમાં. મારા એક મિત્ર ભાઈ જસવંત મિસ્ત્રીને લઈ ને એક વાર ચાંપશીભાઈ પાસે ગએલો. 'નવચેતન'માં મારા બે-ત્રણ લેખો છપાએલા ને પાંચેક સ્વીકારાએલા; એટલે કંઈક ગર્વથી મિત્રો આગળ ચાંપશીભાઈ, 'નવચેતન' તેમજ મારા વિષે વાત કરતો. જસવંત મિસ્ત્રી પણ નવોનવો લેખક હતો, એટલે તેને પણ ચાંપશીભાઈને મળવાની લાલચ જાગી. તેને હું તેમની પાસે લઈ ગયો. તેના ખભા પર સ્નેહથી હાથ મૂકી ચાંપશીભાઈએ સલાહ આપી: 'ભાઈ, મારું માનો તો હમણાં કશું જ લખશો નહિ. પહેલાં વાંચો, ખૂબ વાંચો. આંખ-કાન ખુલ્લાં રાખીને બધું જુઓ-સાંભળો. પછી જ કલમ ઉપાડો. આપણને કોઈ કાચા ભાત પીરસે તો આપણે તે ખાઇએ છીએ? તેમ આપણા અધકચરા વિચારોવાળાં લખાણો પણ પ્રજા સમક્ષ મૂકવાં ન જોઇએ. માણસે ચાળીસ વર્ષ પૂરાં કર્યા પછી જ લખવાનું શરૂ કરવું જોઇએ.' હું તો મુગ્ધભાવે આ બધું સાંભળી રહ્યો; પણ પછી મારા એ મિત્રે કોઈ મૅગેઝીનમાં આ આખો ય પ્રસંગ નામઠામ વગર લખી નાખ્યો. પાછું ઉમેર્યું: 'આવી સલાહ તંત્રીએ કલાપી કે કીટ્સને આપી હોત તો?' એ લેખ લખતી વખતે જસભાઇને ખયાલ નો'તો કે આ ડોસો તો બધાં જ સામયિકો ને ફરફરિયાં વાંચતો હોય છે!

મિરઝાપુર રોડ પર જ ચાંપશીભાઇએ મને આંતર્યો. તેમનું આખું ય શરીર ક્રોધથી ધ્રૂજતું હતું. મોં પર લોહી ધસી આવેલું. મને તેમણે ખખડાવવા માંડ્યો: 'ના, ના, તમે લોકો સમજો છો શું તમારા મનમાં? તમને સલાહનાં બે વાક્યો કહીએ એનો આ રીતે દુરુપયોગ કરવાનો? ફરફરિયામાં મારી વિરુદ્ધ લેખો લખવાનાં?' તેમના મનમાં મારા માટે એવી ગેરસમજ થએલી કે એ લેખ મેં લખ્યો છે; અને એટલે જ તે મારા પર ઊકળી ઊઠેલા. મેં તેમને સમજાવવા ઘણી કોશિશ કરી કે એ લેખ મારા મિત્રે લખ્યો છે; મેં નથી લખ્યો. પણ સાંભળે તો ને!

અને તેમનો ગુસ્સો આટલેથી ના અટક્યો. એ દિવસે સાંજની ટપાલમાં મારા અગાઉ સ્વીકારેલા લેખો તેમણે પરત કર્યા! લેખ છપાય-ના છપાય એ મારે મન ગૌણ વાત હતી; દુ:ખ માત્ર એ જ વાતનું હતું કે તેમના મગજમાં મારા માટે થએલી ગેરસમજ હું દૂર કરી શક્યો નહિ. જો કે તેમણે મને બોલવા ય ક્યાં દીધેલો!

વળી ચારેક દિવસ પછી સલાપોસ રોડ પર ચાંપશીભાઈ ભેગા થઈ ગયા. તેમની આંખથી મારી જાતને ચોરવા હું ઘણું મથ્યો પણ પકડાઈ ગયો. મને ઊભો રાખીને તેમણે પૂછ્યું, 'તારા લેખો ટપાલમાં પરત મળી ગયા?'

'હા.' હું બોલ્યો.

'એ મને આવતી કાલે બપોરે 'સંદેશ' પર પહોંચાડી દેજે.' ચાંપશીભાઇએ કહ્યું.

'કેમ?' મેં પૂછ્યું.

'બસ, એમ જ.' કહી તે ચાલ્યા ગયા. આવો તેમનો ગુસ્સો— બાળક જેવો! ગમે તે ક્ષણે કિટ્ટા કરે ને પછી પાછા બિટ્ટા પણ એ જ કરે.

એ દિવસથી મેં મનોમન નક્કી કર્યું કે આ ડોસાની અડફેટે બહુ ચડવું નહિ. ને મારું ઘર 'સંદેશ'ની તદ્દન નજીક હોવા છતાં લેખો ટપાલ દ્વારા જ મોકલવા માંડ્યો.

પણ આપણી ઇચ્છાથી બધું થોડું જ થાય છે? એક દિવસ હું, હરીશ નાયક ને બીજો એક લેખક (જેનું નામ અત્યારે યાદ નથી) રસ્તામાં ઊભા'તા. ચાંપશીભાઈ લાલદરવાજા તરફથી આવતા'તા. અમે ત્રણેએ તેમને સાહેબજી કર્યા. એ દિવસે તે ખૂબ જ પ્રસન્ન જણાયા. અમારી પાસે આવતાં તે પ્રેમ નીતરતા અવાજે બોલ્યા: 'દીકરાઓ, ચાલો તમને ફક્કડ ચા પીવડાવું.' પછી અમને તે વીજળીઘર સામેની ઈમ્પીરીઅલ હૉટેલમાં લઈ ગયા. તેમણે ચાર કપ ચાનો ઑર્ડર આપ્યો. પછી થેલીમાંથી એક ચિત્ર કાઢ્યું. બે મહિના પછી આવી રહેલા 'નવચેતન'ના દિવાળી અંકનું એ પૂઠું હતું. તેમણે બહુ ઉમળકાથી એ પૂઠું પહેલાં મને બતાવતાં પૂછ્યું: 'વિનુ દીકરા, જો તો કેવું છે?'

'મઝાનું છે.' હું બોલ્યો. હતું ય મઝાનું. અમારી સાથેના લેખકે પણ સરસ છે એમ કહ્યું. છેલ્લે આવ્યો હરીશ નાયકનો વારો. તે સહેજ મોઢું બગાડતાં બોલ્યો: 'સિમ્પલ છે.'

અને કાકા છેડાઈ પડ્યા! 'લાવ! તારામાં કલાની સૂઝ જ ક્યાં છે!' હરીશ નાયકના હાથમાંથી ચિત્ર ઝૂંટવી એમણે થેલીમાં મૂકી દીધું. ચા આવી ગઈ. પીવાઈ ગઈ. કશું જ બોલ્યા વગર જલદી જલદી બિલ ચૂકવી ચાંપશીભાઈ નારાજ થઇને ચાલ્યા ગયા. તેમના ગયા પછી હરીશ બોલ્યો: 'પૂઠું ખરેખર સારુ હતું; પણ કાકાને ખિજવવા જ મેં એમ કહ્યું.'

એ દિવસ આખો મેં અજંપામાં કાઢ્યો. બીજા દિવસની સાંજની ટપાલ જોઈ. મને ખાતરી હતી કે અગાઉ સ્વીકારાએલી મારી કૃતિઓ પરત મળશે જ મળશે, પણ મારી ધારણામાં હું ખોટો પડ્યો. (ખોટા પડવામાં પણ આનંદ મળતો હશે એ પહેલી વાર અનુભવ્યું.)

ચાંપશીભાઈ કઈ વાત પર ગુસ્સે થશે એની કલ્પના પણ ના કરી શકાય. એક વાર મારા વાર્તાકાર મિત્ર ઓમપ્રકાશ ખન્ના (જે અત્યારે લેખક મટી ગયો છે. આને ખન્નાનું સદ્ભાગ્ય લેખવું કે ગુજરાતી સાહિત્યનું, એ કહેવું જરા મુશ્કેલ છે.) પર લીલી શાહીથી લખાએલો ચાંપશીભાઇનો પત્ર આવ્યો: 'મારે તમારું અત્યંત જરૂરી કામ છે, તો આવતી કાલે

બપોરે ચારથી સાડા ચારની વચ્ચે 'સંદેશ' બિલ્ડિંગમાં આવીને મને મળી જશો.' ડોસાને એવું તે શું કામ પડયું હશે એની અટકળો મેં ને ખન્નાએ કર્યા કરી, પણ કંઈ ગડ બેઠી નહિ. (હું ને ખન્ના એ વખતે નવતાડની પોળમાં રહેતા.)

બીજે દિવસે ખન્નાને મેં કહ્યું કે ચાંપશીકાકાએ તને બોલાવ્યો છે એટલે તું એકલો જઈ આવ. પણ ખન્નાએ સાથે જવા આગ્રહ કર્યો એટલે લગભગ સાડાચારના શુમારે અમે સંદેશ પર ગયા. (એ દિવસોમાં 'નવચેતન' સંદેશમાં છપાતું એટલે ચાંપશીભાઈની કામચલાઉ ઑફિસ પણ ત્યાં જ હતી.) જાણે ખન્નાની રાહ જોઇને જ બેઠા હોય તેમ તેને જોતાં જ કાકા તાડૂકયા : 'આવી હલકટ વાર્તા લખાતી હશે?'

'કઈ, કાકા?' સહેજ ચમકતાં ખન્નાએ પૂછયું.

'અરે આ માસના "રોશની"માં તમે જે વાર્તા લખી છે એની વાત કરું છું. આવી હીન કક્ષાની વાર્તા લખતાં તમને લેશમાત્ર શરમ ના આવી? તમે ભારતીય સંસ્કૃતિને લાંછનરૂપ છો. મારું ચાલે તો તમને માણેકચૉકની વચ્ચે ઊભા રાખીને હન્ટરે હન્ટરે ફટકારું—આવી સડી ગએલી વાર્તા લખવા માટે...જાઓ, બસ આટલું જ કહેવું'તું.' ખન્ના થોડો ઝંખવાઈ ગયો. મને સાથે લઈ જવા બદલ મનમાં થોડો પસ્તાતો ય હશે. તેણે 'રોશની'માં વાર્તા લખેલી ખરી, પણ આ ડોસાએ કહી એવી નો'તી.

ઉપરનો પ્રસંગ બન્યાને બે-ત્રણ દિવસ વીતી ગયા. હું મારી નવતાડની પોળના નાકે ઊભો'તો. ચાંપશીભાઈ અમારી પોળ ભણી જ આવી રહ્યા હતા. મને જોતાં, મારી પાસે આવી ખભા પર હાથ મૂકતાં, હસતી આંખે તેમણે પૂછયું : 'ખન્ના કયાં છે? મને તેની પાસે લઈ જા.'

'એ તો કાકા, હમણાં જ બહાર ગયો. દસેક મિનિટ થઈ. અત્યાર સુધી મારી સાથે હતો.' મેં કહ્યું. 'કયારે પાછો ફરશે?'

'કંઈ ઠેકાણું નહિ. કેમ, કંઈ કામ હતું?'

'હા, મારાથી તેને ઘોર અન્યાય થઈ ગયો છે. "રોશની"માંની પેલી વાર્તા હું ફરી જોઈ ગયો. એ વાર્તા ખન્નાએ નો'તી લખી, તેના પર હું ખોટો ગુસ્સે થઈ ગએલો. તેને મેં ન કહેવા જેવાં વેણ કહ્યાં. તેને કહેજે કે ચાંપશીકાકાએ દિલગીરી વ્યક્ત કરી છે.' 'ભલે.' મેં કહ્યું.

પણ તો ય બીજે દિવસે ચાંપશીભાઇનો માફી માગતો, લીલી શાહીવાળો પત્ર ખન્નાને મળ્યો જ.

ટપાલ લખવામાં, જવાબ આપવામાં ચાંપશીભાઈ ખૂબ જ ઝડપી. આજે બપોરે નેસરે. કૃતિ મળી હોય તો બીજા, ને મોડામાં મોડા ત્રીજા દિવસની સાંજે તેમનો જવાબ અચૂક મળી જાય.

પણ એક દિવસ તો ભારે કૌતુક થએલું. હું ને ખન્ના તેમની પાસે ગએલા. (અમે બન્ને એકબીજાની નબળાઈ હતા, એ કાળમાં.) 'નવચેતન' માટે ખન્નાએ વાર્તા લખેલી. તેમને વાર્તા આપી રસ્તામાં ચા પીને અમે ઘેર પાછા ફર્યા. (મારું ઘર મહાદેવ પાછળ ને ખન્નાનું મહાદેવવાળા ખાંચામાં.) હું મારા ઘેર ગયો ને તે તેના ઘેર. પણ ખન્ના ઘેર ગયો એવો જ દોડતો મારી પાસે આવતાં બોલ્યો : 'ડોસાએ તો પેલી વાર્તા પરત કરી દીધી!' ચાંપશીભાઈને વાર્તા આપીને અમે ઘેર પહોંચ્યા, એ પહેલાં તો વાર્તા ઘેર પહોંચી ગએલી! સુપરસૉનિક ઝડપે તેમણે વાર્તા પરત કરેલી. આટલી ઝડપથી તે વાર્તા કેવી રીતે પરત કરી શકેલા એ તો હજુ ય મારા ગળે નથી ઊતરતું.

તે કૃતિ વાંચ્યા વગર જ પરત કરે છે એવો પણ એક આક્ષેપ તેમના પર કેટલાક મૂકતા. (મારો લેખ મને પરત મળતો ત્યારે તો મને પણ એમ જ લાગતું. એક ઉત્તમ હાસ્ય-લેખકનાં લખાણો વાંચ્યા પછી પરત કરવાની હિંમત કોઈ કરી શકે ખરું, ભલા?)એક વાર તો મારી હાજરીમાં જ કોઈ ઊગતો લેખક ચાંપશીભાઈ સાથે આ બાબત ચર્ચામાં ઊતરી ગએલો. તેને તો એવો પાકો વહેમ હતો કે ચાંપશીભાઈ વાંચ્યા વગર જ બધું પાછું મૂકેલે છે; અને એટલે તેણે ખાતરી કરવા પોતાની વાર્તાનાં છેલ્લાં બે પાનાંની ધાર ગુંદરથી ચોંટાડેલી. એ ચોંટેલી ધારવાળી વાર્તા સાથે તેણે ફરિયાદ કરી. આનો જવાબ આપતાં ચાંપશીભાઈ નારાજગી-ભર્યા અવાજે બોલ્યા : 'તમે મારી નિષ્ઠા ને પ્રામાણિકતા પર પ્રહાર કરી રહ્યા છો. તમને જો એવું લાગતું હોય કે હું કશું વાંચતો નથી તો હવેથી વાર્તા ના મોકલતા. તમારી જાણ ખાતર કહી દઉં કે 'નવચેતન'-ના સરનામે આવતી ચબરખી પણ હું જોઈ લઉં છું. કયારેક શરૂઆતની પાંચ-સાત લીટી વાંચતાં જ ખબર પડી જાય છે કે વાર્તામાં દમ નથી; તો ય વચ્ચેનાં પાનાં જોઉં છું. પછી અંત જોઉં છું. હું પણ લેખક છું. એટલે કોઈ લેખકને અન્યાય ના થઈ જાય એનો હું ખાસ ખયાલ રાખું છું. અને તમારે એ પણ સમજી લેવું જોઇએ કે ભાત કાચા છે કે પાકા એ જોવા બે-ચાર દાણા દબાવી જોવાથી જ ખબર પડી જાય. તપેલીમાંના બધા જ દાણા દબાવવાના ના હોય.'

એ ડોસો કોઈની પણ શેહશરમમાં તણાય નહિ. એક વખત લાઈટ હાઉસ થીએટરની પાસેની હોટેલમાં કોઈ મિત્ર સાથે હું બેઠેલો. એ હોટેલમાં ફરસી પૂરી સારી મળે. ચાંપશીભાઈ પણ એ હોટેલમાં આવ્યા. ડોસા ખાવાપીવાના પહેલેથી જ શૉખીન, મેં તેમને અમારી સાથે બેસવા, નાસ્તો લેવા આમંત્રણ આપ્યું. તે બેઠા. નાસ્તો કર્યો. બિલના પૈસા ચૂકવવા હું ગલ્લા પર ગયો, એટલે મારો હાથ પકડી લેતાં તે બોલ્યા : 'ના પૈસા તો હું જ ચૂકવીશ.'

'ના, આજે તો તમને અમે સામેથી બોલાવ્યા, એટલે હું ચૂકવવાનો.' હું મક્કમ અવાજે બોલ્યો. સહેજ ઢીલા પડતાં તેમણે કહ્યું : 'ભલે; પણ એક શરત.' 'બોલો, કાકા.'

'હમણાં અઠવાડિયા સુધી તારે મને કોઈ લેખ નહિ મોકલવાનો.'

'કેમ?' મેં આશ્ચર્યથી પૂછયું.

'કેમ કે એ લેખ વાંચતી વખતે, બિલના પૈસા તેં ચૂકવેલા એવું યાદ આવી જાય તો લેખ પરત કરતાં મારો જીવ બળે, આંતરડી કકળે.' ચાંપશીભાઈએ નિખાલસ સ્પષ્ટતા કરી.

સારી દૃષ્ટિએ ચાંપશીભાઈનું મનોબળ એટલું નબળું કહેવાય. આ ભયે તો તે પિક્ચરો પણ ફ્રી પાસમાં ન જોતાં પૈસા ખરચીને જ જોતા ને તેનું નિખાલસ તટસ્થ અવલોકન લખતા. સાડા દસ આનાવાળી લાઈનમાં ઊભા રહીને ને ટિકિટ ખરીદીને (કે મુકુન્દભાઈને આસિસ્ટન્ટ તરીકે 'બુક' કર્યા પછી તેમની પાસે ઍડવાન્સ બુકિંગ કરાવીને) જ જોતા. ઘણા વાચકો તો કાકાનાં અવલોકન વાંચ્યા પછી જ પિક્ચર જોતા. ચાંપશીભાઈ જે ફિલ્મનાં મોં ફાટ વખાણ કરતા એમાં પહેલે જ અઠવાડિયે કાગડા ઊડતા ને જોનારને આસાનીથી ટિકિટ મળી જતી.

ચાંપશીભાઈ સમયના ચુસ્ત પાલક. આપેલા સમયે તે અચૂક પહોંચી જાય. તેમનું ઈન્કમટૅક્સનું કામ ઘણાં વરસોથી મારા પિતાશ્રી કરે. તેમને રીટર્ન ભરાવવાનું હોય ત્યારે અઠવાડિયા અગાઉ લીલી શાહીના પત્રથી જાણ કરી દે કે તે અમુક દિવસે અમુક સમયે આવી જશે; ને આવી પહોંચે. મારા નાના ભાઈ ચિ. ઉપેન્દ્રના લગ્નના સત્કાર-સમારંભમાં મહેમાનોમાં આવવામાં તે સૌથી પહેલા હતા. એ દિવસે વરરાજા થોડો મોડો પડેલો. પણ આ કાકો જરા ય મોડો નો'તો.

આ ચાંપશીભાઈને રસ્તા પર 'ચાલતા' મેં કયારે ય જોયા નથી; હંમેશાં 'દોડતા' જ જોયા છે. ટ્રેઈન ચૂકી જવાના ભયવાળા માણસના મોં પર હોય એવો રઘવાટ તેમના ચહેરા પર સતત ડોકાયા કરે. તેમને બહારગામ જવાનું હોય તો સ્ટેશન પર અરધો-પોણો કલાક વહેલા જ પહોંચે. એક દંતકથા પ્રમાણે ચાંપશીભાઈને કયાંક બહારગામ જવાનું

હતું. ઘોડાગાડીમાં તે બેઠા. (ત્યારે ઑટોરિક્ષાઓ શરૂ નો'તી થઈ). ઘોડો જરા મરિયલ હતો એટલે ધીમેધીમે ચાલે, ચાંપશીભાઈ ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી ચિંતિત નજરે તેમાં જોયા કરે. ધીરજ ખૂટી જતાં ગાડીવાનને તેમણે કહ્યું: 'ભાઈ, જરા ઝડપથી દોડાવોને!' 'કાકા, આ ઘોડાગાડી છે. 'નવચેતન' નથી, તે તમારી ઝડપે દોડી શકે.' ગાડીવાને રોકડું પરખાવ્યું. (એની વાર્તા આ કાકાએ પરત કરી હોવી જોઈએ).

ચાંપશીભાઈ 'નવચેતન'માં છપાતાં તમામ લખાણો રી-રાઈટ કર્યા પછી જ છાપે; પછી તે ગમે તેવો ધુરંધર લેખક જ કેમ ના હોય! ગુજરાતી લેખકોને વાક્યરચનાનું ભાન નથી એવી તેમની કાયમી ફરિયાદ હતી. કમ્પોઝીટરોને ઉકેલવામાં તકલીફ ના પડે એ માટે ચાંપશીભાઈ લેખો પોતાના અક્ષરે જ લખતા. જો કે તેમના અક્ષરો પણ એટલા બધા સુવાચ્ય તો નો'તા જ. પણ કમ્પોઝીટરોને તે માફક પણ આવી ગએલા.

ચાંપશીભાઈમાં હાસ્યવૃત્તિ ક્યારેક જોવા મળે ખરી. મારા એક મિત્ર ભાઈ હસમુખ શાહે 'નવચેતન'માં વાર્તા મોકલેલી. વાર્તા અંગે રૂબરૂ ચર્ચા કરવા ચાંપશીભાઈએ હસમુખને બોલાવેલો. સાથે હું પણ ગયો. વાર્તાની છણાવટ કરતાં તેમણે કહ્યું: 'આ વાર્તામાંના કેટલાક ફકરા પરથી તો તમે જાણે કોઈ મહાન લેખક હો એમ લાગે; પણ પછી તરત જ આવતો બીજો ફકરો બિલકુલ રેઢિયાળ રીતે લખાયો હોય છે. એટલે બધું થીગડાં જેવું લાગે છે; જુદાજુદા વિચારનાં કપડાંના કાપલાનો ચંદરવો બનાવ્યો હોય એમ લાગે છે.'

'પણ કાકા, ચંદરવો તો સરસ લાગતો હોય છે.' મારાથી ટાપસી પુરાઈ ગઈ. 'દીકરા, એ "ચાંદની"માં જ સારો લાગે!' તેમણે તત્ક્ષણ જવાબ આપ્યો. 'ચાંદની' (માસિક)માંનો ભલભલા લેખકોની ખબર લઈ નાખતો 'ચંદરવો' તેમની નજરઅંદાજ થઈ શક્યો નહિ.

અંક પ્રકટ થાય એટલે જેનો લેખ છપાયો હોય તે લેખકને ઑફપ્રિન્ટ્સ, અંક તથા પુરસ્કાર તે તુરત જ મોકલી આપે. કોઈનું દેવું માથે રાખે નહિ. એટલે તો મરવાનું ય તેમણે છવ્વીસમીએ જ પસંદ કર્યુંને! પચ્ચીસમીએ અંક પૂરો કર્યો. પ્રેસવાળાને બિલનો ચેક મોકલી આપ્યો. લેખકોના પુરસ્કારનો ચેક પણ સહી કરીને સાહિત્ય-પુત્ર મુકુન્દભાઈના હાથમાં આપી દીધો. હિસાબચૂકતે કર્યા પછી જ દેહ મૂક્યો.

દુ:ખ માત્ર એટલું જ છે કે સ્નેહથી ખભા પર હાથ મૂકી, વાત્સલ્યથી નીતરતી આંખથી બોલાવનાર તંત્રી આજે તો શોધ્યો જડતો નથી. અત્યારે તે જ્યાં હશે ત્યાંથી તેમને કદાચ ફરી 'નવચેતન' શરૂ કરવું હશે તો ય ઘણા સારા લેખકો મળી રહેશે. પૃથ્વી પરના 'નવચેતન'માં લખતા 'ધૂમકેતુ' ને મડિયાથી કેતન મુનશી સુધીના લેખકો તેમને મળી શકશે. પણ...આપણને તેમના જેવો તંત્રી નહિ મળે.

ખેર! પણ હજુ કોઈ વાર ટપાલમાં લીલી શાહીથી લખાએલા પત્ર મળે છે ત્યારે એ પત્ર હાથમાં પકડતાં સહેજ ઝણઝણાટી થાય છે. ચાંપશીકાકાનો પત્ર તો નહિ હોયને! □

લઘુકથા

લક્ષ્મીપૂજા

શિરીષ પરમાર

'મમ્મી, જો તેં પલ્લવીને નવો પાંચિયો આપ્યો ને મને જૂનો.' નાનો અશોક, નાની બહેન પલ્લવીનો ચળકતો સિક્કો જોઈ બોલ્યો.

'તે એમાં શો ફેર પડ્યો? છે તો પાંચ પૈસા જ ને?' શ્રીદેવી ચિડાઈને બોલી.

'જા મારે નથી લેવો.' કહી અશોકે પાંચ પૈસાનો સિક્કો ખૂણામાં ફેંકી દીધો એટલે તેના પિતા ધનસુખલાલ છાપામાંથી મોઢું કાઢી બોલ્યા: 'અલ્યા, પૈસા આમ ફેંકી કેમ દે છે? પૈસા તો લક્ષ્મી કહેવાય. ને હમેશાં જમણા હાથમાં જ પકડાય. આમ લક્ષ્મીને ફેંકી દેશો તો ભિખારી બની જશો. કાં પછી ચોરી કરી જેલમાં જવાનો દિવસ આવશે. ઉપાડ જલ્દી ને પગે લાગ.'

અશોકે સિક્કો ઉપાડી લીધો ને કપાળ પાસે લાવી વંદન કર્યું.

સાંજે ધનસુખલાલ નોકરીથી પાછા ફરી રહ્યા હતા. મ્યુનિસિપલ શાળા આગળથી પસાર થતાં ફૂટપાથ પર તેમણે પાંચ રૂપિયાની નોટ પડેલી જોઈ. ધબ્બ કરતો પોતાનો પગ તેમણે નોટ પર મૂકી દીધો. પછી ખીસામાંથી હાથરૂમાલ કાઢી ફૂટપાથ પર પડવા દીધો, ને નીચા નમી રૂમાલ અને નોટ સિફતથી ઉપાડીને ખીસામાં સરકાવી દીધાં. પછી ગંભીર મોઢું કરી ઝડપથી ઘર તરફ ચાલવા લાગ્યા.

'આજે એક ફાયદો થયો.' ઘેર આવી ધનસુખલાલે તેમની પત્નીને કહ્યું, ને ખીસામાંથી પેલી પાંચની નોટ કાઢી તેના હાથમાં આપતાં બોલ્યા: 'રસ્તેથી આ પાંચની નોટ મળી. તું નવી બંગડીઓ લાવવાનું કહ્યા કરતી'તી ને? જા લઈ આવ આમાંથી.' પછી પ્રસન્ન હાસ્ય કરી ઉમેર્યું: 'ફૂટપાથ પર પડી હતી. મેં લઈને પહેલાં તો માથે ચડાવી. પછી આજુબાજુ પૂછ્યું, પણ કોઈની નહોતી. એટલે લક્ષ્મીજીની ભેટ સમજી લેતો આવ્યો...'

'તમારે મને જેલ ભેગી કરવી છે?' નોટ જોતાં શ્રીદેવી તાડૂકી.

'કેમ?'

'કેમ શું? આ પાંચ રૂપિયાની નોટ છે? જુઓ જરા. પાંચ પૈસામાં મળતી, બાળકોને રમવાની છાપ છે આ.' કહેતાં શ્રીદેવી હસી પડી.

ને પાંચ રૂપિયાની નોટનો આભાસ પેદા કરતો આબેહૂબ છાપવાળો એ કાગળ તેણે ફાડી નાખ્યો. □

અનુસંધાન] દ્વાર [પૃષ્ઠ ૮૫થી

અર્ધગોલાકાર 'માણા' હોય છે. ઉંબરની બંને બાજુથી (૨) બે સ્તંભ હોય છે જેની કુંભી અને ઉંબરના માણાની ઊંચાઈ સરખી હોય છે. સ્તંભોમાં કુંભીની ઉપર દ્વારપાલો અને તેના પછી દેવકુલિકાઓ કંડારેલી હોય છે. દ્વારના મથાળે બાજુના બંને સ્તંભોને જોડતા આડા પાટને (૩) 'ઉત્તરંગ' કહે છે. દ્વારના આ બધા ભાગ શિલ્પાલંકારથી ખચિત બનાવાય છે.

'શિલ્પ રત્નાકર'માં કહ્યું છે કે ત્રિશાખા દ્વારની દ્વારશાખના ચાર ભાગ કરી એના વચલા બે ભાગમાં 'રૂપસ્તંભ' ને તેની બાજુમાં એકેક ભાગની પહોળી 'પત્રશાખા' ને 'ખલ્વશાખા' કરવી. આ શાખા અને રૂપસ્તંભની વચ્ચે બન્ને બાજુએ શોભા માટે 'ચંપાછડી'ઓ કંડારવી. વળી, આગળ જણાવ્યું છે કે પંચશાખામાં દ્વારમાનના છ ભાગ કરવા. એમાં પહેલી પત્રશાખા, બીજી ગંધર્વશાખા, વચ્ચે બે ભાગના રૂપસ્તંભ, ચોથી ખલ્વશાખા ને પાંચમી સિંહશાખા કંડારી વચ્ચે ચંપાછડીઓ કંડારવી.

સપ્તશાખા દ્વારમાં દ્વારમાનના આઠ સરખા ભાગ કરી તેમાં પ્રથમ પત્રશાખા, બીજી ગંધર્વશાખા, ત્રીજી રૂપશાખા પછી બે ભાગના રૂપસ્તંભ, ત્યારબાદ પાંચમી રૂપશાખા, છઠ્ઠી ખલ્વશાખા ને સાતમી સિંહશાખા કરવી

નવ શાખા દ્વારમાં અનુક્રમે પત્રશાખા, ગંધર્વશાખા, રૂપસ્તંભશાખા, ખલ્વશાખા, ફરી ગંધર્વશાખા, રૂપસ્તંભશાખા, રૂપશાખા, ખલ્વશાખા ને છેલ્લે નવમી સિંહશાખા કરી તે પછી બે ભાગમાં ચંપાછડીઓ સાથેનો રૂપસ્તંભ એમ કુલ ૧૧ ભાગ હોય છે.

ઉત્તરંગમાં મંદિરના મુખ્ય દેવ અથવા ગણેશ યા શાખાઓમાં કંડારેલા દેવપરિવારો પંક્તિબદ્ધ કંડારેલા હોય છે.

દશાવતાર સ્વરૂપો, નવ ગ્રહો, માતૃકાઓ, તીર્થંકરો, વિદ્યાદેવીઓ વગેરે પણ દ્વારશાખામાં જોવા મળે છે. મધ્યપ્રદેશનાં પ્રાચીન મંદિરોમાં ગંગા-યમુના સ્વરૂપો વિશેષ જોવા મળે છે.

મંદિરના ગર્ભગૃહમાં વિરાજમાન મુખ્ય દેવપ્રતિમાને વિવિધ શાખાયુક્ત દ્વાર વિશેષ આકર્ષક બનાવે છે. ઉંબર, સ્તંભો ને ઉત્તરંગના શિલ્પાલંકારથી ખચિત દ્વાર મંદિર કે પ્રાસાદનું એક મુખ્ય શોભનઅંગ છે. કાવ્યના છંદની જેમ એનું અલંકરણ એકબીજામાં ઓતપ્રોત થઈ એ દ્વારને તથા એના વડે મંદિરને આગવું ગૌરવ અર્પે છે. □

કલાવાર્તા

એક એકલવ્યનું કલાસર્જન

અમદાવાદના મ્યુનિસિપલ પ્રાણીબાગ (ઝૂ) અને 'બાલવાટિકા'ની આગવી ખ્યાતિ છે. સંખ્યાબંધ વિવિધ પ્રાણીઓ અને અનેકવિધ પક્ષીઓનો આ પ્રાણીબાગના નાનકડા વિસ્તારમાં જે યોજનાપૂર્વક સમાવેશ કર્યો છે તેનાથી તથા એ બધાંની જે ચીવટભરી માવજત થાય છે તેનાથી દેશના જ નહિ, પરદેશના મુલાકાતીઓ પણ પ્રભાવિત થતા રહ્યા છે. 'બાલવાટિકા'માં ડગલે ને પગલે વેરાએલા કલાકૌશલે તો એને દેશના આ પ્રકારના અન્ય બાલોદ્યાનોમાં મોખરાનું અને ઉદાહરણીય સ્થાન અપાવ્યું છે. આવાં જાહેર સ્થાનોના સર્જક ને વહીવટકર્તાનું નામ અન્યત્ર તો ભાગ્યે જ લોકો જાણતા હોય છે, પણ અહીંના ઝૂ-સુપરિન્ટેન્ડેન્ટ રૂબિન ડેવિડનું નામ તો લોકજીભે રમતું રહ્યું છે. એમના અન્ય અનેક શૉખ-વ્યાસંગની જેમ એમનું મિત્રમંડળ પણ વૈવિધ્યથી ભરેલું છે. કોઇ ને કોઇ બાબતમાં 'ઉસ્તાદ' એવી કંઈ કેટલીય વ્યક્તિઓનો એમાં સમાવેશ છે. કંઈ કામસર એકવાર એમના દફતરમાં જવાનું થયું. ત્યાં એમની પાસે એક સજ્જન પણ બેઠા હતા. એમની તરફ ઈશારત કરતાં એમણે પૂછ્યું, 'આમને ઓળખો છો? ઓળખવા જેવા માણસ છે એ.'

ફૅક્ટરી ઈન્સ્પેક્ટર તરીકે એમને બેએક વાર અગાઉ કુમાર કાર્યાલયમાં જોએલા. અમલદારી નાતે કે કદાચ એવા કોઈ પરિચયે તેઓ રૂબિન ડેવિડ પાસે આવ્યા હશે એવું ધારી લીધેલું ત્યારે. પણ 'ઓળખવા જેવા માણસ છે' એ શબ્દોનો ખરો અર્થ તો હમણાં પ્રત્યક્ષ થયો.

રતિલાલ હરિભાઈ નાયક એમનું નામ. વલસાડ અને પછી મુંબાઈમાં 'વી.જે.ટી.આઇ.'માં પ્રાપ્ય એ બધા સુવર્ણચંદ્રકો જીતવા જેવી ઉજ્જવલ કારકિર્દી સાથે એમણે ત્યાં ટેક્સ્ટાઈલ ટેક્નૉલૉજિસ્ટ તરીકેની તાલીમ મેળવી અને પછી સરકારના લેબર ડિપાર્ટમેન્ટમાં ટેકનિકલ ઈન્સ્પેક્ટર ઑવ ફેક્ટરીઝ તરીકે જોડાઈ જઈ અમદાવાદમાં જ એ પદની અવધિ પૂરી કરી હમણાં થોડાં વર્ષોથી નિવૃત્ત થયા છે. પુત્રો અમેરિકામાં સારું કમાતા હોઈ કૌટુંબિક જવાબદારીઓથી પણ એ મુક્ત છે. પણ આવી નિવૃત્તિ અનેકના જીવનને જે કાટ ચડાવે છે એ એમણે ચડવા જ નથી દીધો.


કાર્યાલયમાં હમણાં ફરી એક વાર એમની મુલાકાત થઈ અને જાણવા મળ્યું કે નિવૃત્ત થયા પછી એમણે કાષ્ઠ અને ધાતુની કલાકૃતિઓના સર્જનની પ્રવૃત્તિ આદરી છે. એનો શૉખ તો એમને પહેલેથી જ હતો. બચપણથી તેઓ સ્કેચિંગ પણ કરતા રહેલા ને વ્યાવસાયિક કાર્યોમાંથી વખત મળ્યે કંઈ ને કંઈ અવનવી કલામય ચીજો બનાવતા. એમનો આ વ્યાસંગ જ છે. હવે પૂરતો સમય પણ મળે છે અને એનો સદુપયોગ કરી તેઓ રોજ ચાર-પાંચ કલાક કામ કરતા રહીને કંઈ ને કંઈ અવનવું કલાસર્જન કર્યા કરે છે. કેવળ નિજાનંદ ખાતરની એમની આ પ્રવૃત્તિ દ્વારા એમણે પોતાના આવાસની અનોખી સુંદર સજાવટ કરી છે. અન્ય સૌથી ભિન્ન એવું આગવું સર્જન એ જ જાણે એમના આ વ્યાસંગનું પ્રેરક બળ લાગે છે. પણ એવો જુસ્સો જ માત્ર એમને આ સર્જન પાછળ મચ્યા રાખે છે એવું નથી. વર્ષોથી એનું રટણ મનમાં ઘૂંટાતું જ રહેલું અને એટલે જ તો એમણે પોતાના આવાસને ભવિષ્યની એની સજાવટને લક્ષમાં રાખીને જ રચાવ્યો હતો. એમાં કયે સ્થાને પોતે શું ગોઠવશે એની એમણે પૂર્વયોજના કરી જ રાખેલી. હવે એ પોતાની કલ્પનાને સાકાર કરી રહ્યા છે. ગૃહ-સજાવટ માટેની પોતાની દરેક સરજતને મૂર્ત કર્યા પહેલાં એના કદ, આકાર, માધ્યમ વગેરેના વિચાર સાથે કાગળ પર તેઓ એના કાચા આલેખ કરે, એને સુધારે-મઠારે ને છેવટે એનાં પૂરા કદનાં માપસરનાં આલેખનો કર્યા પછી જ તેઓ જે તે વસ્તુનું સર્જન હાથ ધરે છે. જો વસ્તુ લાકડાની હોય તો એના સાલસાંધા કરવા પૂરતી સુથારની મદદ લે, અથવા ધાતુની ચીજ હોય તો એને ઢાળવા પૂરતી મોલ્ડરની સહાય લે; બાકીનું બધું કલાકૌશલ પોતાનું જ. એમાં જ એમનો આનંદ છે. નિવૃત્તિ એટલે પોતાની આ વ્યાસંગ-પ્રવૃત્તિ અંગેની કાર્યરતતાનો સમય, એવો જ અર્થ એમને માટે અભિપ્રેત છે.

શહેરી ધમાલથી દૂર એક શાંત વિસ્તારમાં એમના આવાસમાં પ્રવેશતાં જ હરિયાળા ઘાસની સુલાયમ બિછાત ધ્યાન ખેંચે. એની વચ્ચે એક તરફ કૅક્ટસ—થોરનો ક્યારો બનાવ્યો છે. પણ રંગબેરંગી ફૂલોના બદલે એ થોરનો દેખાવ નજરને ખૂંચતો નથી. એના ઊભા લાંબા આકાર અને કાંટાળા રૂપથી તો ઘાસની લીલીછમ બિછાતની સુલાયમતા ઓર દીપે છે. અન્યથી આગવી એવી ચાતુરીનું આ પ્રથમ દર્શન.

સામે જ ઉઘાડાં બારણાંમાં પાછળની સાદી શ્વેત ભીંતની પશ્ચાદ્ભૂ પર ઉઠાવ લેતાં પિત્તળનાં જાળીદાર ફાનસો પર નજર પડતાં જ ત્યાં થંભી જાય. એવાં ફાનસો તો બીજે યે જોવા મળે, પણ અહીં રતિભાઈએ એને લટકાવવા માટે જે સ્ટૅન્ડ બનાવ્યું છે એ આગવું જ છે. આવનાર વ્યક્તિની નજર આ બે બાબતોની નોંધ લે ન લે ત્યાં તો રતિભાઈના ઉષ્માભર્યા આવકારમાં એ ભીંજવા લાગે. મોટે ભાગે તેઓ વરંડામાં આસન જમાવીને કંઈ ને કંઈ નવું રૂપ-સર્જન કરતા જોવા મળે. પણ એમના હાથમાંની હજી અપૂર્ણ ચીજમાંથી કઈ કલાકૃતિ નીપજશે તેનો અંદાજ આવનારને ન આવી શકે. કારણ એ ટુકડો કોઈ નવી જ ચીજની શરૂઆતનો હોય યા છેવટનો ભાગ પણ હોય. એક સાથે તેઓ આમ બે-ચાર-પાંચ વસ્તુઓ બનાવતા

દીવાનખંડની મુખ્ય બેઠક અને તેની બંને બાજુએ બાજઠ ને તેના પરની પિત્તળની શોભન-ખચિત દીવીઓ. રતિભાઈનું જ આ સર્જન. કદાચ તેમને વસવસો થતો હશે કે ભોંય પરનો ગાલીચો તેમનો પોતાનો બનાવેલો નથી.






△ રતિભાઈના આવાસના ભોજનકક્ષની બે જાળીઓમાંની એક. અમદાવાદની સીદી સયીદની મસ્જિદની જાળીઓ જોઇ એમને આ બનાવવાનો વિચાર આવ્યો પણ એમાં કોરેલી બધી ભાત તો એમની પોતાની જ રચેલી છે. પાછળ દૂધિયા કાચ અને આગળ પારદર્શક કાચ વડે મઢાવાથી આ જાળીઓને ધૂળના રજકણોથી રક્ષણ મળ્યું છે, એટલું જ નહિ, દૂધિયા કાચને કારણે પાછળની બત્તીનો પ્રકાશ ખુલ્લા આકાશનો ભ્રમ પેદા કરે છે. જમણી બાજુ, ઉપર: મસ્જિદના મેહરાબ પરથી દીવાનખંડની સજાવટ માટે બનાવેલા કાષ્ઠગોખ જેવું શોભન. નીચે: દીવાનખંડમાંની એક દીવી. કાષ્ઠ અને પિત્તળ પર શોભન કંડારવાની રતિભાઈની સિદ્ધહસ્તતા અને વિચારયુક્ત કલાસર્જનના દ્યોતક બે નમૂના.

હોય છે. કોઈ મૂર્તિ ઢાળવાની હોય તો પ્રથમ તો એ પ્રકારની પ્રતિમાની શક્ય એટલી લાક્ષણિકતાનો અભ્યાસ કરે છે. દેવપ્રતિમા હોય તો એના અલંકાર, આયુધ, વાહન વગેરે બધા વિષે જાણકારી મેળવે ને પછી જ એનો આરંભ કરે. પ્રથમ કાષ્ઠમાં એ કોરે ને પછી ધાતુમાં ઢળાવે. પરંતુ તે પછીનું કામ–એ ઢાળેલી ચીજને ઝીણાં-ઝીણાં ઓજારોથી ઘસીઘસીને પોલિશ કરવાનું ને તેમાં બારીક ભાત કોરવાનું કામ બેચાર દિવસ જ નહિ, ક્યારેક મહિનો માસ ખાઈ જાય.

એમની કલ્પના અને કલાસર્જનની સમૃદ્ધિ તો ઘરની અંદર જ જોવા મળે છે. બેઠકખંડમાં એમણે જ બનાવેલી કંડાર-ખચિત ચાર શાહી ઠાઠવાળી સીસમની ખુરશીઓ, એની વિચારપૂર્વક રાખેલી લંબાઈ પહોળાઈ ને ઊંચાઈને કારણે જેટલી આરામદાયી છે એટલી જ તે પર કોરેલાં ને જડેલાં શોભનને લીધે પ્રભાવક લાગે છે. એના હાથાને છેડે જડેલાં ધાતુનાં સિંહમુખ કે પીઠને મથાળે બેસાડેલી પિત્તળની મયૂર-મૂર્તિઓ વગેરે પણ એમની જ કરામત છે. બાજુમાં મૂકેલા મોટા દીવાનની કાષ્ઠકોતરણી પણ એમની જ, ને એની બંને તરફની પિત્તળની મોટી સુંદર દીવીઓ તથા ભીંત પરનાં કાષ્ઠશોભન પણ એમનાં જ બનાવેલાં. મસ્જિદના મેહરાબ જેવાં એ શોભનોનો મૂળ વિચાર એમણે એમાંથી જ લીધો છે, પણ શોભનકલા એમની પોતાની છે. વચ્ચે દીવાનની પીઠના ઉપરના ભાગે ભીંત પર જડેલી નકશીદાર કમાનપટીમાં વિવિધ પ્રતિમાઓ પણ એમની સરજત છે. આની સામે પ્રતિમાવિધાન પ્રમાણે સૂર્યની બધી જ લાક્ષણિકતાઓ તથા એની સાથે સંકળાએલાં નક્ષત્રો, ગ્રહો, દિશાઓ વગેરેની ભારતીય કલ્પનાઓને આવરી લઈને એમણે બનાવેલો પિત્તળનો કલાખચિત 'સૂર્યદીપ' તો એમનાં સર્જનોનો શિરમોર છે.


આવો જ સુંદર છે ભોજનકક્ષ અને બેઠકખંડની વચ્ચે ગોઠવેલો હિંડોળો. એની ભારેખમ પિત્તળની સાંકળોના અંકોડામાં એમણે જલજીવોથી માનવજીવ સુધીની સૃષ્ટિના વિકાસની કલ્પના મૂર્ત કરી છે. બેઠકખંડમાંથી જોતાં ભોજનકક્ષ અને એની વચ્ચેના વર્ષોની મહેનતે તૈયાર કરેલા તોરણદ્વારની પાર દેખાતો આ હિંડોળો તથા તેની પાછળ ઊંડે સુધીની એમની સજાવટ એક અજબ ઊંડાણ રચે છે. બંને તરફના ભાગ એકબીજાને પૂરક બનાવવાની એમની આ ચાતુરી છે.


ભોજનકક્ષમાં એક તરફ બાર રાશિઓ અને દશાવતારની પ્રતિમાઓ તો સામી બાજુ અપ્સરા કે દેવાંગના જેવી સાત પ્રતિમાઓનું એક જૂથ છે. રતિભાઈએ એને સૂર–સપ્તક નામ આપ્યું છે. ધાતુ પ્રતિમાવિધાન પરની એમની સિદ્ધિ સાથે એમની રસિકતા એ પ્રકટ કરે છે. પક્ષીઓનાં વિવિધરંગી પીછાંઓ ચોડીને બનાવેલાં બે પક્ષીચિત્રો એટલાં જીવંત લાગે છે કે તેઓ પોતે ન કહે ત્યાં સુધી તો એને સાચાં પક્ષીઓ જ માની બેસાય. એ પક્ષીઓ જ



નહિ, એની પશ્ચાદ્ભૂ પરની વૃક્ષડાળનાં પાન વગેરે પણ એમણે પીછાંનાં જ બનાવ્યાં છે.

બેઠકખંડમાંથી સામી ભીંત પર ઊંચે દેખાતી બે કમાનદાર કાષ્ઠ-જાળીનો વિચાર એમણે અમદાવાદની સીદી સયીદની જાળીઓ પરથી લીધો ખરો, પણ એની ભાત તો એમણે જ





◁દશાવતારનાં પ્રતિમાસ્વરૂપો
નીચે : તોરણદ્વારથી શોભતો ચોક.

વિચારેલી છે. એની પાછલી બાજુ દૂધિયો કાચ અને આગળ પારદર્શક કાચ મઢીને એમણે એને ધૂળના રજકણોથી રક્ષણ આપ્યું છે એટલું જ નહિ પણ જાળીની પાછળ ખુલ્લું આકાશ જ લાગે એવો સુંદર ભ્રમ પણ ઊપજાવ્યો છે.

બેઠકખંડમાં એમણે બે કાચપેટીઓ પણ બનાવી છે. એકમાં છે પાણીમાં રમતી ટચૂકડી માછલીઓ ને બીજીમાં વિશિષ્ટ જીવજંતુઓ. આ બીજા નાનકડા સંગ્રહમાં વાઘનખ, વીંછી, વિશિષ્ટ પતંગિયાં, જેમાંથી કેન્થેરાઈડિન મળે છે એ દ. ભારતની વિશિષ્ટ મોટી માખીઓ વગેરે જેવા દુષ્પ્રાપ્ય નમૂનાઓ છે. માછલીપેટીમાં એમણે માત્ર ઊભા આકારના જળઘાસની જ પશ્ચાદ્ભૂ જેવી રચના કરી છે, પણ એ પેટીનું પાણી એમણે નવ માસથી બદલ્યું નથી એમ જાણીએ ત્યારે એ ઘાસની તંદુરસ્તી ને પાણીની સ્વચ્છતા જોઈને આશ્ચર્ય થાય જ.

આવાસની બાજુમાં બહાર ઘાસની બિછાત પાસે પણ એક તોરણદ્વાર એમણે ઊભું કર્યું છે. તેનાથી આગળ છોબંધ ચોક વચ્ચે સોનેરી માછલીઓ અને કમળથી શોભીતો એક નાનો હોજ રચ્યો છે. એ ચોકને બે તરફથી બોગનવેલ વડે સજાવ્યો છે. આ બોગનવેલને આપેલો પુષ્પવૃક્ષનો આકાર અને એનાં તંદુરસ્ત પુષ્પો, એમના ચીવટભર્યા ઉછેર અને એની રંગ-પસંદગી રતિભાઈની કલાદૃષ્ટિના એક વધુ પાસાનો પરિચય કરાવે છે, તો સાથે સાથે કોઇ પ્રસંગે ૨૫–૫૦ માણસો એકઠા કરવા હોય તો તે અહીં થઇ શકે એટલી મોકળાશ રાખવાની એમની દીર્ઘદૃષ્ટિ પણ એમાં દેખાઈ આવે છે.

કલાના રસિયા સૌકોઈને માટે એમનાં દ્વાર ખુલ્લાં છે. તેઓ જાતે હાથમાં એક ટચૂકડી લાકડી લઈ, આવનારને એ પોતાની એકેએક કૃતિ વિગતથી બતાવે-સમજાવે છે. સાગ–સીસમની એ સજાવટ અને પિત્તળની અનેકવિધ પ્રતિમાઓ ને શોભનકણિકાઓ જોઈ માત્ર બેખંડના આ વિસ્તારમાં ઘૂમીને બહાર આવતાં કોઈ સમૃદ્ધ કલાસંગ્રહ જોઈ આવ્યાની તૃપ્તિના અનુભવ સાથે જો બીજો કોઇ વિચાર મનમાં પ્રકટે તો તે એ જ કે નિવૃત્તિમાં માણસ જો યોગ્ય પ્રવૃત્તિ શોધી કાઢે તો જીવનના આ ભારણરૂપ બની જતા તબક્કામાં કેવી કેવી સરજત પ્રકટાવી શકે! અલબત્ત, બધાંને કદાચ એ સાધ્ય ન બને, પણ પ્રતિભાના વિકાસ માટે વય, સમય, સાધન કે વિશિષ્ટ તાલીમની જરૂર નથી જ; જરૂર છે માત્ર રસ, લગન અને નિર્વ્યાજ પુરુષાર્થની.




હજી યે એમનું કાર્ય ચાલુ જ છે. ભોજનકક્ષનાં ખુરશીટેબલ ને છતનાં દીપઝુમ્મરોનાં સર્જનની એમની યોજના ઘૂંટાઈ રહી છે. પોતાના કોઈ પણ સર્જનના આલેખન, યોજના તથા એ અંગે જરૂરી માહિતી ને માર્ગદર્શન કોઈને પણ માટે પ્રાપ્ય છે. પોતાનો આનંદ સર્વનો આનંદ બને એમાં એ રાજી છે. એમણે જે કંઈ કર્યું–સર્જ્યું છે એ કેવળ નિજાનંદ ખાતર જ છે. એનાથી કલાજગતમાં નામના કે અર્થપ્રાપ્તિની એમને બિલકુલ એષણા નથી. એમની કલા એ કેવળ 'કલા ખાતરની કલા' છે. કલાનાં શૈલી–સિદ્ધાંતોની નહિ, જીવનના આનંદની એમાં ખોજ છે. એક આદમીના યોજનાબદ્ધ પુરુષાર્થમાંથી પ્રકટેલા આ સૌંદર્યથી ઘરની સજાવટ એ તો એક આડલાભ છે. મૂળ ઉદ્દેશ તો છે નિવૃત્તિમાં પ્રવૃત્તિ અને નિજાનંદ. કાટ ચડવા દીધા વિના જીવનને ઉજમાળું રાખવાનો કીમિયો એમણે શોધી કાઢ્યો છે. સૌ એ કરી શકે. રતિભાઈએ એનું પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. □

સૂર્યદીપ (જુઓ પૂઠા પરનું રેખાંકન)
સૂર્ય અને તેની સાથે સંકલિત વિધવિધ ભારતીય કલ્પનાઓને મૂર્ત કરતા આ ૫૮ સે.મી. ઊંચા અને ૨૩ કિ. ગ્રા. વજનના દીપના સર્વોપરી કેન્દ્રમાં ચતુર્ભુજ સૂર્ય, રન્ના અને નિક્ષુભા છે. તેમની આગળ અપૂર્ણપાદ સારથિ અરુણ અને સાત વાર કે સપ્તરંગના સૂચક સાત અશ્વો છે. પાછળના પરિકરમાં ૧૨ રાશિઓ તથા ૨૭ નક્ષત્રોનાં સૂચક પીપળપાન છે. તેની નીચે કેન્દ્રમાં જલકુંભ અને અનાજનાં કણસલાં લઈ શેષનાગ પર નર્તનમુદ્રામાં પૃથ્વી દર્શાવી છે. તેની પાછળ આઠ ગ્રહોને મૂર્ત કર્યા છે, જેમાં રાહુ-કેતુના જમણા ખભે જનોઈ દર્શાવી તેમનું અસુરત્વ દર્શાવ્યું છે. દશ દિશાના સૂચક દશ હાથી તથા આગળ બાર આદિત્યો (કે બાર માસ)ના સૂચક બાર દીપક છે. છેક નીચે ૬ દીપલક્ષ્મીઓ દ્વારા ૭ સ્વર્ગ તથા સાત હાથી વડે સાત પાતાળનું તથા તેમની પાછળ ખાલી કુંભ રાખીને અવકાશ—આકાશ—નું સૂચન કર્યું છે.

શતરંજના કોયડા

આપણે છેલ્લા કેટલાક વખતથી Fairy Chess Problemsમાં વપરાતાં વિવિધ મહોરાંઓનો ઉપયોગ જોયો. હવે fairy chess problemsમાં આવતી વિવિધ શરતોવાળા કોયડા જોઈશું. એની શરૂઆત self-mateથી કરીએ. self-mateવાળા કોયડામાં સફેદ પહેલાં રમે છે અને માગેલી ચાલમાં કાળાને સફેદ રાજાને મ્હાત કરવાની ફરજ પાડે છે. Direct-mate કોયડાની જેમ અહીં બન્ને પક્ષના હેતુ જુદા છે. સફેદ મ્હાત થવા માગે છે ને કાળો મ્હાત ન કરવા પ્રયત્ન કરે છે. આથી ઉકેલમાં વિકલ્પો જોવા મળે છે.

E. Boswell



Self-mate in Two

આકૃતિ જોતાં સહેજે સમજાશે કે જો કાળા રાજાને હાથીની પંક્તિ છોડવા ફરજ પાડી શકાય તો સફેદ રાજા મ્હાત થઈ જાય. કાળાના હાથી ઊંટ તો ચાલી શકે તેમ નથી. આનો લાભ લઈ સફેદ પોતાનો હેતુ કેમ સિદ્ધ કરે છે તે આપણે જોઈએ:

ચાવીની ચાલ: 1 R×c5.

ધમકી: નથી, waiting move છે.

વિકલ્પો: 1..., Pc3; 2Pb4, Kb2.
1..., P×g6; 2Ka5, Kb3.

ચાવીની ચાલ પછી કાળા પાસે પ્યાદાની બે જ ચાલ છે તે બન્ને પ્યાદાં Halfpin (અર્ધ-અણુઊઠ છે. એ ખસતાં બીજું પૂરું અણુઊઠ થાય છે.) બન્ને વિકલ્પમાં જુદા ખાના ઉપર મ્હાત થાય છે તેથી વિકલ્પો આકર્ષક બને છે.

Fairy Chessને લગતા જર્મન સામયિક Feenschachની ૧૯૫૬ની સ્પર્ધામાં Boswellના આ સુંદર કોયડાને પ્રથમ ઇનામ મળેલું.

સુરેશ મોદી

પચ્ચીસ વર્ષ પહેલાં

માર્ચ ૧૯૫૨ - સળંગ અંક ૩૩૯



૬૩૫મા અંકની છેલ્લા પાને ૩૬ જાતનાં રત્નોની જે યાદી આપી હતી તે બધાંની હિંમત ઝવેરીએ આપેલી ટૂંક ઓળખ 'અલંકાર' માસિકમાંથી આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં ઉતારેલી એ ઉપયોગી થશે :

(૧) હીરો (ડાયમંડ) : રત્નોમાં સર્વશ્રેષ્ઠ રત્ન. રંગ સફેદ, પીળો, આસમાની વગેરે આવે છે. તેના પદાર્થબંધારણમાં કાર્બન (કોલસો) હોય છે. રત્નોમાં તે સૌથી સખત ગણાય છે.

(૨) પાનું (એમેરેલ્ડ) : લીલા રંગનો અતિ બરડ પથ્થર. આ પણ રત્નોમાં શ્રેષ્ઠ મનાય છે. કિંમતની દૃષ્ટિએ તો ક્વચિત્ હીરાથી પણ તે મૂલ્યવાન હોય છે. તેના પદાર્થબંધારણમાં 'બેરીલ' નામના પદાર્થ સાથે 'ક્રોમિક ઑક્સાઈડ' નામનો ક્ષાર આવેલો છે.

(૩) માણેક (રૂબી) : ઘેરા લાલ રંગનો પથ્થર. ગુલાબી કે બગડેલા લોહી જેવો લાલ પણ હોય. પાંચ મહારત્નોમાં તેની ગણના થાય છે.

(૪) શનિ (સેફાયર બ્લુ) : વાદળી રંગનો, માણેકની જાતનો જ પથ્થર. તે ગ્રહ તરીકે જ (શનિનો ગ્રહ જેને જ્યોતિષની દૃષ્ટિએ નડતો હોય તેઓના પહેરવામાં) વધુ વપરાય છે. કાશ્મીર અને લંકામાં તેની સારી પેદાશ છે.

(૫) મોતી (પર્લ) : સમુદ્રમાં ખાસ જાતની માછલીઓ દ્વારા છીપમાં ઉત્પન્ન થતો પદાર્થ. તેના બંધારણમાં ચૂનો મુખ્ય છે. મૂલ્યવાન રત્નોમાં મોતી પણ અગ્રગણ્ય છે.

(૬) ઓપલ : ઘડીઘડીમાં વિવિધ રંગપલટા દેખાડતો, લીલી દૂધિયા ઝાંયવાળો પથ્થર.

(૭) અકીક (અગેટ) : રાતા, તપખીરિયા, પીળા વગેરે રંગનો, રેતીની અર્ધ પારદર્શક જાતનો ચકમકનો પથ્થર. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમજ ગુજરાતમાં રાજપીપળા પાસે તે સારા પ્રમાણમાં મળે છે. ખંભાત અકીકના કાપવા–ઘસવાનું મુખ્ય મથક છે.

(૮) કેરબો (અમ્બર) : મૂળે તો લાખો વર્ષ પરનાં ઝાડનાં થડનો રસ. હાલ તે સમુદ્ર અને ખાણોમાંથી જામી ગએલી હાલતમાં ખોદી કઢાય છે. તેને ગરમ કરીને તેલ પણ કાઢી શકાય છે. કેરબામાંથી જુદીજુદી જાતની ચીજો પણ બનાવાય છે. રંગ પીળો, લાલ વગેરે.

(૯) ઍમિથિસ્ટ : જાંબુડા રંગનો પારદર્શક પથ્થર. હાલ ફૅન્સી અલંકારોમાં વપરાય છે.

(૧૦) ઍક્વામરીન : આછા પીરોજી રંગનો પારદર્શક પથ્થર.

(૧૧) બ્લડ-સ્ટોન : ઘેરા લીલા રંગમાં લોહી જેવા લાલ રંગનાં છાંટણાંવાળો અપારદર્શક પથ્થર.

(૧૨) ગાર્નેટ : તપખીરિયા, લાલ વગેરે રંગનો પારદર્શક પથ્થર. તેનો લાલ રંગ માણેકથી જરા ઘેરો અને કાળાશ પડતો હોય છે. પણ માણેકની જેમ આમાં દ્યુતિ નથી હોતું.

(૧૩) પીરોજો (ટર્કૉઈઝ) : પીરોજા રંગનો અપારદર્શક પથ્થર. ઈસ્લામ ધર્મના અનુયાયીઓ એને પવિત્ર માને છે.

(૧૪) ઍમેથિસ્ટાઈન સેફાયર : માણેકની જાતનો જાંબુડો પથ્થર.

(૧૫) કાર્બંકલ : માણેકને મળતો પણ જરા પીળાશ પડતો લાલ પારદર્શક પથ્થર. માણેક અને આની પરખમાં ઘણા ભૂલ ખાઈ જાય છે.

(૧૬) ક્રીસોલાઈટ : ફિક્કા લીલાની અસરવાળો પીળા રંગનો પથ્થર.

(૧૭) ક્રીસોપ્રેસ : ખૂલતા લીલા રંગનો પથ્થર. જેઈડ પથ્થર કરતાં આ ફિક્કો ને પાનાથી જરા ખૂલતા રંગનો આવે છે.

(૧૮) પરવાળું (કોરલ) : સમુદ્રમાં બેટો પર ખાસ જીવાતોએ બનાવેલો સિંદુરિયો પદાર્થ.

(૧૯) કાર્નેલિયન : માંસ રંગનો લાલ-અકીક.

(૨૦) જેન્સિથ : લાલ અથવા લાલ ભૂરા રંગનો પથ્થર. મૂળ તે ઝિર્કોનની જ એક જાત છે.

(૨૧) જેડ : લીલા રંગનો અપારદર્શક પથ્થર.

(૨૨) જાર્ગુન : ફિક્કા પીળા રંગનો અપારદર્શક પથ્થર. આ પથ્થર પણ ઝિર્કોન છે અને સીલોન (શ્રી લંકા)માંથી નીકળે છે.

(૨૩) જૅસ્પર : લીલા, પીળા કે વાદળી રંગનો અપારદર્શક પથ્થર.

(૨૪) જેટ : કાળો ચમકતો ખનિજ પથ્થર.

(૨૫) લેપીસ લાજુલી : અપારદર્શક વાદળી રંગનો પથ્થર.

(૨૬) મૅગ્નેટાઈટ (મૉર્ગેનાઈટ) : 'ઍક્વામરીન'ની જાતનો પણ ખૂલતા ગુલાબી રંગનો પારદર્શક પથ્થર.

(૨૭) માર્બલ : સંગેમરમર કે આરસપહાણ.

(૨૮) મૂનસ્ટોન : કાચ જેવો પારદર્શક પથ્થર. ક્વચિત્ સહેજ આસમાની રંગમાં મળી આવે તો ખૂબ જ કિંમતી ગણાય છે.

(૨૯) રૉક ક્રિસ્ટલ : ચશ્માં માટે વપરાતો કાચ જેવો પથ્થર.

(૩૦) સાર્ડોનિક્સ : સફેદ અકીક.

(૩૧) સર્પેન્ટાઈન : સર્પ જેવાં લહેરિયાંવાળો ધૂળિયો લીલો પથ્થર.

(૩૨) સોનેલો (ટુપાઝ) : સોના જેવા રંગનો પારદર્શક પથ્થર.

(૩૩) ટર્મેલાઈન : પાનાને મળતો જ, પાના સાથે જ મળી આવતો, પણ આછા નિસ્તેજ લીલા રંગનો પથ્થર.

(૩૪) પોખરાજ (વ્હાઈટ સેફાયર) : સફેદ અથવા સહેજ પીળાની અસરવાળો, શનિ, માણેક વગેરેની જાતનો પથ્થર. ભારતવર્ષમાં સાધારણ લોકોમાં તે જ હીરા તરીકે વપરાય છે.

(૩૫) લસણિયો (કૅટ્સ આઈ) : વચ્ચે ચળકતી ઉભી રેખા બતાવતો, બિલાડીની આંખ જેવા જ રંગનો પથ્થર.

(૩૬) હેમેટાઈટ : કાળો, સુંવાળો, લોખંડના પદાર્થબંધારણવાળો પારદર્શક પથ્થર. ક્વચિત્ લાલ રંગનો પણ આવે છે. 'જેટ'ને મળતો.

આ સિવાય રંગ કે રૂપમાં સહેજસાજ ફરકવાળા છતાં બંધારણથી ઉપરના પથ્થરોની જાતના જ એવા પથ્થરોનાં બીજાં નામો પણ છે. ઉપર પણ એક જ જાત હોવા છતાં રંગફરકથી જ જુદું નામ અપાયું હોય તેવા પથ્થરો પણ છે, જેમાં કાર્નેલિયન અને સાર્ડોનિક્સ એ અકીક જ છે; જ્યારે સિન્થ અને જાર્ગુન એ 'ઝિર્કોન' નામની એક જ જાતના પથ્થર છે. આ સિવાયનાં નામોમાં પેરીડૉટ, ટાઈગર આઈ, પ્લાસ્મા, સોપસ્ટોન, મલચિટ્સ, સ્પોડુમેન, ઑબસીડિયન, ઑનિક્સ, આર્યન પીરીટ્સ વગેરે છે.

જાપાની શોભનગૂંથણી : (સામેના પાને) દેશદેશના કલાકારો પોતાને ત્યાંની જીવ તથા વનસ્પતિસૃષ્ટિની મનોરમ લીલામાંની રૂપલક્ષણા પકડી લઇ ને તે પરથી શોભન માટેનાં વિવિધ રૂપાંકનો પ્રકટાવે છે. જાપાની કલાકારોએ યોજેલાં એવાં રૂપાંકનોના બે સમૂહ અગાઉ આપ્યા હતા, તેવો આ ત્રીજો સમૂહ છે, જેમાં મથાળાની પાંચ હારમાં માત્ર પક્ષીની જ વિવિધ લીલાની શોભનગૂંથણી છે. વસ્ત્રો, વાસણો, ઘરનાં ઉપસ્કરો વગેરે પર સુશોભનોના બુટ્ટા તરીકે તથા બીજી પણ વિવિધરીતે વિવેકબુદ્ધિથી આને વાપરી શકાય.



(ચિત્રના પરિચય માટે જુઓ સામેના પાને)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : દાતણ · મંજન

સંસ્કૃતમાં પવનનો એક અર્થ છે 'સાફ કરવું'. આથી દંતપવન એટલે 'દાંત ચોખ્ખા કરવા' અને 'દાંત ચોખ્ખા કરવાનું સાધન—દાતણ.'

દંતપવનનું પ્રાકૃત રૂપ દંતવવણ થવું જોઈએ, પણ લગોલગ બોલાતા બે વકારમાંથી એકનો લોપ થતાં આપણને દંતવણ એવું રૂપ મળ્યું છે. તે ઉપરથી ગુજરાતી દાતણ, હિંદી दंतवन, दतौन, दांतन, બંગાળી दांतन વગેરે અર્વાચીન ભાષાના શબ્દો બન્યા છે.

મૂળનો વ્યાપક અર્થ 'દાંત સાફ કરવાનું સાધન' સમય જતાં 'દાંત સાફ કરવા માટેનો બાવળ વગેરેની સોટીનો ટુકડો' એ રીતે સંકુચિત થયો. લોકગીતની રંગીનીને આવળ-બાવળનાં દાતણ ન જ ખપે, એને માટે દાતણ તો દાડમી જ.

દાંત સાફ કરવા માટે દાતણ ઉપરાંત વપરાતી કશીક ભૂકી કે ચૂર્ણ માટે મંજન શબ્દ પ્રચલિત છે. નેપાળીમાં પણ તે मंजन કહેવાય છે, અને પંજાબીમાં मंजण. પૂરો શબ્દ दंत-मंजन છે. मंजन એટલે 'સાફ કરવું'; તેનું પ્રાકૃત પૂર્વ રૂપ मज्जण અને સંસ્કૃત मार्जन. ગુજરાતી માંજવુંમાં મૂળનો ધાતુ જળવાયો છે. આ રીતે દાતણનો જે મૂળ અર્થ 'દાંત સાફ કરવાનું સાધન' તે જ મૂળ અર્થ મંજનનો પણ છે.

હવે તો શહેરી પ્રયોગોમાં અંગ્રેજી પાવડર, ટૂથપેસ્ટ વગેરે પ્રચલિત થયા છે, કેમ કે વ્યવહારમાં પણ તે ચીજોએ દાતણ અને મંજનનું સ્થાન લઈ લીધું છે. આધુનિક નગર-સંસ્કૃતિ માટે દાતણ અજાણી, 'મધ્યકાલીન' ચીજ બની બેસે તો નવાઈ નહિ.

હરિવલ્લભ ભાયાણી

પ્રશસ્ય પ્રથમ પ્રકાશન

ધીરુ પરીખ

અંગ્રેજી સાહિત્યમાં ત્યાંના પ્રસિદ્ધ ગ્રંથકારોનાં જીવન-સર્જનનો પરિચય કરાવતી એક કરતાં વધુ શ્રેણીઓ પ્રકટ થઈ છે, અને થતી રહે છે. અધિકારી લેખકોને હાથે તૈયાર કરાવવામાં આવતી આવી પુસ્તિકાઓ દ્વારા વિશાળ ભાવકવર્ગ સુધી તત્ નિર્દિષ્ટ-નિરૂપિત ગ્રંથકારને પહોંચાડવાનો સુભગ અને સન્નિષ્ઠ પ્રયાસ થતો હોય છે. આપણા સાહિત્યમાં આવી વ્યવસ્થિત શ્રેણી જાણીતા વિવેચક ડૉ. રમણલાલ જોશીએ આપવાનું નિરધાર્યું છે. આ 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ના પ્રથમ પ્રકાશન તરીકે, તાજેતરમાં જ અવસાન પામેલા ગુજરાતી કાવ્યજગતના લોકપ્રિય કવિ પ્રિયકાંત મણિયાર વિષે નલિન રાવળે તે જ નામ*થી પુસ્તિકા આપી છે.

લેખકે આ પુસ્તિકામાં ગ્રંથનાયકના જીવન-પરિચયની વાતો કરતાં કરતાં એમની સર્જન-પ્રવૃત્તિની સેર પણ ગૂંથી લીધી છે. સમગ્ર રીતે આ લખાણને ૬ વિભાગોમાં એમણે વહેંચી નાખ્યું છે. આ વિભાગોનો ક્રમ એ જ છે કવિ પ્રિયકાન્તના જીવનવહેણનો ક્રમ. એમાં જે રીતે એમનો કવિજન્મ થયો અને જે રીતે એ પોષાતો પોષાતો પલ્લવિત થઈ સફલ થયો તેની વિગતસભર અને રોચક શૈલીએ છણાવટ કરવામાં આવી છે. આમ કરવાથી એક બીજો લાભ, વાચકપક્ષે, એ થયો છે કે પ્રિયકાન્તના સર્જન-જીવન-કાળની ગુજરાતી કાવ્યજગતની ગતિ-વિધિનો પણ પરિચય સહજ રીતે મળી રહે છે. વળી, જે જે સર્જક મિત્રો કવિને મળ્યા ને જેમણે જેમણે એમની સર્જનપ્રવૃત્તિને પાળી-ટપારી-પોષી તે વિગતોને પણ રસિકરીતે અને ગ્રંથનાયકને અન્યાય ન થાય તે રીતે, રજૂ કરી છે. આથી એ નિરૂપણનું સાહિત્યના ઇતિહાસની દૃષ્ટિએ પણ ભાવિ મૂલ્ય છે જ.

આ ઉપરાંત પ્રિયકાન્તની કવિતાનું મૂલ્યાંકન-પુનર્મૂલ્યાંકન પણ એમણે, એમના કાવ્યસંગ્રહોના સંદર્ભમાં ખાસ કરીને, અને વચ્ચે-વચ્ચે સમગ્રપણે કર્યું છે. લેખક કવિના નિકટ પરિચયમાં રહેલા હોઈ કવિની સર્જનપ્રક્રિયા વિષે પણ કેટલીક હકીકતો-ખાસિયતો આમાં અનાયાસ જ સ્ફુટ થઈ રહે છે, જે સદ્‌ગત કવિએ ક્યાંય ચર્ચી નથી તેનો ચિતાર અન્યથા મળી રહેવો મુશ્કેલ હતો. આ સાથે આ લખાણ સંસ્મરણાત્મક પણ બનતું ગયું છે એટલે એની નિરૂપણપદ્ધતિમાં સ્નેહહૂંફે પ્રકટેલી તાજગી મહોરી રહે છે. લેખકે આ સ્નેહથી પર રહી એક નિષ્પક્ષ વિવેચકની દૃષ્ટિ પણ દાખવી છે એની પ્રતીતિ પણ પ્રિયકાન્તની ગઝલો કે એમની અછાંદસ રચનાઓના સંદર્ભમાં કરેલાં એમનાં પ્રસંગોપાત્ત ઉચ્ચારણોથી મળી રહે છે.

ગ્રંથમાં ગ્રંથનાયકની કૃતિઓ તેમજ તેમના વિષે અન્યત્ર પ્રકટ થએલાં લખાણોની એક બૃહદ્ સૂચિ આપી છે તે પણ અભ્યાસીઓને ઉપયોગી થઈ રહેવાની શાસ્ત્રીય દૃષ્ટિનું જ પરિણામ છે. ગ્રંથનાયકની આબાદરીતે ઉપસાવવામાં આવેલી અક્ષરછબીની સાથે એમની ક્ષર છબી પણ ગ્રંથની મૂલ્યવત્તામાં વધારો કરે છે ત્યારે કહેવાનો લોભ પણ થાય કે ગ્રંથનાયકના હસ્તાક્ષર પણ આપવામાં આવ્યા હોત તો? પ્રસ્તુત શ્રેણીના સંપાદક ડૉ. રમણલાલ જોશીએ જે નિષ્ઠાથી આ પ્રવૃત્તિ ઉપાડી છે તેનું તેજ ઉત્તરોત્તર વધતું રહો એવી અપેક્ષા કોઈ પણ સાચા સાહિત્યરસિકને આથી જાગ્યા વગર નહિ રહે.

* 'પ્રિયકાન્ત મણિયાર' (લે. નલિન રાવળ), કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૫; પ્રકા. કુંકુમ પ્રકાશન, મૉડેલ સિનેમા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧

નવાં પ્રકાશનો

સમ્પૂર્ણ ગાંધી વાઙ્‌મય (હિંદી): ગાંધી સાહિત્યના હિંદી પ્રકાશનના આ સાઠમા ખંડમાં ૧૯૩૪ના ડિસેમ્બરની ૧૬મીથી ૧૯૩૫ના એપ્રિલની ૨૪મી સુધીનો ગાળો આવરી લઈ એમાં વિવિધ રાજકીય તેમજ સાંસારિક વ્યક્તિઓ પર લખાએલા ગાંધીજીના પત્રોને પ્રધાનતયા રજૂ કરવામાં આવ્યા છે, જેમાં ગાંધીજીની અહિંસામાં અતૂટ શ્રદ્ધા, ભારતની હતોત્સાહ કરી નાખે તેવી રાજકીય પરિસ્થિતિમાં પણ હિમ્મતથી કામ લેવાની હોંશ, ખાદી-ગ્રામોદ્યોગની મહત્તાનો પ્રચાર આદિ બાબતો સ્પષ્ટતાથી વ્યક્ત થએલી જોઈ શકાય છે. આ સર્વ લખાણોમાં મહાત્માજીની નિખાલસતા અને નિયમચુસ્તતા તેમને પ્રજાપ્રિય સર્વમાન્ય નેતા બનાવી રહી હતી તે પણ અનુભવી શકાય છે. તે કાળનું રાજકીય વાતાવરણ પણ આ પત્રોમાં સુપેરે પ્રકટ થયું છે. (પ્ર. પબ્લિકેશન ડિવિઝન, પતિયાળા હાઉસ, નવી દિલ્હી-૧; કાચું પૂઠું, પૃ. ૫૪૦, રૂ.૭-૫૦.)

લક્ષદ્વીપ (હિંદી): પ્રસ્તુત પ્રકાશન વિભાગ તરફથી ભારતનાં વિવિધ રાજ્યોનો પરિચય આપતી હિંદી પુસ્તક શ્રેણી 'હમારે દેશ કે રાજ્ય'માં પ્રકટ થએલી એમ. રામુન્નિ લિખિત આ સચિત્ર પુસ્તિકા લક્ષદ્વીપનો અધિકૃત પરિચય કરાવતી હોઈ વાચકોના સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવી છે. (કાચું પૂઠું, પૃ. ૮૭, રૂ. ૩-૫૦)

રૂપો હાથી: નૅશનલ બુક ટ્રસ્ટ દ્વારા 'નેહરુ બાલ-પુસ્તકાલય'ની શ્રેણીમાં મિકી પટેલ દ્વારા લિખિત-ચિત્રિત આ બાળવાર્તાનો ગુજ-

રાતી અનુવાદ કર્યો છે વર્ષા દાસે. બાળકોને ગમી જાય તેવી લખાવટ અને બહુરંગી ચિત્રો આ વાર્તાને સ-રસ બનાવે છે. (વિક્રેતા : વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૨૮, રૂ. ૧-૫૦.)

વૃક્ષોની દુનિયા : પ્રસ્તુત શ્રેણીમાં કિશોરોને વનસ્પતિનો ખયાલ આપવાના ઉદ્દેશથી રસ્કિન બૉન્ડ દ્વારા લખાએલી આ સુંદર સચિત્ર પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ કર્યો છે વિજયગુપ્ત મૌર્યે અને એનાં રંગબેરંગી ચિત્રો કર્યાં છે સિદ્ધાર્થ બૅનરજીએ. પુસ્તકની રોચક લખાવટ અને માહિતીની વાર્તાત્મક રજૂઆત જ્ઞાન સાથે ગમ્મત આપે તેવી હોઈ કિશોરોને વાંચવી ગમે તેવી આ પુસ્તિકા એક પ્રશસ્ય પ્રકાશન બની રહે છે. (વિક્રેતા : ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧-૫૦.)

પ્રસંગશતક : જીવનમાં વ્યવહારક્ષેત્રે, કલાક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે જે અવનવા જ્ઞાનપ્રદ ને ઉપયોગી પ્રસંગો જોવા મળ્યા હોય તેનાં ટૂંકાં સો આલેખનો અહીં રજૂ કર્યા છે સ્વ. શ્રી ભરતરામ ભા. મહેતાએ. આ પ્રસંગોમાંથી ફલિત થતો બોધાર્થ જીવનોપયોગી છે જ, પરંતુ તેની લખાવટ મામૂલી ને ફિસ્સી હોઇ રોચકતા જમાવી શકતી નથી, ને વળી ૧૦૦ પૃષ્ઠોના આ નાનકડા પુસ્તકની કિંમત રૂ. ૬-૫૦ પણ પ્રમાણમાં વધુપડતી ગણાય. શિક્ષણસંસ્થાનું જ જ્યારે આ પ્રકાશન હોય ત્યારે એ સસ્તું ના આપી શકાય? (પ્રાચ્યવિદ્યા મંદિર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા; કાચું પૂઠું.)

રોકડિયા પાકોમાં વધુ ઉત્પાદન : ગ્રામવિસ્તારના અલ્પશિક્ષિત ખેડૂતોને નજર સમક્ષ રાખી તેમને રોકડિયા પાકોનું વધુ ઉત્પાદન કેમ લેવું તેની વૈજ્ઞાનિક છતાં સરળ ભાષામાં સમજ આપતું આ પુસ્તક કૃષિક્ષેત્રે ઉપયોગી પ્રકાશન જરૂર ગણી શકાય. પરંતુ ૧૬૪ પાનાંના આ પુસ્તકની રૂ. ૧૨-૫૦ જેટલી મોટી કિંમતનું શું? (પ્રકા. ઉપર મુજબ, લેખક યોગેશ ઇન્દ્રવદન પંડયા, કાચું પૂઠું.)

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

આર. આર. શેઠની કં.
મુંબાઈ-૨ • ગાંધીરોડ, અમદાવાદ-૧

લાગણી : રઘુવીર ચૌધરીની આ લઘુનવલમાં એકલહુવોર અને ગામમાં ખરાબ માણસ તરીકે પંકાએલો લાલજી સાટાના અભાવે પરણી શકતો નથી અને પૈસા ખરચીને પરણવાની ઈચ્છા નથી. એના સદ્દભાગ્યે અમેરિકા ગએલા એક જ્ઞાતિજનની યુવાન પરણેતર રેવા છંડાય છે, અને હિંમત કરી એને મળવા

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રીમતી કલ્લોલિની હઝરત

જન્મ : તા. ૩૦-૮-૧૯૨૯, અમદાવાદમાં. સંસ્કૃત અને અંગ્રેજીમાં માન સાથે મુંબાઈ યુનિ.ના સ્નાતક. સંસ્કૃતમાં પ્રથમ આવી દક્ષિણા ફેલોશિપ મેળવનાર. મહારાષ્ટ્ર રાજ્યની ગુજરાતી પાઠયપુસ્તક કમિટીના સભ્ય-સંપાદક. ભાષાશિક્ષણ—ખાસ કરીને અંગ્રેજી અને સંસ્કૃત અંગે સંશોધનપૂર્વક અનેક નવાં આયોજન કરનાર. વર્લ્ડ એડયુકેશન ફેલોશિપના પત્ર 'ન્યૂ એરા'ના એક સંપાદક. ઑલ ઇંડિયા રેડિયોના સુગમ સંગીત અને સંસ્કૃતપઠનનાં એક કલાકાર. 'સૂર-નૂપુર', 'સંગમ', 'ભગિનીસમાજ', 'ચિલ્ડ્રન્સ લિટલ થીએટર', 'એચ. જે. કૉલેજ ઑાવ એડયુકેશન', 'સેવામંદિર', 'એસ. એન. ડી. ટી. યુનિ.' મહારાષ્ટ્ર રાજ્ય પાઠયપુસ્તક બોર્ડ', બૃહદ્ મુંબાઈની મ્યુનિ. કૉર્પો. વગેરે અનેક સંસ્થાની શિક્ષણ, સંગીત અને સાંસ્કૃતિક વિષયક પ્રવૃત્તિઓ સાથે બહુવિધરીતે સક્રિયપણે સંકળાએલા રહી છેક અમેરિકા સુધી ખ્યાતિ પામનાર.

૧. સંગીતના અભ્યાસી તરીકે આપ ભારતીય અને પશ્ચિમી સંગીત વચ્ચેનો તફાવત કહેશો ?

ઉ. વિગતવાર તુલના તો ઘણી વિસ્તૃત થાય, પણ પશ્ચિમી સંગીતમાં વૃંદવાદન ઘણું વ્યવસ્થિત છે. પશ્ચિમના સંગીતમાં સૂરની સંવાદિતા (હાર્મની) પર તો ભારતીય સંગીતમાં સ્વરમાધુર્ય (મેલોડી) પર વધુ ભાર દેવાય છે. ભારતના 'રાગ' અને 'તાલ'નું અદ્વિતીય અનોખાપણું સર્વભોગ્ય ક્ષમતાવાળું છે.

૨. ગરબાનાં આયોજન માટે આપની ખ્યાતિ છે. આપ એ કઈ રીતે સિદ્ધ કરો છો ?

ઉ. શબ્દને અનુરૂપ સંગીત, સંગીતને અનુરૂપ ગૂંથણી અને આ બધાંને અનુરૂપ વસ્ત્રપરિધાનનો સુમેળ સાધવા સાથે ગરબાનું પરંપરાગત સ્વરૂપ જાળવી રાખીને એમાં નાવીન્ય લાવવા સતત પ્રયોગશીલ રહેવાથી. ગરબાની પ્રતિષ્ઠા ને આકર્ષણ વધારી શકાય. આ દૃષ્ટિએ ગીતવિષય, સ્વર, તાલ, વેષપરિધાન એમ ગરબાના દરેક અંગમાં અવનવા પ્રયોગોથી એ સિદ્ધિ મેળવી શકાઈ છે. સારંગ વગેરે ગરબાના પ્રચલિત રાગ ઉપરાંત, ચંદ્રકૌંસ, શિવરંજની, મધુવંતી, ભૈરવી વગેરે રાગ; હીંચ અને કેરવા ઉપરાંત આડાચૌતાલ, એકતાલ કે ઝપતાલ તથા ગરબાના ગાનમાં સ્પષ્ટ સમન્વય એવી મધ્ય લય ને તેજ રંગનાં ગૌરવવંતાં વસ્ત્રો ગરબાને આકર્ષક બનાવેછે.

૩. 'સૂર-નૂપુર' અને 'સંગમ'—જેની સાથે આપ ગાઢ રીતે સંકળાએલાં છો, એના વિષે કંઈ કહેશો ?

ઉ. 'સૂર-નૂપુર' એ પહેલું જ અવેતન સાંસ્કૃતિક જૂથ છે જેણે 'ભગિનીસમાજ' અને 'વર્લ્ડ એડયુકેશન ફેલોશિપ'ના ઉપક્રમે ઇંગ્લૅન્ડ, કૅનેડા ને યુ. એસ. એ.ને પોતાના કાર્યક્રમોથી આકર્ષ્યાં છે. પશ્ચિમની પ્રજાને લક્ષમાં રાખીને એના કાર્યક્રમોનું આયોજન કરેલું ને એમાં ગુજરાત જ નહિ, અન્ય પ્રાંતનાં લોકનૃત્યો ને ભારતીય પર્વોની ઝલક આપતી 'રંગોત્સવ' નામક નૃત્યનાટિકા પણ રજૂ કરેલી. 'સંગમ' લંડનમાં ત્યાંનાં જ કલાકારો દ્વારા દર વર્ષે લોકનૃત્યોની સ્પર્ધા યોજે છે.

૪. કલા અને સૌંદર્ય એ નારીનાં આવશ્યક આભૂષણો ગણાય છે. આપને મન કલા એટલે ?

ઉ. મન અને હૃદયના વિકાર અને કર્કશતાને લુપ્ત કરીને જીવનને મધુર બનાવે એ કલા. દરેક વ્યક્તિ કલાકાર ન થઈ શકે, પણ એની કદર કરવા શક્તિ-સમજ કેળવે તો જીવનમાં એક પ્રકારની સુકુમાર મુલાયમતા પ્રકટે.

૫. આપને મન સૌંદર્ય એટલે ?

ઉ. ક્ષણેક્ષણે નવીનતા ધરે એ ખરું સૌંદર્ય. બાહ્ય કરતાં આંતરિક સૌંદર્ય ચિરંજીવ છે. પણ શારીરિક સુંદરતાની સાથે બુદ્ધિમત્તા ને પ્રભાવક વ્યક્તિત્વનો પણ સુમેળ હોવો જ જોઈએ. અન્યથા સૌંદર્ય પોકળ જ બની રહે.

૬. પ્રસાધનોની આવશ્યકતા આપ સ્વીકારો છો ?

ઉ. સુંદર દેખાવા માટે પ્રસાધનો વાપરવાં જરૂરી જ છે એમ ન કહી શકું. પણ જો એથી કોઈ ક્ષતિ ઢંકાઈને સુંદરતા ખીલી ઊઠતી હોય તો એ વાપરવામાં કોઈ વાંધો પણ નથી લાગતો.

કલ્લોલિની હઝરત

ગએલો લાલજી એના તરફ આકર્ષાય છે, રેવાને પણ લાલજી ગમી જાય છે. બંને એકબીજાને ખરા દિલથી ચાહતાં થાય છે, પણ એક બાજુ જ્ઞાતિ અને સગાંની ખટપટ અને બીજી બાજુ લાલજીનો 'સૌનું ભલું તાકી' રંગેચંગે રીતસર લગ્ન કરવાનો આગ્રહ એને કપાસની દવા પી આપઘાત કરવા તરફ દોરી જાય છે.

વીરજી, અભુભાઈ, સુંદરી, મુખી, ગગી અને બીજાં પણ થોડાં ગૌણ પાત્રોનું આલેખન લેખકે સરસ રીતે કર્યું છે, પણ એ સૌના કેન્દ્રમાં લાલજી છે. 'મળેલા જીવ'નો કાનજી યાદ આવી જાય એવા આ લાલજીની લાગણીને લેખક ખૂબ આહ્‌લાદકરીતે મૂર્ત કરી શક્યા છે. 'મરતાં મરતાં ય જીતીને જનારા' લાલજીનું મૃત્યુ કરુણ બની જાય છે—દેવદાસના અંતની યાદ આપે એટલું બધું—પરંતુ એ સિવાય બીજો કોઈ અંત આ કૃતિને વધુ કલાત્મક ના બનાવી શક્યો હોત. (પૃ. ૨૫૮, પાકું પૂઠું, રૂ. ૧૩.)

વારાફેરા: સ્વ. વિ. સ. ખાંડેકરના આ દશમા વાર્તાસંગ્રહની અગિયાર વાર્તાઓમાં મુખ્યત્વે સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ નૈતિક મૂલ્યોમાં જે પરિવર્તન આવતું જાય છે એનું નિરૂપણ છે. લેખક એમની ગાંધીવાદી દૃષ્ટિને કારણે સ્વાતંત્ર્ય પૂર્વેનાં ધ્યેયો, નિષ્ઠા, નૈતિક મૂલ્યો વગેરે પર સ્વાભાવિક રીતે શ્રદ્ધા ધરાવતા હોઈ સ્વાતંત્ર્ય બાદની સત્તાલોભ, સ્વાર્થ, તકવાદીપણું વગેરે વૃત્તિઓ પરનો એમનો ઉચિત તિરસ્કાર અહીં વ્યંજિત થાય છે. તેમ છતાં સિદ્ધહસ્ત વાર્તાકાર હોઈ ખાંડેકરે આ વાર્તાઓને ઉપદેશાત્મક નહિ બનાવતાં માત્ર જીવનનું કલાત્મક ચિત્રણ કરતી બનાવી છે એ એમની સિદ્ધિ છે. શ્રી ગોપાળરાવ વિદ્વાંસે કરેલો અનુવાદ હમેશની જેમ રોચક રહ્યો છે. (પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૯-૭૫.)

શકુંતલા: મહાકવિ કાલિદાસની અમર કલાકૃતિ શાકુંતલના કથાનકનો આધાર લઈ જાણીતા નવલકથાકાર શ્રી ઈશ્વર પેટલીકરે લખેલી આ નવલકથા એમના સમાજલક્ષી અભિગમની દ્યોતક છે. આખા નાટકના પ્રસંગોમાંથી ચમત્કારના અંશો ગાળી નાખી લેખકે કૃતિને એક નવું પરિમાણ આપવાનો સરસ પ્રયાસ કર્યો છે. (બીજી આવૃત્તિનું ત્રીજું પુનર્મુદ્રણ, પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૪-૫૦.)

આનંદધારા: મેરેલિન મનરોની આત્મકથામાંથી પ્રેરણા મેળવી શ્રીમતી વર્ષા અડાલજાએ લખેલી આ નવલકથામાં મુંબાઈની ઝૂંપડપટ્ટીમાં વસતી એક વેશ્યા કાશીની સૌન્દર્યવતી પુત્રી રાણી માનસ નામના ભાવનાશાળી ફોટોગ્રાફરની સહાયથી મૉડેલ તરીકે કામ કરવા લાગે છે અને પછી માનસ સાથે લગ્ન કરે છે; પણ ધન અને વૈભવવિલાસમાં રાચવાની એની અતૃપ્ત કામના એને સિનેમા તરફ ખેંચી જાય છે અને અનેક પુરુષોના હવસનો ભોગ બનાવે છે. આખરે દારૂની આદતથી બરબાદ થઈ ગએલી અને માનસિક યાતનાથી પીડાતી રાણી ગંગામાં પડી આપઘાત કરવા જાય છે, ત્યાં નિર્મળ નામનો એક ભાવનાશાળી અને અધ્યાત્મવાદી માણસ એને બચાવી જીવનનો નવો રાહ બતાવે છે. માનસના પુનર્મિલન સાથે કથાનો અંત આવે છે.

જીવનમાં આનંદ અંદરથી શોધવાનો છે, બાહ્ય ઉપયોગમાંથી નહિ, એ ચવાઈ ગએલા સૂત્રને ચરિતાર્થ કરતી આ કથાનો આરંભ આકર્ષક છે, પરંતુ રાણી હરદ્વાર જઈ ચડે છે એ પછીના બનાવો તાલમેલિયા લાગે છે. કોઈ ફિલ્મ માટે લખી હોય એવી આ કથામાં દૃશ્યાત્મક પ્રસંગો લાવવા સભાન પ્રયાસ થયો છે. (પૃ. ૨૬૦, પાકું પૂઠું, રૂા. ૧૨-૫૦.)

આતશ: શ્રીમતી વર્ષા અડાલજાએ વિયેટનામના યુદ્ધને વિષય બનાવીને આ લઘુનવલમાં યુદ્ધનાં અમાનુષી દૃશ્યોનો હૃદયવેધક ચિતાર આપ્યો છે. યુદ્ધના સિતમો, બળાત્કારો, જાસૂસી અને ફનાગીરી વચ્ચે થોડા માનવતાના દીપકો પ્રકટાવી લેખિકાએ અંતે માનવએમના વિજયની આશા વ્યક્ત કરી છે. 'યુદ્ધસ્ય વાર્તા રમ્યા' એ નિયમ મુજબ આ લઘુનવલ આકર્ષક બની છે—માત્ર એમાં થએલો જાતીય વિકૃતિનાં દૃશ્યોનો અતિરેક ખૂંચે એવો છે. (પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂા. ૧૦.)

નિયતિ: પ્રાથમિકશાળાના પોતાના અનુભવમાંથી વધુ એક કૃતિ લઈ આવતા શ્રી દિલીપ રાણપુરા આ કથામાં એક પ્રાથમિક શાળાના આચાર્યનો નિયતિ સામેનો સંઘર્ષ સરસ રીતે આલેખે છે. પરંતુ પ્રાથમિક શાળાના આચાર્ય રમણલાલ એમના મદદનીશ શિક્ષક વસંતલાલની અગાઉના આચાર્યો પર આવી પડેલી આપત્તિઓની વાતોથી જે વિહ્‌વળતા અનુભવે છે એના આલેખનથી ઊભી થતી અપેક્ષા મુજબ કથાનો અંત કલાત્મક આવતો નથી. વળી કથાનાયક નિયતિ સામે લડીને એના બધા સકંજામાંથી છૂટી ઘણું બધું ગુમાવે છે એવી પણ કશી પ્રતીતિ થતી નથી, કેમ કે રમણલાલનું નિયતિ સામેનું યુદ્ધ અને એમનાં પત્ની મધુને આવેલી બહેરાશ વચ્ચે કશો સીધો સંબંધ નથી. રમણલાલ શાળાના કામની ખૂબ કાળજી રાખે છે અને મધુ પ્રત્યે બેદરકારી રાખે છે માટે મધુ શ્રવણેન્દ્રિય ગુમાવે છે, એવી વાચકના મન પર કશી છાપ ઊપસતી નથી. એથી લેખકે 'દળી દળીને કુલડીમાં વાળ્યું' હોય એવી નિરાશા વાચકને નવલકથા પૂરી કરતાં થાય છે. (પૃ. ૨૫૮, પાકું પૂઠું, રૂા. ૧૩.)

રંગ બદલતી રોમા: હનુમાન હાઈસ્કૂલના ડ્રૉઈંગ ટીચરની એક આંખ ખોટી છે એમ કહી નવી આવેલી સુંદર શિક્ષિકા મીરાંને એ કયી આંખ છે એ શોધી કાઢવાનું આહ્વાન આપતો પોપટલાલ માસ્તર જાણેઅજાણે એક ભ્રમણા ઊભી કરવામાં નિમિત્ત બને છે. સંતોષની આંખ સામે જોયા કરતી મીરાં સંતોષના મનમાં ભ્રમ પેદા કરે છે. પોતાના પ્રેમમાં પડી ગએલા સંતોષને બીજે માર્ગે વાળવા મીરાં એને વેશ્યા બની ગએલી પોતાની સખી રોમાને સુધારવાનું આહ્વાન આપે છે. રોમાને સુધારવા જતાં પાયમાલ થઈ ગએલો સંતોષ મીરાંનું છળ જાણતાં ભારે આઘાત અનુભવી ચાલ્યો જાય છે અને એના તરફ આકર્ષાએલી રોમા એને શોધી કાઢે છે. અંતે મીરાં સાથે સંતોષ પરણે છે અને રોમા ફરી પાછી ધંધાદારી વેશ્યા બની જાય છે. શાળાનું વાતાવરણ, રોમાનો લીલો બંગલો, રોમાનો ભૂતકાળ એ બધાંનું લેખક આબિદ સૂરતીએ સરસ ને આકર્ષક આલેખન કર્યું છે, પણ આખી કૃતિ તાલમેલિયા લાગે છે ને બધા પ્રસંગો એકસરખા પ્રતીતિકર બનતા નથી. વાતાવરણ પણ ભારતીય કરતાં પાશ્ચાત્ય વધારે લાગે છે. (પૃ. ૨૩૦, પાકું, રૂા. ૧૧-૨૫.)

અવાવરુ ઓરડા: બે લઘુનવલોના આ સંગ્રહમાં પહેલીમાં વિપુલના પોતાના પિતરાઈ ભાઈ મનુભાઈ તરફના આદર અને પ્રેમનું આલેખન એને પડતી અનેક તકલીફો દ્વારા થયું છે, જે બહુ પ્રતીતિકર લાગતું નથી; બીજી 'ભીતર' લઘુનવલમાં બાબુબાઈ નામનો મટુમાનો પુત્ર પોતાના પિતરાઈ પ્રત્યેના શંકાભાવથી દુઃખી થઈ ટી.બી.નો ભોગ થઈ પડે છે અને અંતે મૃત્યુ પામે છે. બંનેમાં પિતરાઈભાઈઓ વચ્ચેના કલહ દ્વારા સ્ત્રીહૃદયના ભાવોનું આલેખન કરવામાં શ્રી મૂળરાજ રૂપારેલે નોંધપાત્ર સર્જકકલા દર્શાવી છે. (પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂા. ૧૨.)

કાળાં ગુલાબ: 'દુશ્મન' ને 'દો આંખે બારહ હાથ' જેવી હેતુલક્ષી ફિલ્મોની યાદ આપતી આ ફિલ્મી વાર્તા જેવી લઘુનવલમાં શ્રી આબિદ સૂરતીએ કોઈ મહાન કાર્ય કરવા ઈચ્છતા કુનાલ નામના યુવાનને ગોપાળપુરની વિવિધ જાતીય વિકૃતિઓ ધરાવતી ૧૦૨ વેશ્યાઓને સુધારવાના પ્રયાસો કરતો બતાવ્યો છે. પ્રસંગોની અપ્રતીતિકરતા તેમ જ કુનાલ જેવા યુવાને આટલી બધી સુંદરીઓ વચ્ચે જાળવેલા સંયમની અવાસ્તવિકતા આ કૃતિને સાવ સામાન્ય સ્તરની કૃતિ બતાવી દે છે. (પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂા. ૯-૫૦.)

ઋષિમંડળ-૩

અત્રિ

પ્રજાપતિએ ત્રિસંવત્સર નામે એક સત્ર આરંભ્યું. તેમાં પ્રકટ થએલી વાગ્દેવીની માગણીથી એના માટે પ્રજાપતિએ પ્રતિસૂર્ય સમો એક પુત્ર નિર્માણ કર્યો. એ પુત્ર તે અત્રિ. બીજી એક કથા એવી છે કે એ સ્વયંભુવ મન્વંતરમાં બ્રહ્મદેવતાના મસ્તક કે નેત્રમાંથી પ્રકટ થયો હોઈ બ્રહ્મદેવના દસમાંનો એક માનસપુત્ર હતો. કર્દમ પ્રજાપતિની પુત્રી અનસૂયા એની ભાર્યા હતી. સંતાનની ઇચ્છાથી એમણે જગતનો જે કોઈ ઈશ્વર હોય એની આરાધના કરી. કર્મમાર્ગમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય સમાન ગણાતા દેવતા એના પુત્ર થયા, જેમાં દત્ત એ વિષ્ણુનો, દુર્વાસા એ શિવનો અને સોમ એ બ્રહ્માનો અવતાર હતા.

લોકશાસિત રાજશાસનનો પુરસ્કર્તા હોઈ અત્રિ ઉપર રાજશાસકની વક્રદૃષ્ટિ રહેતી ને એને તુરંગવાસ પણ વેઠવો પડેલો. સૂર્યગ્રહણ સંબંધી જ્ઞાન પામનાર એ પ્રથમ હતો. ગૌતમ મુનિ સાથે એણે બ્રાહ્મણ-માહાત્મ્ય પર સંવાદ કરેલો. સ્વયંભુવ અને વૈવસ્ત મન્વંતરમાંના સપ્તર્ષિઓમાં મહા કર્મનિષ્ઠ અને તેજસ્વી ઋષિ તરીકે એની ગણના છે.

સતીના આત્મવિલોપનના કારણે શંકરના ક્રોધથી માર્યા ગએલા માનસપુત્રો સાથે એનું પણ મરણ થએલું, પણ પછી શંકરના જ વરદાનથી એ વૈવસ્વત મન્વંતરમાં પુનઃ પ્રકટ થએલો. આ નવા અવતારમાં પણ અનસૂયા જ એની પત્ની હતી. ૧૯મા દ્વાપરમાં એ વ્યાસ હતો. વનવાસ દરમિયાન દંડકારણ્યમાં રામ અત્રિના આશ્રમમાં આતિથ્ય સત્કાર પામેલા અને અનસૂયાએ સીતાને પાતિવ્રત્યનો બોધ આપેલો એવું વાલ્મિકી રામાયણમાં વિધાન છે.

એનું 'પર્જન્યસૂક્ત' ઓજસ્વી છે. 'સ્તોત્રો કહેવાનો ધંધો કરીને પેટ ભરી જેઓ ચેનથી રહે છે, અને એક કોડીનું યે દાન કરતા નથી તેમનું ધન તું (ઈશ્વર) એક ક્ષણભર પણ ટકવા ન દઈશ. તથા સન્માર્ગથી ભ્રષ્ટ થઈ ધર્મ અને જ્ઞાનનો દ્વેષ કરી અનેક સંતાનોવાળા બનેલા દુષ્ટોને અંધકારમાં ધકેલી દે' આ પ્રકારની એણે એમાં પ્રાર્થના કરી છે.

'અત્રિસંહિતા' અને 'અત્રિસ્મૃતિ'નો એ રચયિતા છે. સંહિતામાં એણે યોગ, જપ, કર્મ વિચાર, દ્રવ્યશુદ્ધિ વગેરેનો વિચાર કર્યો છે, તો સ્મૃતિમાં એણે પ્રાણાયામ, જપપ્રશંસા, પ્રાયશ્ચિત્ત તથા ચાર વર્ણનાં કર્મ, એમની ઉપજીવિકા, સ્પર્શાસ્પર્શ્યદોષ, ઉચ્છિષ્ટાદિ અન્નદોષ, દશવિધ બ્રાહ્મણ, શ્રાદ્ધ, સૂતકનિર્ણય વગેરે વિષે લખ્યું છે. મનુએ એના મતને ગૌરવપૂર્વક સ્વીકાર્યો છે. □



એ જી ફાગણ આવ્યો ફાંકડો કોઈ ફાગણ લ્યો,
એનો વાંકડિયો છે લાંક રે કોઈ ફાગણ લ્યો.
એ જી આંબાની મ્હોરી મંજરી કોઈ ફાગણ લ્યો,
એવાં સરવર સોહે કંજ રે કોઈ ફાગણ લ્યો.
એ જી દરિયા દિલનો વાયરો કોઈ ફાગણ લ્યો,
એ તો અલમલ અડકી જાય રે કોઈ ફાગણ લ્યો.

—રાજેન્દ્ર શાહ

ડૉ. રસિકલાલ પરીખ

આજથી પચાસ-પંચાવન વર્ષ પૂર્વે ભરૂચના છેવાડે 'મેના–પોપટની વાડી'ના નામે ઓળખાતી એક અડાબીડ ઝાડી હતી ત્યાં એક સાધુપુરુષ આવ્યો. સંન્યાસ લઈને નર્મદા તટે રહેવાની એની ઇચ્છા હતી. પરંતુ મહાત્મા ગાંધીએ સલાહ આપી: 'ભગવાં કપડાં પહેરશો નહિ પણ ભગવું હૃદય રાખજો.' એમના આદેશને અનુસરી એણે પેલી ઝાડી સાફ કરી, રહેઠાણ ઊભું કર્યું, 'સેવાશ્રમ ટ્રસ્ટ'ની રચના કરી અને ઈ. સ. ૧૯૨૬માં લોકહિતાર્થે ત્યાં દાંતનું દવાખાનું ખોલ્યું. જિલ્લાભરમાંથી દાંતના દુખિયા લોકો ત્યાં ઊભરાવા લાગ્યા. એ ડૉ. ચંદુલાલ દેસાઈને ગુજરાતના લોકોએ 'છોટે સરદાર'નું બિરુદ આપી એમની સેવાઓને નવાજી.

પછી તો ૧૯૨૯માં તેમણે આંખનું દવાખાનું પણ ખોલ્યું અને ૧૯૩૯માં જનરલ હૉસ્પિટલ શરૂ કરી. એ હૉસ્પિટલમાં જરૂર હતી સેવાપરાયણ ડૉક્ટરની, પણ એવો ભલો આદમી તુરત તો ક્યાંથી મળે? પણ અંતે ઈ. ૧૯૪૩માં મુંબાઈની હૉસ્પિટલનો બહોળો અનુભવ મેળવી ચૂકેલા, ઉચ્ચ ઉપાધિઓ ધરાવતા એક ડૉક્ટર સેવાભાવથી અહીં માત્ર રૂ. ૪૦૦/–ના પગારે જોડાયા. એ પણ ગાંધીજીના રંગે રંગાએલા સજ્જન હતા; એટલે જ તો ઓછા પગારે, ખોબા જેવડા ભરૂચમાં એ આવ્યા હતા. એ ડૉક્ટર તે રસિકલાલ મગનલાલ પરીખ.

એમનો જન્મ તા. ૨જી સપ્ટેમ્બર ૧૯૧૦ના રોજ અમદાવાદના મધ્યમ વર્ગના વણિક કુટુંબમાં થએલો. પિતા પાલનપુરમાં સરકારી ટ્રેઝરીમાં હેડ એકાઉન્ટન્ટ હતા.

રસિકભાઈની ચાર વર્ષની વયે માતાનું અવસાન થતાં કાકા-કાકીના આશ્રયે ઊછરવા લાગ્યા. કુદરતને હજી કસોટી કરવી હતી તે ૧૯૨૫માં કાકા કાકીનાં અવસાન થયાં. નિરાધાર રસિકભાઈ ને બીજા કાકાએ પાંખમાં લીધા. જરાક મોટા થતાં રસિકભાઈ અમદાવાદ આવીને પ્રોપ્રાએટરી હાઈસ્કૂલમાં દાખલ થયા. શાળાના રાષ્ટ્રીય અસ્મિતાના વાતાવરણથી ત્યાં એમનામાં રાષ્ટ્રભક્તિના સંસ્કાર અંકુરિત થયા.

ગુજરાત કૉલેજમાં દાખલ થયા બાદ રસિકભાઈ અમદાવાદની જમાલપુર વૉર્ડ કૉંગ્રેસ સમિતિના મંત્રી બન્યા અને ભૂગર્ભ પ્રવૃત્તિમાં પડયા. એમાં પકડાતાં સાબરમતી જેલમાં ત્રણ માસની સજા થઈ. જેલમાં મોરારજીભાઈ દેસાઈ, ડૉ. ચંદુલાલ દેસાઈ, દિનકરરાવ દેસાઈ આદિના સંપર્કથી એમની રાષ્ટ્રીય ભાવનાઓને નવો ઓપ થયો.



ઈ. ૧૯૩૨માં તેઓ ફરી કૉલેજમાં દાખલ થયા, ફરી ભૂગર્ભ પ્રવૃત્તિને કારણે પકડાયા, ને ત્રણ માસની સજા પામ્યા. જેલમાંથી છૂટીને અભ્યાસમાં જોડાયા, પણ પોલીસ ખાતાએ તેમની રાજદ્રોહી પ્રવૃત્તિ અંગે પ્રિન્સિપલ ફિનલે શિરાઝને રિપોર્ટ કરતાં રસિકભાઈને કૉલેજમાંથી બરતરફ કરવામાં આવ્યા. પોલીસે તેમના પર પેરોલ લગાવી. છેવટે કાકાની વિનંતીથી પેરોલમાંથી છુટકારો થયો. આવી ડામાડોળ સ્થિતિમાં તેમણે ૧૯૩૩માં ઈન્ટર સાયન્સની પરીક્ષા પસાર કરી. યુવકવર્ગ માટે સ્ફૂર્તિ અને ઉત્સાહના એ યુગમાં રસિક-

ભાઈએ વ્યાયામ-શૉખ કેળવ્યો, વ્યાયામશાળા ઊભી કરી અને અન્યને પણ એમાં રસ લેતા કર્યા. મલખમના દાવની નિપુણતા બદલ એમને એક રૌપ્ય ચંદ્રક પણ મળેલો. પછી તબીબી કારકિર્દી સર્જવાની આકાંક્ષાથી તેમણે મુંબાઈની ગોરધનદાસ મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં કૉલેજના ડીન ડૉ. જીવરાજ મહેતાને આ વ્યાયામપટુ વિદ્યાર્થી પર મમતા. ઈ. ૧૯૩૮માં એમ. બી. બી. એસ. અને '૪૧માં એમ. એસ. થયા. હવે એમની ઇચ્છા તો એફ. આર. સી. એસ. થવા ઇંગ્લૅન્ડ જવાની હતી, પરંતુ ડૉ. જીવરાજે પરદેશી ડિગ્રીનો મોહ છોડવાની સલાહ આપતાં તેઓ માની ગયા ને ત્યાં જ સર્જન તરીકે સ્થાયી થયા.

આ અરસામાં ભરૂચની સેવાશ્રમ ઑસ્પિટલ માટે ચીફ મેડિકલ ઑફિસરની જરૂર ઊભી થઈ. જેલવાસ દરમિયાન રસિકભાઈને દિનકરરાવ અને ડૉ. ચંદુલાલ સાથે નિકટનો સંબંધ બંધાયો હતો એટલે તેમણે બે વર્ષની બાંહેધરી સ્વીકારીને માત્ર રૂા. ૪૦૦/-ના પગારથી નોકરી સ્વીકારી. એ વખતે માત્ર એક જ દર્દી ઑસ્પિટલમાં હતો!

અહીં તેમણે સેવાપરાયણતા અને કર્તવ્યનિષ્ઠાથી ટૂંક સમયમાં જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી. બે વર્ષ પૂરાં થતાં તેમણે ડૉ. ચંદુભાઈ સમક્ષ છૂટા થવાનો વિચાર વ્યક્ત કર્યો. ચંદુભાઈએ મીઠી ટકોર કરી : 'છેક વિદેશથી ડૉ. કૂક જેવા લોકો નજીવા પગારે અહીં આવીને લોકસેવા કરે છે, ત્યારે તમારા જેવા નિષ્ઠાવાળા માણસો બીજે જાય તે યોગ્ય નથી.' આ વેણની રસિકભાઈ પર ધારી અસર થઈ ને તેઓ રોકાઈ ગયા.

ઑસ્પિટલનું મકાન હવે સાંકડું પડતું હતું. સાધનસંપન્ન મોટી ઈમારતની જરૂર હતી. ડૉ. ચંદુલાલે એ માટે પ્રયત્નો આદર્યા. મુંબાઈ રાજ્યના મંત્રી અને ઑસ્પિટલના ટ્રસ્ટી દિનકરરાવ દેસાઈએ એમાં સાથ પુરાવ્યો ને શેઠશ્રી ભગુભાઈ મફતલાલની ત્રણ લાખ રૂપિયાની સખાવત તથા જનતાનું પાંચ લાખનું ભંડોળ મળીને કુલ આઠ લાખના દાનથી બંધાએલી વિશાળ ઈમારતમાં તા. ૧ માર્ચ ૧૯૫૨ના રોજ ભારતના એ વેળાના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સેવાશ્રમ ઑસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું.

એ દિવસોમાં ફિઝિશિયન, સર્જન, એક્સ-રે લેનાર અને પ્રસૂતિ વિભાગ સંભાળનાર રસિકભાઈ એકલા જ હતા. પાછળથી નવી નિમણૂકો થઈ. વયને કારણે ઈ. ૧૯૬૫માં તેમનો નિવૃત્તિ સમય આવી પહોંચ્યો; પરંતુ ડૉ. ચંદુભાઈ એમને છોડે? ત્રણ વર્ષની મુદત વધારી અપાઈ. ફરી પાછો ૧૯૬૮માં એ જ સવાલ આવી ઊભો. ટ્રસ્ટીઓએ ઠરાવ કર્યો કે 'રસિકભાઈ ઇચ્છે ત્યાં લગી સેવા આપી શકશે. એમને માટે વયમર્યાદાનું કોઈ નિયમન નથી.' આમ, તેઓ સેવાશ્રમના કાર્યક્ષેત્રમાં કાયમ માટે એકાકાર થઈ ગયા. ડૉ. ચંદુલાલ દેસાઈએ તો એક વાર પ્રસન્નતાપૂર્વક ઉદ્ગાર પણ કાઢેલા કે 'જ્યાં સુધી સેવાશ્રમમાં ડૉ. રસિકભાઈ છે ત્યાં સુધી અમારે કાંઈ ચિંતા કરવાની હોય જ નહિ. મારા પછી પણ સેવાશ્રમનું સુકાન તેમના હાથમાં સલામત છે.'

દીનદુ:ખી દર્દીઓની સેવા દ્વારા આ ઑસ્પિટલે ભરૂચ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે, તો અનેક અટપટી શસ્ત્રક્રિયા દ્વારા રસિકભાઇએ હજારો દર્દીઓની પ્રાણરક્ષા કરીને સેવાશ્રમનું ગૌરવ વધાર્યું છે. તેમનું ચિકિત્સાજ્ઞાન ઊંડું છે. એથી તો તેમને ૧૯૫૦માં અમેરિકાની 'ઈન્ટર નૅશનલ કૉલેજ ઑવ સર્જન્સ'ની માનાર્હ ફેલોશિપ મળી છે. તેઓ ૧૯૫૨ થી ૧૯૬૧ લગી ગુજરાત યુનિવર્સિટીના સરકાર નિયુક્ત સેનેટર અને ૧૯૬૨ થી '૭૨ લગી 'ગુજરાત નર્સિંગ કાઉન્સિલ'ના સરકાર નિયુક્ત સભ્ય હતા. આ ઉપરાંત, 'ડૉકટર્સ યૂનિયન'ની વ્યવસ્થાપક સમિતિના સભ્ય 'ઑલ ગુજરાત ડૉકટર્સ એસોસીએશન'ના ઉપપ્રમુખ અને 'ભરૂચ મેડિકલ એસોસીએશન'ના પ્રમુખ તરીકે તેમણે કાર્યસેવા બજાવી છે. ભરૂચની બે શૈક્ષણિક સંસ્થાઓના સંચાલક મંડળના સભ્ય તરીકે પણ તેઓ સક્રિય ફાળો આપી રહ્યા છે. રસિકભાઈએ ધાર્યું હોત તો જીવનની કારકિર્દીની શરૂઆતથી જ મુંબઈ જેવા મોટા શહેરમાં અથવા તો વિદેશમાં સ્થાયી વસવાટ કરીને અઢળક નાણાં ને નામના મેળવી શક્યા હોત; પરંતુ તેમણે સેવાશ્રમના સંચાલન અને વિકાસમાં આત્મસમર્પણ કરીને જનસેવા કર્યે રાખી છે. ગઈ તા. ૧૭-૪-'૭૬ના રોજ શહેર અને જિલ્લાની પ્રજાની હાજરીમાં ઑસ્પિટલના ટ્રસ્ટીઓએ તેમને સમ્માનપત્ર અર્પણ કર્યું. જાહેર જનતા વતીથી તેમને સમ્માનવાનો સમારંભ ટૂંક સમયમાં યોજાનાર છે. અલબત્ત, જનતાના હૃદયમાં તો તેમનું સમ્માન ક્યારનું ય થઈ ચૂક્યું છે. —(પ્રા.) નરોત્તમ વાળંદ

સરગવો

સરગવો ધોળો, કાળો અને રાતો એમ ત્રણ જાતનો થાય છે. ધોળાં ફૂલવાળો સરગવો ઘણું કરીને સર્વત્ર ઊગે છે અને તેની શિંગોનું શાક થાય છે. તેનાં કુમળાં પાનનું અને ફૂલનું પણ શાક થાય છે તેમ જ તેની શિંગોની અને ફૂલની કઢી પણ થાય છે. મુખ્યત્વે કરીને શિંગોનો ચણા-

ના લોટ સાથે થતા શાક તરીકેનો ઉપયોગ વધુ જાણીતો છે. સરગવાની શિંગોના ટુકડા કરી, બાફી, ચણાના લોટ સાથે વઘારીને તેનું જે શાક બનાવાય છે તે ખૂબ જ સ્વાદિષ્ટ, દીપક અને વાતરોગને મટાડનાર છે. તેની શિંગો કઢીમાં નાખવાથી બહુ સારો સ્વાદ આપે છે. વાતવ્યાધિ તથા સોજાવાળા દરદી માટે સરગવાની શિંગોનું શાક પથ્ય છે. વધેલી બરોળ અને કાળજાના રોગોમાં તેના સેવનથી લાભ થાય છે.

સ્વાદભેદથી સરગવો બે જાતનો ગણાય છે: એક મીઠો સરગવો ને બીજો કડવો સરગવો. મીઠો સરગવો ખેતર કે વાડીઓમાં વવાય છે અને શાક માટે વપરાય છે. ખેતર કે વાડીમાં થનાર સરગવાની શિંગો નરમ અને ગુણકારી હોય છે. વગડામાં થનાર એક જાતના સરગવાને વગડાઉ સરગવો કહે છે. વગડાઉ સરગવાની શિંગ વાયડી, ભારે તથા કડવી હોય છે. સરગવાની બંને જાતોમાંથી મીઠા સરગવાનો ઔષધિરૂપે વધારે ઉપયોગ થાય છે. કડવો સરગવો વાતરોગ પર તેમજ બાહ્ય ઉપચારોમાં વધારે ગુણકારી છે. સરગવાની છાલનો લેપ સોજા પર ગુણકારી છે. સરગવાના ઝાડમાંથી ગુંદર વધારે પ્રમાણમાં મળે છે. ગુંદરનો રંગ પહેલાં સફેદ, પછી લાલ અને કાળો થાય છે. તેનો ગુંદર ઝેરી હોય છે. ગુંદર પાણીમાં ઓગળતો નથી. આલ્કોહૉલમાં તે થોડો ઓગળે છે અને થોડો ઈથરમાં ઓગળે છે. થોડો ક્ષારની સાથે શેષ બાકી રહે છે. તેનો ગુંદર કપડાં છાપવાના રંગમાં મેળવાય છે. સરગવાનાં બીમાંથી છત્રીસથી ચાળીસ ટકા તેલ નીકળે છે. એ તેલ ખૂબ પાતળું, સ્વચ્છ તથા કીમતી છે અને ઘડિયાળો સાફ કરવામાં તેમજ સુગંધી તેલ બનાવવામાં વપરાય છે.

સરગવો તીખો, પાકમાં પણ તીખો, તીક્ષ્ણ, ગરમ, મધુર, હલકો, અગ્નિને પ્રદીપ્ત કરનાર, રુચિ ઉત્પન્ન કરનાર, રુક્ષ, ખારો, કડવો, દાહ કરનાર, ઝાડાને રોકનાર, વીર્યને વધારનાર, હૃદયને અનુકૂળ, પિત્ત તથા લોહીનો પ્રકોપ કરનાર, નેત્રને હિતકારી છે. એ કફ, વાયુ, અંદરનું ગૂમડ, સોજો, કૃમિમેદ, ગળાની ગાંઠ, વિષ, બરોળ, ગોળો, ગંડમાળ અને વ્રણને મટાડનાર છે. ધોળો સરગવો પણ ઉપર્યુક્ત ગુણવાળો છે, પરંતુ વિશેષે કરી તે દાહ કરે છે અને બરોળ, વિદ્રધિ, વાત, પિત્ત તથા લોહીના બગાડને મટાડનાર છે. રાતો સરગવો પણ એ જ ગુણોવાળો છે અને વિશેષે કરી અગ્નિને પ્રદીપ્ત કરનાર તથા સારક છે. સરગવાની શિંગો સ્વાદવાળી, તૂરી, કફ અને પિત્તને મટાડનાર તથા અગ્નિને બહુ જ પ્રદીપ્ત કરનાર છે. શિંગો પણ શૂળ, કોઢ, ક્ષય, શ્વાસ અને ગોળાને મટાડનાર છે. સરગવાનાં ફૂલ તીખાં, ગરમ, તીક્ષ્ણ, ચક્ષુષ્ય, રક્તપ્રસાદક તથા ગ્રાહી છે. એ સ્નાયુશોથ, કૃમિ, કફ, વાયુ, વિદ્રધિ, બરોળ અને ગોળાનો નાશ કરે છે. વાતરોગીઓ માટે તેનું શાક અતિ હિતકારી છે. (નિરામય)

—માધવ મો. ચૌધરી

ધરતીની આરતી

સ્વામી આનંદનો લેખસંગ્રહ

ઝવેરચંદ મેઘાણીની ૭૫મી જયંતી નિમિત્તે ૧૯૭૨માં 'કસુંબીનો રંગ' નામના પુસ્તક-સંપુટથી લોકમિલાપ કાર્યાલય તરફથી શરૂ થએલી પ્રકાશનશ્રેણી ઈ. ૧૯૭૩માં 'આપણો સાહિત્ય-વારસો' નામથી ચાલુ રહીને તેમાં વિવિધ લેખકોનાં પાંચ-પાંચ મશહૂર પુસ્તકોનો સંપુટ આગોતરા ગ્રાહકોને ચાલુ બજારભાવ કરતાં ત્રીજા-ચોથા ભાગની કિંમતે

પરદેશનાં પત્રમિત્રો

(1) Mr. Kazim Al-Bader, Wafra Post Master, Wafra-Kuwait-(Age 27), stamps. (2) Wieslaw Wandowski, 85-866 Bydgoszcz, Nalkowskiej 12/34, Poland—pop music, postcards, records. (3) Henryk Tikalowicz, Skrytka Poctown 16, 87-102 Torun 4—view-cards, flowers. (4) Mr. Buenaventura, Antipotra, Rural Bank of Bayugan Inc., Bayugan, Agusan. del Sur. 8102, Philipines—stamp. (5) Mr. Rolf Schrader, 2114 Hollenstedt, Ochtmannsbruch SDL, 10, West Germany—age 21, matchbox labels, medals. (6) Mr. Sandip Malde, P. O. Box 181, Thika, Kenya (East Africa)—(age 16), stamps, cycling reading, swimming. (7) Mr. Sanjay Haria, P. O. Box 359, Thika, Kenya (East Africa)—(age 16), Stamps, music, key-chains.

ગણિતગમ્મત

આ નવ ખાનાંના અંકચોરસમાં મૂકેલી નવ જુદીજુદી સંખ્યાઓની ઊભી-આડી કે તીરકસ હારનો સરવાળો ૧૨૫થી ૧,૭૨૮ સુધીની ક્રમિક ઘનસંખ્યા થાય છે. આમાં કેન્દ્રના ખાનાની સંખ્યા (૧૫૩ છે) તેમજ બાકીનાં ખાનાંની સંખ્યાના ફેરફારના ૪,૮૫૪ વિકલ્પો થાય છે. વળી, મધ્યવતી સંખ્યા ૧૫૩ પણ એના દરેક આંકડાના ઘનના સરવાળા બરાબર જ છે. (૧^3+૫^3+૩^3=૧+૧૨૫+૨૭=૧૫૩) —કિશોર ગોરધનદાસ

૫	૭	૧૧૩	→ ૧૨૫ = ૫^3
૧૭૪	(૧૫૩)	૧૦૪૪	→ ૧૩૩૧ = ૧૧^3
૭૩	૩૫૨	૫૭૧	→ ૧૦૦૦ = ૧૦^3
↓ ૨૧૬ = ૬^3	↓ ૫૧૨ = ૮^3	↓ ૧૭૨૮ = ૧૨^3	

↗ ૩૪૩ = ૭^3 ↘ ૭૨૯ = ૯^3


દર વરસે મળવા લાગ્યો છે. એ જ રીતે ૧૯૭૫માં મેઘાણી ગ્રંથાવલી, ૧૯૭૬માં પચરંગી ચિત્રકથાઓનો પહેલો સંપુટ 'શિશુમિલન' ને ૧૯૭૭માં ફાધર વાલેસનાં પચીસેક પુસ્તકોમાંથી વીણેલા લેખોનો સંગ્રહ 'સમાજ ઘડતર' રજૂ થયાં છે.

લોકમિલાપની આ પ્રકાશન-યોજનામાં હવે રજૂ થાય છે સ્વામી આનંદનાં ચૂંટેલાં લખાણોનો સંચય 'ધરતીની આરતી'. લેખકનાં પંદરેક પુસ્તકોમાંથી વીણેલાં લખાણોનો લગભગ ૫૦૦ પાનાંનો આ સંગ્રહ ૧૯૭૭ના સ્વાતંત્ર્ય-દિને, તા. ૧૫ ઑગસ્ટે, બહાર પડશે અને તેની કિંમત રૂ. ૧૨ હશે. પણ તા. ૧૫-૫-૭૭ સુધીમાં દસ અથવા વધુ નકલની વરધી રૂ. ૮ લેખે નોંધાવી શકાશે. આવા આગોતરા ગ્રાહકો પાસેથી રકમ ઉઘરાવનાર સંયોજક વ્યવસ્થા-ખર્ચનો નકલ દીઠ એક રૂપિયો કાપી લઇને બાકીની રકમ લોકમિલાપ ટ્રસ્ટને ચેક, ડ્રાફ્ટ કે મનીઑર્ડરથી પહોંચાડી શકે. આગોતરી વરધી મોકલવાનું સરનામું: લોકમિલાપ ટ્રસ્ટ પોસ્ટ બૉક્સ ૨૩, (સરદારનગર) ભાવનગર, ૩૬૪-૦૦૧.

અનુવાદકો માટે વિજ્ઞપ્તિ

'ભાષાન્તર નિધિ' જુદી જુદી ભાષાઓના શિષ્ટ ગ્રંથોના ગુજરાતીમાં અનુવાદ કરાવી પ્રસિદ્ધ કરવાનું કામ કરે છે. નિધિએ અત્યાર સુધીમાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તત્ત્વચિંતન, શિક્ષણ જેવા અનેકવિધ વિષયો ઉપરના તેમજ જીવનચરિત્રો અને દેશવિદેશની ટૂંકી વાર્તાઓના ગ્રંથોના અનુવાદ પ્રસિદ્ધ કર્યા છે. આ પ્રવૃત્તિને વિશેષ વેગ આપી શકાય તે માટે નિધિએ અનુવાદકોની એક યાદી તૈયાર કરવાનું વિચાર્યું છે. જેમને આ કામમાં રસ હોય તેમણે ૧૦×૨૨ સે. મી.નું જવાબી પરબિડિયું 'ભાષાન્તર નિધિ, બળવંત ભવન, ભાવનગર' એ સરનામે મોકલી નિયત ફોર્મ મંગાવી લેવા સંસ્થાએ જાહેર વિનંતી કરી છે.

માસમાસના આકાશમાં: માર્ચ-એપ્રિલ



મૃગ, શ્વાન, શુની ને મૃગયાશુન, કાલિય ને વાસુકિ, સિંહ ને સિંહિકા, બિડાલ, જિરાફ, કપોત. એકશૃંગ અને ખગોળના સર્વસ્વીકૃત શાસ્ત્રીય અભિધાન પ્રમાણે નાનું ને મોટું રીંછ (ધ્રુવમત્સ્ય અને સપ્તર્ષિ) વગેરે તારામંડળોનાં નામ જોતાં હાલના, એટલે કે માર્ચના ઉત્તરાર્ધ અને એપ્રિલના પૂર્વાર્ધમાં મોડી રાત સુધી દેખાતા આકાશમાં જાણે કે જાતજાતનાં પ્રાણીઓ જ એકઠાં થઈ ગયાં છે. સાંજના શુક્ર, અને મોડે સુધી દેખાતા ગુરુ અને શનિ ગ્રહ ઉપરાંત, રોહિણી, બ્રહ્મહૃદય, પુરુષ, આર્દ્રા, બાણરજ, વ્યાધ, પ્રભાસ, અગસ્ત્ય, ને મઘા જેવા તારાઓની તેજસ્વિતા ઓછી હોય તેમ પૂર્વમાંથી સ્વાતિ અને ચિત્રા એમાં ભળવા આવી રહ્યાં છે. આ બધાંની વચ્ચે હજી યે મૃગમંડળનું ભવ્ય સૌંદર્ય પ્રેક્ષણીય રહ્યું છે. બીજી અનેક રીતે પણ એ વિશિષ્ટ છે. એના મુખ્ય તારાઓમાંનો એક આર્દ્રા કદમાં મહાન છે તો બાણરજ અત્યંત તેજસ્વી યુગ્મ તારો છે. આ યુગ્મ (જોડિયા)માંનો બીજો તારો છે તો ઝાંખો, પણ એ પોતે યે પાછો યુગ્મતારો જ છે. મૃગશીર્ષના ત્રણમાંનો વધુ તેજસ્વી તારો અને બાણના ત્રણમાંથી બંને પડખાના તારાઓ પણ જોડિયા તારાઓ છે. અરે, સમગ્ર મૃગમંડળમાં સિત્તેર જેટલા તારાયુગ્મ છે. ધ્રુવતારક, વ્યાધ, પુરુષ, સપ્તર્ષિમાં વસિષ્ઠ પોતે ને મૃગયાશુન પણ યુગ્મ તારા જ છે. દેખાય એક, પણ વાસ્તવમાં એક સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ ફરતા બે તારાને યુગ્મ-તારા કહે છે. સમગ્ર આકાશમાં પાંચમા ભાગના તારા આવા યુગ્મ જ છે. સિંહ તારામંડળમાં મઘા તો ત્રણ તારનો બનેલો છે તો મિથુનમાં પ્રકૃતિ છ તારાનું જૂથ છે. —બિ. ટાં.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં

તા. ૩/૧૮૪૭ ટેલિફોનના શોધક ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલનો જન્મ. પોતાની એ જગતખ્યાત શોધનું પેટન્ટ પણ એને આ જ માસમાં ઈ. ૧૮૭૩માં મેળવ્યું હતું.

તા. ૧૯/૧૯૫૨ એશિયાભરમાં બેજોડ ભારતની નવી ટંકશાળનું કલકત્તામાં ઉદ્‌ઘાટન થયું.

તા. ૨૪/૧૮૬૭ પોતાની બહુવિધ લેખન પ્રવૃત્તિથી વિખ્યાત મેજર વામનદાસ (બી. ડી.) બસુનો લાહોરમાં જન્મ. લાહોરની મેડિકલ કૉલેજમાં પ્રસૂતિવિદ્યામાં નાપાસ થતાં મોટા ભાઈની પ્રેરણાથી ઇંગ્લૅન્ડ જઈ ત્યાં દાક્તરી વિદ્યા સાથે આઈ. સી. એસ.ની પરીક્ષા પણ પાસ કરીને 'કિંગ્સ-કમિશન' મેળવી મુંબાઈ ઈલાકાના મેડિકલ ખાતામાં નિમણુક મેળવી. પણ એમની નોકરીનો મોટો ભાગ સુદાનની લડાઈનાં રણક્ષેત્રમાં જ વીત્યો. ૧૯૦૭માં નોકરીમાંથી નિવૃત્ત થઈ તેઓ અલાહાબાદ જઈ રહ્યા. માતૃભાષા બંગાળી ઉપરાંત, અરબી, ફારસી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, સિંધી, પંજાબી, કાશ્મીરી, પુસ્તુ, નેપાળી, ગુજરાતી ને મરાઠી ભાષા તેઓ જાણતા હતા. સ્વભાવે નીડર, સ્પષ્ટવક્તા ને સ્વદેશાભિમાની હતા. ઇતિહાસ, વૈદક, વનસ્પતિ-વિદ્યા આરોગ્ય, અર્થશાસ્ત્ર, ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને કળાના તેઓ મર્મગ્રાહી અભ્યાસી હતા. એમનાં પ્રકાશનોમાં 'સિદ્ધાંત કૌમુદી'નું ભાષાન્તર, અપુષ્પ વનસ્પતિ, હિંદના ઔષધીય છોડ, હિંદમાં ખ્રિસ્તી સત્તાનો ઉગમ અને એની જમાવટ વગેરે વિષયક મોંઘી ગ્રંથમાળાઓ ઉપરાંત હિંદી હાથવણાટના સાતસો નમૂનાના સંગ્રહવાળા ૧૮ ગ્રંથો મુખ્ય છે. ઈ. ૧૯૩૦ના સપ્ટેમ્બરમાં એમનું અવસાન થયું.

તા. ૨૯/૧૮૫૭ ચરબીવાળા કારતૂસો ન સ્વીકારવાની નાફરમાની માટે બરાકપુરની ૩૪ નંબરની પલટનને વિખેરી નાખવા બોલાવાઈ ત્યારે એના એક સિપાઈ મંગળ પાંડેએ સાર્જન્ટ મેજર હ્યૂમ પર ગોળી છોડી અને લેફ્. બધને તલવારથી પૂરો કર્યો. અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવા માટેના બળવાની ગુપ્ત યોજનાના અકાળ અમલનો એ પ્રથમ ધડાકો હતો.

૩૧/૧૯૨૧ મંગોલીઅન પીપલ્સ રીપબ્લિકની જાહેરાત. સોવિયેત સંઘ અને ચીનની વચ્ચેનો આ ૬,૦૪,૨૪૭ ચો. મા.નો વિશાળ દેશ એક કાળે અત્યંત શક્તિશાળી હતો. અહીંના મંગોલ લોકોના વારંવારના આક્રમણો સામે રક્ષણ માટે જ ચીનને એની ૧૫૦૦ માઈલ લાંબી જગવિખ્યાત દીવાલ બાંધવી પડી હતી. માર્કોપોલો જ્યારે ચીન ગએલો ત્યારે ત્યાં રાજ કરતો કુબલાઈખાન અને છેક યુરોપ સુધી પોતાની ધાક બેસાડનાર ચંગીઝખાન મંગોલ જ હતા. આગળ જતાં ઉત્તરનું બુર્યાત મંગોલ રશિયાના વર્ચસ્વમાં, ખાલ્કન અને ઓરિયાતના પ્રદેશવાળું આઉટર મંગોલિયા ચીનના મંચુ રાજ્યના કબજામાં અને દક્ષિણનું ઈનર મંગોલિયા પેકિંગના તાબામાં ગયું. ઈ. ૧૯૧૧માં મંચુ રાજ્ય ઊખડી જતાં આઉટર મંગોલિયા સ્વાયત્ત બન્યું, પણ એના ઝારનું ઘણું વર્ચસ્વ હતું. રશિયન ક્રાંતિ અને ચીનની અરાજકતાના સમય પછી રશિયાના ટેકાથી ત્યાં બળવો ને મંગોલિયા સ્વતંત્ર પ્રજાસત્તાક બન્યું. જો કે એના પર રશિયાનો ઊંડો પ્રભાવ છે.

સમુદ્રની સપાટીથી ત્રણથી ચાર હજાર ફૂટ જેટલી ઊંચાઈવાળો જંગલોથી છવાએલો ઉત્તરનો પહાડી પ્રદેશ દક્ષિણ તરફ ધીરે ધીરે ઢળતો જઈને ઘાસનાં મેદાનોમાં પરિણમી આગળ જતાં ગોબીના રણપ્રદેશમાં ફેરવાઈ જાય છે. જો કે એનો આ સપાટ પ્રદેશ પણ સમુદ્રની સપાટીથી કેટલાક ભાગમાં તો એકાદ માઈલ જેટલો ઊંચો છે એટલે ઉનાળામાં દિવસના સખત તાપ પછી યે ત્યાંની રાત ઘણી ઠંડી રહે છે, તો શિયાળામાં કાતીલ ઠંડી પડે છે. સેલેંગા, ઓર્ખોન અને કેરુલેન એ અહીંની ત્રણ મુખ્ય નદી. રાજધાની ઉલાન-બેટર (ઉર્ગા) અને સેલેંગાના તટ પ્રદેશ સિવાયના બાકીના મોટા ભાગની પ્રજા પોતાનાં ઘેટાં ને ઢોર તથા ઊંટઘોડા સાથે ભટકતી રહે છે ને તંબૂમાં વસે છે. હવે તો અહીં ઘણો વિકાસ થયો હોઈ પાકી સડકો, રેલમાર્ગ, ચામડાના ઉદ્યોગ માટેનાં કારખાનાં વગેરે વધી રહ્યાં છે. આટલા વિશાળ દેશની વસતિ ૧૯૭૦ના આંકડા પ્રમાણે ૧૩ લાખની જ છે, જેમાં લગભગ ૯૦ ટકા મંગોલ, છ ટકા તુર્ક ને બાકીની બીજી જાતો છે. મુખ્ય ધર્મ, તિબેટન બૌદ્ધ, મંગોલિયન મુખ્ય ભાષા. ચામડાની ચીજો, ઊન અને ગરમ કાપડ તથા ઈમારતી પદાર્થો એ એના મુખ્ય ઉદ્યોગો, ઘઉં મુખ્ય ખેતપેદાશ; કોલસો, તેલ, સોનું મુખ્ય ખનિજ. પ્રજા ઘણી ખડતલ અને ૮૦ ટકા ભણેલી. એક ટી.વી. સ્ટેશન ઉપરાંત, કુલ વીસેક હજારનો ફેલાવો ધરાવતાં ત્રણેક અખબારો પ્રકટ થાય છે.



એક પત્રમાં દારૂના નુકસાન તથા દારૂડિયાઓની નિંદા કરતો લેખ છપાયો. એથી દારૂડિયાઓ ભભૂકી ઊઠયા. ને એકને તો એટલો ગુસ્સો ચડયો કે તંત્રીને સીધા કરવા પહોંચ્યો એમની ઑફિસે. દુબળા પાતળા તંત્રી એને જોઈને જ હેબતાઈ ગયા. પેલાએ પૂછ્યું : 'ક્યાં ગયો તંત્રીનો બચ્ચો?'

'આપ બેસો, હમણાં આવે છે.' કહી તંત્રી હળવેથી સરકીને બહાર નીકળ્યા ત્યાં સામેથી એક ડંડાધારી દારૂડિયો આવતો હતો. તેણે પૂછ્યું : 'ક્યાં છે તંત્રી?' તેને 'જાઓ અંદર, ઑફિસમાં જ બેઠા છે.' કહી તંત્રી બહાર નીકળી ગયા.

~

એક સ્ત્રી બેકરીમાં કેક ખરીદવા ગઈ. માલિક ક્યાંક બહાર ગયો હોઈ તેનો નાનો છોકરો થડા પર બેઠો હતો. સ્ત્રીએ હસીને છોકરાને પૂછ્યું : 'આટલી સરસ કેક–પૅસ્ટ્રી તારી સામે પડી છે, તે તને ખાવાનું મન નથી થતું?'

'ના જી; એ તો ચોરી કહેવાય. હું તો ફક્ત ચાટી લઉં છું.'

~

મૃત્યુ બાદ એક મારવાડીને દેવદૂતે કહ્યું : 'અહીં જમણી બાજુ સ્વર્ગ છે, ને ડાબી બાજુ નર્ક. તારે જ્યાં જવું હોય ત્યાં લઈ જાઉં.'

મારવાડીએ કહ્યું : 'મને તો આ સ્વર્ગ ને નર્કના બે દરવાજાની વચ્ચેની નાની જગ્યા આપો. ત્યાં હું મારી હાટડી માંડીને બંને બાજુના ગ્રાહકોને સંતોષ આપીશ.'



(જનસત્તામાં 'શિવ')

સાચને પડખે રહીને ઝૂઝતાં, આપણે પળવાર પણ ખસવું નથી,
સંકટો! દુઃખો! પધારો સ્વાગતમ્! લેશ પણ આ માર્ગથી ચસવું નથી.

— મકરન્દ દવે

હજરત ઉમરે ખલીફા બનતાં પહેલું કામ અરબસ્તાનમાંથી ગુનાખોરી નાબૂદ કરી પ્રજાનું ચારિત્ર્ય ઊંચું લાવવાનું કર્યું. બીજા ગુના તો નાબૂદ થયા, પણ શરાબખોરી ગઈ નહિ; તેથી તેમણે અતિ સખત હાથે કામ લેવા માંડ્યું. આથી તેમના દુશ્મન બનેલા શરાબખોરોએ ખુદ એના શાહજાદાને જ ભોળવી, શરાબ પાઈ રસ્તા પર મૂકી દીધો—એમ ધારીને કે ખલીફા આથી પોતાની સખ્તાઈ હળવી કરશે.

પરંતુ ખલીફાએ તો, આ શરાબીઓનું કારસ્તાન હોવાનું જાણવા છતાં, નશામાં પકડાએલા પોતાના પુત્રને પચાસ ફટકાની સજા ફરમાવી. પચીસમે ફટકે તો શાહજાદો ઢળી પડી મૃત્યુ પામ્યો અને તેને દફનાવવામાં આવ્યો. ત્યાં ખલીફાએ કહ્યું: 'હજી મારા હુકમનો પૂરો અમલ નથી થયો. બાકીના પચીસ ફટકા તેની કબર પર લગાવવામાં આવે.'—અને તેમ કરવામાં આવ્યું.

કહેવત : 'લીધાં લાડ ને ખાધાં ખાજાં.' (ફરીફરીને આવે નહિ)–હાથમાં આવેલી તક ભોગવી લેવી, મળ્યું સુખ માણી લેવું. એ પ્રખ્યાત આ કહેવતને મળતી બીજી ઉક્તિ : 'આજનો લહાવો લીજીએ જી, કાલ કોણે દીઠી છે.'

અનેકાર્થી શબ્દ : **વેણુ** = વચન; કપાસનો છોડ—વણી; પ્રસવની પીડા–વીણ; વાંસને મળતી એક જાતની વનસ્પતિ; કાવ્યમાં એક વર્ણાલંકાર; સંગીતમાં એક આરોહી અલંકાર, પિંગળમાં એક છંદ; સુતારનું વેહ પાડવાનું ઓજાર; એક જાતનું તીર.

ગણિત-ગમ્મત

ગમે તેટલા અંકવાળી સંખ્યા લો. તે જ અંકોને આડાઅવળા ગોઠવી બીજી સંખ્યા બનાવો. એ બંનેની બાદબાકી કરતાં, બાદબાકીનો સરવાળો ૯થી ભગાય તેવો જ હશે. દા. ત.

	૧૦૦૪	૩૪૫૬૭૮
	૦૦૧૪	૮૩૭૬૫૪
(નારાયણ મ. દેસાઈ)	૯૯૦	૪૯૧૯૭૬

ત્રાંબાના વાસણમાં ખાટી છાશ નાખવાથી થતા કાટ (જંગાલ)માં થોડુ મોરથૂથુ તથા મરી નાખી ખૂબ લસોટીને કાલવીને લગાડવાથી ખરજવું મટે. આ મિશ્રણને વધુ જલદ બનાવવું હોય તો કંસારાને ત્યાંથી ત્રાંબાના કાટની ભૂકી લાવીને અંદર ઉમેરવી. આ બધું નાળિયેરની કાચલીમાં કાઢી રાખીને પછી લગાડવું.
૧૦૩ ('કુમાર' અંક ૬૩૯)



પુખ્ત વયના માનવીની ખોપરીનું ક્ષેત્રફળ સરેરાશ લગભગ ૧૨૦ ચોરસ ઇંચ જેટલું હોય છે. આ ખોપરી પર ૭૦ વર્ષમાં ૧૫ રતલ જેટલા વાળ ઊગે છે. આટલા વાળમાંથી તો એક મધ્યમ કદની સાદડી બની શકે!



ટિકિટકથા : સેન્ટ હેલિનાએ ઈ. ૧૯૩૩માં પોતાને પડેલી ખોટ પૂરવા માટે કેટલીક વધારાની જૂની ટિકિટો સંગ્રાહકોમાં વેચી. ખોટ તો ભરાઈ ગઈ, ઉપરથી ૨૫,૨૮૫ પાઉન્ડ વધારાના મળ્યા. એ ટિકિટોમાં અર્ધા પેન્સથી માંડી એક પાઉન્ડ સુધીની કિંમતની ૨૧ ટિકિટોની એક શ્રેણીમાંની આ ટિકિટ છે. નજીક દરિયામાં 'ઈસ્ટ ઇન્ડિયામૅન' જહાજ ઊભેલું બતાવ્યું છે. મૂળ એક પા.ની ટિકિટનું આજે સાઠ પા. જેટલું મૂલ્ય અંકાય છે.

અ ધ ધ ધ!—દર વર્ષે દુનિયામાં ચાર કરોડ ઍંશી લાખ ટન ચોખા ઊંદરો ખાઈ જાય છે. આ ચોખાનો બચાવ થાય તો સો કરોડ માણસોને ત્રણ માસ સુધી ચોખા પૂરા પાડી શકાય.

ભવિષ્ય

ગરીબ માણસને માટે 'ભવિષ્ય'નો ખ્યાલ આનંદપ્રેરક હોય છે કે કો'ક દિવસ ગણ આમણે પૈસાદાર થઈશું; જ્યારે શ્રીમંતને ભાવિનો વિચાર હમેશાં ચિંતાથી બાળતો જ રહે છે, કે રખેને ભવિષ્યમાં હું ગરીબ બની જાઉં!

લોકોક્તિમાં ત્રણના સમૂહ

(૧) ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય—એ ત્રણ જગતના ખેલ. (૨) શીંગ, ડૂંડાં ને પોપટા—એ ત્રણ જાતનાં અનાજ (અનાજ ત્રણ રીતે ઊગે: કાં તો શીંગથી–જેમકે મગ; ચાડૂંડાંમાં—જુવાર, બાજરી, ઘઉં, મકાઈની જેમ; અથવા પોપટામાં—જેમકે ચણા). (૩) ઘા, વા ને ઘસરકો એ ત્રણ જાતનાં વાજાં (ઘા મારવાથી—ઢોલક વગેરે; ફૂંકથી–વાંસળી વગેરે; ઘસરકાથી—સારંગી વગેરે. એ જ રીતે (૪) ધાર, અણી અને ધુબાકો–એ ત્રણ જાતનાં હથિયાર; (૫) ફરતું, ચરતું ને તરતું-એ ત્રણ પ્રકારનાં વાહન, (જોકે આ યુગમાં હવે ઘણાં નવાં ઉમેરાયાં છે.) (૬) લાંચ, ભાડું ને દક્ષિણા-એ ત્રણનો ઉધારો નહિ; (૭) જમીન, જોરુ ને જર-એ ત્રણ કજિયાનાં ઘર.

મોડી રાત સુધી રેડિયો વગાડવગાડ કરીને પજવતા પડોશીઓ ઉપર વેર વાળવાનો એક અચ્છો નુસખો છે. સવારે ચાર વાગ્યે તેને ટેલિફોન કરીને ઉઠાડીને કહેવું કે તમારો રેડિયો સાંભળીને બહુ મઝા આવેલી. તેનો આભાર માનીએ છીએ.



કલાકણિકા : કૉલંબિયાનું ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ૫૦૦ના ગાળાનું કંઠસાંકળીનું સોનાનું લટકણિયું (પેન્ડન્ટ). આજની ઝાંયરિયા ફૅશનમાં પણ ચાલે એવી સદીઓ જૂની લોકકલ્પના.

અનિલ-લહરી — રતિલાલ 'અનિલ'

મહિનાની છેલ્લી તારીખે માણસ જ સિલિકે રહે છે.
પૈસા ઉગાડવામાં માખણનું ખાતર સૌથી સારુ પરિણામ લાવે છે.